શા. જગજીવનદાસ [illegible] સ્મર્ણાર્થે તેમના પિતાશ્રી
જમન[illegible] તરફથી ભેટ.

# જૈન ધર્મની પ્રાચીન
## અને
# અર્વાચીન સ્થિતિ.

લેખક,
યોગનિષ્ઠ મુનિમહારાજ શ્રીમદ્ બુદ્ધિસાગરજી.

પ્રગટ કર્તા,
શંકરલાલ ડાહ્યાભાઈ કાપડીઆ.
સુપ્રીન્ટેન્ડેન્ટ શ્રી જૈન શ્વેતાંબર મૂ. પૂ. બોર્ડીંગ-અમદાવાદ.

મૂલ્ય રૂ. ૦-૨-૦.

શ્રીમદ્ બુદ્ધિસાગરજી ગ્રંથમાળા ગ્રન્થાંક ૨૯

# જૈન ધર્મની પ્રાચીન અને અર્વાચીન સ્થિતિ.

લેખક,
યોગનિષ્ઠ મુનિ મહારાજ શ્રીમદ્ બુદ્ધિસાગરજી.

પ્રગટ કર્ત્તા,
શંકરલાલ ડાહ્યાભાઈ કાપડીયા,
સુપ્રીન્ટેન્ડન્ટ શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક બોર્ડીંગ,
અમદાવાદ.

આવૃતિ બીજી પ્રત ૧૦૦૦.

સંવત ૧૯૭૦. સને ૧૯૧૩.

અમદાવાદ.
ધી ડાયમંડ જ્યુબિલી પ્રિન્ટીંગ પ્રેસમાં
પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું.

મૂલ્ય રૂ. ૦-૨-૦



શેઠ જમનાદાસ જેઠાભાઇ.

ઝીકાભટની પોળ, અમદાવાદ.

bay Art Printing Works, Fort.

# શેઠ જમનાદાસ જેઠાભાઈ

**શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક બોર્ડીંગને સદાના ઉપયોગને માટે રૂ. ૧૫૦૦૦ ના મકાનની ઉદાર સખાવત કરનાર.**

આ શેઠનો જન્મ સંવત ૧૮૯૮ ની સાલમાં શા. જેઠાભાઇ જેચંદને ત્યાં થયો હતો. તેમને એક ભાઇ મગુભાઇ ઉર્ફે રણછોડભાઇ તથા એક બ્હેન નામે પરસન છે જેઓ હાલ હયાત છે. શેઠને અત્યાર સુધીમાં ત્રણ સ્ત્રીઓ થઇ તેમાંની કોઇ હયાત નથી તથા સંતતિમાં ત્રણ દિકરા અને એક દિકરી, તેમાંથી મોટા બે દિકરા નામે જગજીવન તથા કાલીદાસ અનુક્રમે ચૌદ અને બાર વર્ષની ઉમ્મરે દેવલોક પામ્યા હતા, ને એક દિકરો નામે ચંદુલાલ તથા એક દિકરી નામે ચંપા હાલ હયાત છે. ચંદુલાલની ઉમ્મર આશરે વર્ષ નવની છે. શેઠના પિતાની સ્થિતિ સાધારણ હતી ને તેઓ અફીણનો ધંધો કરતા હતા. શેઠ જમનાદાસ પણ પહેલાં પિતાની સાથે અફીણના ધંધામાં ૨૦ વર્ષની ઉમ્મરે જોડાયા હતા ને તે ધંધામાં તેઓ પોતાની બુદ્ધિ અને હોંશિયારીથી ઘણા આગળ વધ્યા હતા ને ઘણાજ વેપાર કુશલ થયા હતા. આ પછી તેમણે સંવત ૧૯૨૨ ની સાલમાં શા. રણછોડદાસ જમનાદાસના નામની પેઢી ઉઘાડી જે હાલ હીરાલાલ રણછોડના નામથી ચાલે છે.

આ શેઠે પાલીતાણા, ગીરનાર, સમેતશીખર તથા પંચતીર્થ વિગેરે સ્થળોની ઘણી વખત યાત્રા કરી છે. જે જે સ્થળે તેઓ યાત્રા કરવા જતા ત્યાં ઘણા ગરીબોને પૈસા, અનાજ, કપડાં વિગેરે આપતા તથા કેળવણીનાં ખાતાંને મદદ કરતા. આ શેઠની દયાની તીવ્રતા ઘણીજ છે. આ શેઠે બોર્ડીંગને રૂપીઆ પંદર હજાર (રૂ. ૧૫૦૦૦) ના મકાનની ઉદાર સખાવત કરી છે. તદુપરાંત તેઓએ રૂ. ૨૦૦૦૦ આશરે ચકલાંઓને દાણા નાખવામાં, ગરીબોને સહાય આપવામાં વિદ્યાર્થીઓને સ્કોલરશીપો વિગેરે આપવામાં ખર્ચેલા છે. એક

વખત આખા શહેરના ભિખારીઓને ૮૦ મણનો શીરો કરી જમાડયા હતા. હાલ પણ તેઓ ઘણી વખત શહેરમાં રખડતાં લુલાં, લંગડાં, આંધળાં તથા અશક્ત ગરીબ લોકોને એકઠા કરી લાડવા, કપડાં, અનાજ વિગેરે વહેંચે છે. ખરેખર આવા ખૂણે ખોચરે ભરાઇ રહેલા નીરાધાર મનુષ્યોને ગુપ્ત દાન દેનારા વીરરત્નો થોડાજ હશે.

આપણે અત્યારે જૈનોમાં જે પૈસા ખરચાતા જોઇએ છીએ અને સખાવતો જોઇએ છીએ તેના કરતાં આ શેઠની સખાવતો જુદાજ પ્રકારની અને હાલનો જમાનો જોતાં અમૂલ્ય માલમ પડશે. તેઓએ વૈષ્ણવ બોર્ડીંગને રૂા. ૮૦૦ ની મદદ કરી હતી. તેમજ વળી હમણાં લગભગ બે વરસ થયાં રૂ. ૧૫૦૦૦) ની રકમ સારા માર્ગે વાપરવા કાઢેલી છે જેમાંથી હાલ **શા. જગજીવન જમનાદાસ જેઠાભાઇ પ્રજાહિતાર્થ દવાખાનું** એ નામનું દવાખાનું રતનપોળમાં ખોલ્યું છે. આ દવાખાનાનો લાભ દરેક માણસ લઇ શકે છે.

એ રીતે આ શેઠ પોતાની જીંદગીમાં લગભગ રૂ. ૫૦૦૦૦ ની સખાવત કરી છે. ધનવાનો હજારો રૂપિયાની સખાવત કરે એ સ્વાભાવિક છે પણ લાખ રૂપિયાની પુંજીમાંથી પચાસહજાર સારા માર્ગે ખર્ચનાર તો આવા વીરલા કોઇકજ હશે. ધન્ય છે આવા નરરત્નોને!

આ શેઠને સખાવતના કામમાં દરેક રીતે તેમના લઘુ બંધુ મગુભાઇ ઉર્ફે રણછોડભાઇ સન્મતિ આપે છે, બોર્ડીંગને મકાન અપાવવાના તથા દવાખાનું કઢાવવાના કામમાં શેઠ મગુભાઇએ તેમના ભાઇને સારી મદદ કરી છે. છેવટ શેઠ જમનાભાઇ તથા મગુભાઇના કુટુંબની દરેક રીતે વૃદ્ધિ થઇ તેઓ સુખ શાંતિ અને વૈભવમાં આબાદ થાઓ અને તેમને હાથે આવાં ઘણાં સુકૃત કાર્યો થાઓ એવું ખરા અંતઃકરણથી ઇચ્છું છું.

શેઠ જમનાદાસે આ પુસ્તકની દ્વીતીયાવૃત્તિ છપાવવામાં જે સહાયતા આપી છે તેને માટે તેમનો આ સ્થળે આભાર માનું છું.

**પ્રગટકર્ત્તા.**

# પ્રસ્તાવના.

આર્યાવર્તમાં ઇંગ્લીશ સરકારના ન્યાયપ્રિય શાન્ત રાજ્યની શાસનથી જૈનોને શાંતિનો શ્વાસ લેવાનો સમય પ્રાપ્ત થયો છે અને જૈન ધર્મની આરાધનામાં અનુકુલ સાધનો પ્રાપ્ત થયાં છે. આજ કારણથી રાજા એ પણ ધર્મની આરાધનામાં શાન્તિ પ્રચારક હોવાથી મોટી શાન્તિમાં "श्रीराजाधिमानांशान्तिर्भवतु" એ મંત્ર વડે જૈન ચતુર્વિધ સંઘ, પાક્ષીક પ્રતિક્રમણાદિ પ્રસંગે રાજાને શાંતિ થાઓ એમ ઉપરનો મંત્ર બોલીને દર્શાવે છે. ઈંગ્લીશ સરકારના રાજ્ય પ્રતાપે જૈનોને ધર્મનો પ્રચાર કરવામાં કોઇ વિઘ્ન નાંખી શકતું નથી. આવા શાન્ત સમયમાં જૈનો પોતાનાં ધર્મનાં પુસ્તકોને ભંડારોમાંથી બ્હાર કાઢવા લાગ્યા છે. સાધુઓ અને સાધ્વીઓ ધર્મશાસ્ત્રોમાં કથેલા ઉપદેશને ફેલાવવા પ્રયત્ન કરે છે. પોતાની પૂર્વે અપૂર્વ ઝાહોજલાલી હતી તેનો વિચાર કરવાને અને ઐતિહાસિક દૃષ્ટિથી તેનો દુનિયાને ખ્યાલ થાય તે માટે પુસ્તકો રચીને બહાર પાડવાનો શુભ પ્રસંગ પ્રાપ્ત થયો છે.

જૈનોની પ્રાચીન અને અર્વાચીન સ્થિતિ સંબંધી વિચાર કરવાને જૈન સાક્ષરો અનેક પ્રકારની શોધખોળ વગેરેથી પ્રયત્ન કરી રહ્યા છે. દરેક ધર્મની પ્રાચીન અને અર્વાચીન સ્થિતિ જાણવાથી ઐતિહાસિક જ્ઞાનમાં વધારો થાય છે. સંસારમાં જે જે ધર્મવાળાઓએ પોતાની ઉન્નતિ કરી છે તેઓએ અવશ્ય ઇતિહાસનો અભ્યાસ કર્યો છે. દરેકની ઉન્નતિનો આધાર ઐતિહાસિક જ્ઞાન ઉપર છે. પોતાના ધર્મની પ્રાચીન સ્થિતિ જાણવાથી દરેકના મનમાં પોતાના ધર્મની ગૌરવતા સંબંધી અભિમાન ઉત્પન્ન થાય છે; અને વર્તમાન

સ્થિતિને સુધારવાનો વિવેક પ્રાપ્ત થાય છે. પ્રાચીન અને અર્વાચીન સ્થિતિના ઐતિહાસિક જ્ઞાનથી ઉન્નતિ અને અવનતિના હેતુઓને સમ્યગ્ રીતે જાણી શકાય છે અને અવનતિનાં કારણોનો ત્યાગ કરીને ઉન્નતિના ઉપાયોનો આદર કરી શકાય છે. જૈન ધર્મના પ્રાચીન અને અર્વાચીન ઇતિહાસથી જૈનો જો વાકેફ થાય તો તેઓ પોતાની ઉન્નતિ કરવામાં આગળ વધી શકે અને અવનતિનાં કારણો કુસંપ અજ્ઞાન વગેરેથી દૂર રહી શકે ઇત્યાદિ કારણોને ધ્યાનમાં લેઇ જૈનોની પ્રાચીન અને અર્વાચીન સ્થિતિ જણાવવા માટે જ્ઞાનશક્તિ મુજબ કંઈ જૈનોને જણાવવા વિચાર થયો અને તેથી જૈનોની પ્રાચીન અને અર્વાચીન સ્થિતિ નામનું લઘુ પુસ્તક રચવાની પ્રવૃત્તિ થઈ.

શ્રી ઋષભદેવ ભગવાનથી શ્રી મહાવીર પ્રભુ સુધીનો ત્રિષષ્ટિ શલાકા પુરૂષ ચરિત્ર વગેરે ગ્રન્થોમાંથી ઇતિહાસ મળી આવે છે. શ્રી મહાવીર પ્રભુથી તે આજ સુધીના ગુર્વાવલી વગેરે અનેક ગ્રન્થો-માંથી ઈતિહાસ મળી આવે છે. જૈનોમાં શ્વેતાંબર અને દિગંબર એ બન્નેનો પરિપૂર્ણ ઈતિહાસ હજુ સુધી બહાર્ આવ્યો નથી. જૈન ધર્મના ઇતિહાસ ઉપર અજવાળું પાડે એવા ઘણા ગ્રન્થો બહાર્ પડશે ત્યારે જૈનોના પ્રાચીન ઇતિહાસ ઉપર અજવાળું પડશે. જૈન ધર્મના અનેક ગચ્છોનો ઇતિહાસ બહાર આવે એવી શોધકો પ્રવૃત્તિ કરે છે અને તેથી આશા છે કે ભવિષ્યમાં જૈન ધર્મના પૂર્ણ ઇતિ-હાસ જ્ઞાન પ્રતાપે દુનિયાને ઘણું જાણવાનું મળશે અને જૈનોની પ્રાચીન અને અર્વાચીન સ્થિતિપર વિચાર કરવાના ઘણા સાનુકુલ સંયોગો પ્રાપ્ત થશે.

વર્તમાન સમયમાં અમને જૈન ધર્મનું ઐતિહાસિક જ્ઞાન પ્રાપ્ત કરવાને જે જે પુસ્તકો મળ્યાં તેના આધારે જૈનોની પ્રાચીન અને અર્વાચીન સ્થિતિ આલેખવાનું થયું છે. ભવિષ્યમાં જૈન ધર્મના

ઐતિહાસિક જ્ઞાનના પ્રાકટ્યથી ભવિષ્યના સાક્ષર લેખકોને ઘણું જાણુવાનું મળે અને જૈનોની પ્રાચીન તથા અર્વાચીન સ્થિતિ સંબંધી ઘણું જાણુવાનું મળે એમ સંભવ છે.

જૈન ધર્મનો પ્રાચીન ઇતિહાસ, તીર્થંગાઇડ, જૈન તત્ત્વાદર્શ, પટ્ટાવલીઓ, ગુર્વાવલીઓ, પ્રબંધો, વિદ્વદ્રત્નમાલા, શાસ્ત્રો, સૂત્રો, અન્ય દર્શનીનાં શાસ્ત્રો, શંકરાચાર્ય, રામાનુજ, વલ્લભાચાર્ય વગેરે અન્ય ધર્મ પ્રવર્તકો વગેરેનાં ચરિત્રો વગેરેનું અવલોકન કરીને અમોએ જૈન ધર્મનું ઐતિહાસિક જ્ઞાન પ્રાપ્ત કરી જૈનોની પ્રાચીન અને અર્વાચીન સ્થિતિનું આલેખન કરવા પ્રયત્ન કર્યો છે, તોપણ કહેવું પડે છે કે જૈનોની પ્રાચીન અને અર્વાચીન સ્થિતિનું જ્ઞાન થવાને પરિપૂર્ણ સાધનોના અભાવે અસંતોષ જાહેર કરવો પડે છે. જૈનોની પ્રાચીન અને અર્વાચીન સ્થિતિનું ચિત્ર દોરવાને અમારૂં આ ન્હાનું પુસ્તક થોડું ઘણું જન સમાજને ઉપયોગી થઈ પડશે એમ ધારવામાં આવે છે અને તેથી અમારી મહેનતનો લાભ વાચકોને મળશે એ સ્વાભાવિક છે. જૈનોમાં શ્વેતાંબરોમાં ચોરાસી ગચ્છોની ઉત્પત્તિ થઇ છે તે સંબંધી પટ્ટાવલીઓ જોઇએ તેટલી અમારા જોવામાં આવી નથી. જૈનોના ઇતિહાસિક ગ્રન્થો કે શ્રી વીર પ્રભુથી તે સોળમા સત્તરમા શતક સુધીના જે પ્રાચીન ભંડારોમાં ગુપ્ત હશે તે અમારા જોવામાં આવ્યા નથી. દિગંબરોમાં મૂળ સંઘ કાષ્ટાસંઘ, માથુરસંઘ, દ્રાવિડસંઘ વગેરે ઘણા સંઘો ઉત્પન્ન થયા છે; તેની પટ્ટાવલીઓ હજી બહાર નહીં પડેલી હોવાથી તે અમારા જોવામાં આવી નથી. વિદ્વદ્ રત્નમાલા જ્ઞાનાર્ણવ પ્રસ્તાવના વગેરે છાપેલા કેટલાક ગ્રન્થોનું અમોએ વાંચન કર્યું છે તેથી તેમના સંબંધી કંઇક લખવા પ્રયત્ન કર્યો છે.

જૈનોની પ્રાચીન અને અર્વાચીન સ્થિાત સંબંધી વિચારો હજી

ઘણા અમારા જાણવામાં છે છતાં પરિપૂર્ણ લખી શકાયા નથી, તેમજ તત્સંબંધી વિચારોને અનુક્રમે ગોઠવીને લખી શકાયા નથી. જૈનોમાં સાક્ષરો ઘણા છે. આ લઘુ પુસ્તક વાંચીને તેઓ જો પોતાને સુજતા વિચારો જણાવશે તો હવે પછીની આવૃત્તિમાં તેમના ઉપકાર સાથે સુધારો વધારો કરવામાં આવશે. છદ્મસ્થોપયોગથી જે કંઈ ભૂલ થઇ હોય તેને વિદ્વાનો પ્રમાણસહ જણાવશે તો તેમનો ઉપકાર માનવામાં આવશે. જૈનોની પડતીનાં જે જે કારણો અમોએ દર્શાવ્યાં છે તે સંક્ષેપથી જણાવ્યાં છે. જૈનોની પડતીનાં કારણોને ઐતિહાસિક દૃષ્ટિથી જૈન વિદ્વાનો વા જૈનેતર વિદ્વાનો જણાવશે અને તે જો અમને યોગ્ય લાગશે તો તેમના નામની યાદી સહીત હવે પછીની આવૃત્તિમાં દાખલ કરવામાં આવશે. જૈનોની પ્રાચીન અને અર્વાચીન સ્થિતિ સંબંધી ભવિષ્યમાં અમને જે કંઇ વિશેષ પ્રમાણો મળશે તે પ્રસંગોપાત્ત જણાવવામાં આવશે. અમારી અલ્પ બુદ્ધિ અને ન્હાના મુખે મોટી મોટી વાતો કરવા જેવું અમોએ સાહસ કર્યું છે! વિદ્વત્સજ્જનોને પ્રાર્થના કે તેઓએ અમારા પર કૃપા કરી જે કંઇ સપ્રમાણ યુક્તિઓ તેમને સુજે તે અમને જણાવશે.

ॐ नमः

# જૈનધર્મની પ્રાચીન અને અર્વાચીન સ્થિતિ.

**શ્લોક.**

नमस्कृत्य महावीरं सद्गुरुं सुखसागरम् ।
जैनधर्मप्रसृत्यर्थं लिखामि लेखमुत्तमम् ॥ १ ॥

અનાદિ કાળથી આર્યાવર્તમાં જૈનધર્મ પ્રવર્તી રહ્યો છે અને તેથી અનેક જીવોનું કલ્યાણ થયું છે વર્તમાનમાં થાય છે અને ભવિષ્યમાં થશે.

## જૈનધર્મની ઉપયોગિતા.

આખી દુનિયાનું કલ્યાણ થાય એવા જૈનધર્મના આચારો અને સદ્વિચારો છે. જૈનધર્મમાં દયાના સિદ્ધાંતને મુખ્ય માનવામાં આવ્યો છે. દુનિયામાં જેટલા ધર્મ હાલ વિદ્યમાન્ છે અને ભવિષ્યમાં જેટલા થશે તેમાં દયા એજ મુખ્ય છે. આર્યાવર્તમાં દયારૂપ દિવ્ય ગંગાને પ્રગટાવનાર જૈનધર્મ છે તેથી જૈનધર્મની કેટલી બધી ઉપયોગિતા છે એ સહેજે સિદ્ધ થાય છે. જૈનધર્મે આર્યાવર્ત લોકોને અનેક પ્રકારે ઉચ્ચ સ્થિતિમાં લાવવા ઉત્તમ પ્રયત્ન કર્યો છે. આર્યાવર્ત દેશની ભૂતકાળની ઐતિહાસિક બીના તરફ દૃષ્ટિ ફેંકીએ તો તેમાં જૈનધર્મે ઉત્તમોત્તમ ભાગ ભજવ્યો છે તે સહેજે જણાશે. ભારતવાસીઓની આર્યતાનું સંરક્ષણ કરનાર જૈનધર્મ છે.

## જૈનધર્મની પ્રાચીનતા.

જૈનધર્મ અનાદિકાળથી છે, જૈનધર્મનો પૂર્વે ઘણા દેશોમાં ફેલાવો હતો. શ્રી ઋષભદેવ સ્વામીના વખતમાં હિંદુસ્તાન અને અફગાનિસ્તાન, તુર્કસ્તાન, ચીન-મહાચીન, તાતાર વગેરે દેશોમાં જૈનધર્મનો પ્રચાર હતો. ભરતનું હિંદુસ્તાનમાં રાજ્ય હતું, અને બાહુબલીનું બહુલી દેશ અથવા અફગાનિસ્તાન વગેરેમાં રાજ્ય હતું. ભરતના નામથી હિંદુસ્તાનનું ભારતદેશ એવું નામ પડયું છે. ભરતના પુત્ર સૂર્યયશા જ્યારે ભારત દેશપર રાજ્ય કરવા લાગ્યા ત્યારથી સૂર્યવંશની સ્થાપના થઇ અને સોમયશા રાજાના વંશમાં ઉત્પન્ન થએલા ક્ષત્રિયો પોતાને ચંદ્રવંશી તરીકે જણાવે છે.

શ્રી ઋષભદેવ ભગવાન્ પછી ભરતરાજા સૂર્યયશા રાજા વગેરે ઘણા પાટ સુધી જૈન રાજાઓએ જૈનધર્મનો ફેલાવો કર્યો એમ શ્રી શત્રુંજય માહાત્મ્ય ગ્રન્થમાં જણાવ્યું છે. નવમા સુવિધિનાથ અને દશમા શીતલનાથના સમયમાં જૈનધર્મ પાળતા એવા બ્રાહ્મણોએ પોતાની આજીવિકા આદિ અનેક હેતુઓથી વેદોના સૂત્રોમાં ફેરફાર કરીને બ્રાહ્મણ ધર્મની સ્થાપના કરી. શીતલનાથથી વીશમા મુનિસુવ્રતસ્વામી સુધીના તીર્થંકરોના વખતમાં જૈનધર્મની પરિપૂર્ણ ઝાહોઝલાલી હતી. શ્રી મુનિસુવ્રત સ્વામીના વખતમાં શ્રી રામચંદ્ર, લક્ષ્મણ, રાવણ, વાલી અને સુગ્રીવ વગેરે જૈન રાજાઓ વિદ્યમાન હતા. રાવણ રાજાએ લંકા વગેરે દેશોમાં જૈનધર્મનો ફેલાવો કર્યો હતો અને તે હિંસામય યજ્ઞ કરનારા લોકોને યજ્ઞમાં વિઘ્ન નાંખતો હતો તેથી હિંસામય યજ્ઞ કરનારા લોકો તેને રાક્ષસ તરિકે ઓળખતા હતા. રાવણ રાજાએ અષ્ટાપદ પર્વતપર શ્રી ઋષભદેવ પ્રભુની પ્રતિમા આગળ નાટક કર્યું હતું અને ભક્તિના બળે તીર્થંકર નામ કર્મ ઉપાર્જ્યું હતું. રાવણે એક વખતે શ્રી શાન્તિનાથ પ્રભુની પ્રતિમા આગળ ઘણી વિદ્યાઓ સાધી હતી. આ ઉપરથી સમજાશે કે પહેલાં

લાખો વર્ષપર લંકા વગેરે દેશોમાં જૈનધર્મની પૂર્ણ ઝાહોઝલાલી હતી. વાલી, સુગ્રીવ, હનુમાન, હનુમાનના પિતાશ્રી પવનરાજા અને જનકરાજા વગેરે જૈનધર્મ પાળતા હતા એમ જૈન રામાયણ વાંચતાં સ્પષ્ટ માલુમ પડે છે તેમજ શ્રી શત્રુંજય માહાત્મ્ય ગ્રન્થ વાંચવાથી પણ માલુમ પડે છે.

શ્રી રામચંદ્રના વખતમાં વિમાન વગેરેનું ભારતવાસીઓને જ્ઞાન હતું. શ્રીપાલ રાજાના ચરિતપરથી માલુમ પડે છે કે પૂર્વે અસંખ્ય પૂર્વોપર ઘણા દેશોમાં જૈન ધર્મ પ્રવર્તતો હતો. શ્રીપાલ રાજા કોંકણ વગેરે દેશોમાં ગયા હતા તે વખતે પણ ત્યાં જૈન ધર્મનાં મન્દિરો હતાં. શ્રીપાલ રાજાએ જે રૂષભદેવની પ્રતિમાનું ઉજ્જયિનીમાં પૂજન કર્યું હતું તે પ્રતિમા હાલ મેવાડમાં કેશરીયાનાથ અને ધુલેવાનાથ તરીકે ઓળખાય છે. અરબી સમુદ્રના બેટોમાં તેમજ રત્નાગિરિ તરફના પર્વતોમાં જૈન મંદિરો હતાં તે સહેજે સિદ્ધ થાય છે. કોંકણ દેશના મુખ્ય નગર મુંબઇ પાસે આવેલા અગાસી ગામમાં શ્રી મુનિ સુવ્રત સ્વામીની પ્રતિમા છે તે શ્રી મુનિ સુવ્રત સ્વામીના વખતની છે એમ અનુમાનથી સિદ્ધ થાય છે. કોંકણ દેશના રાજાઓ પહેલાં જૈનધર્મી હતા. કોંકણ દેશમાં પહેલાં હજારો જૈન સાધુઓ વિચરતા હતા તથા કોંકણ દેશના પર્વતોમાં આવેલી ગુફાઓમાં જૈનમુનિયો વસતા હતા, એમ શ્રી નિશીથ સૂત્રની ચૂર્ણી વગેરેથી સિદ્ધ થાય છે. શ્રી નિશીથ ચૂર્ણીમાં કોંકણ દેશની ગુફામાં રહેલા સાધુઓનું વિવેચન કરવામાં આવ્યું છે.

દક્ષિણ દેશમાં અન્તરિક્ષની મૂર્તિ છે અને તે રાવણ રાજાના વખતની છે એમ અન્તરિક્ષ પાર્શ્વનાથના કલ્પમાં લખવામાં આવ્યું છે. શ્રી મુનિ સુવ્રત સ્વામીએ સિદ્ધપુર, ભરૂચ વગેરે ઘણા દેશોના નગરોના લોકોને પ્રતિબોધ આપ્યો છે. એક વખત તેઓ ભરૂચમાં ઘોડાને યજ્ઞમાં હોમવામાં આવતો હતો તે વખતે ઘોડાનું સંરક્ષણ કરવા સિદ્ધપુરથી વિહાર કરીને ભરૂચ પધાર્યા હતા અને હોમ કરનારાઓને દયાનો

ઉપદેશ આપીને ઘોડાને બચાવ્યો હતો તેથી હાલ અશ્વાવબોધ તીર્થ એ નામથી જૈનોના આચાર્યો શ્રી ભરૂચને ઓળખે છે. શ્રી મુનિસુવ્રત સ્વામી પછી શ્રીનમિનાથ થયા તેમના વખતમાં જૈનધર્મનો સારી રીતે ફેલાવો થયો હતો. પાટણ પાસે આવેલા ચારૂપ ગામના ભગવાન્‌ના અહેવાલથી શ્રી નમિનાથ પ્રભુના સમયમાં જિનપ્રતિમાઓ ઘણી ભરાવવામાં આવી છે એવું સ્પષ્ટ સમજાય છે. શ્રી નમિનાથ પછી ઘણા વર્ષે બાવીસમા શ્રી નેમિનાથ તીર્થંકર થયા તેમના વખતમાં શ્રી કૃષ્ણુ અને પાંડવો જૈનધર્મ પાળતા હતા. એમ જૈન મહાભારત, શ્રીકૃષ્ણુ ચરિત વગેરે ગ્રન્થોથી સિદ્ધ થાય છે. શ્રી નેમિનાથ પ્રભુના ઉપદેશથી શ્રીકૃષ્ણે સમ્યકત્વ જ્ઞાનની પ્રાપ્તિ કરી હતી અને તે આવતી ચોવીશીમાં બારમા તીર્થંકર થનાર છે.

શ્રી પાંચ પાંડવોએ સિદ્ધાચલ પર્વતપર અણુસણુ કર્યું છે અને ત્યાં મુક્તિ ગયા છે તેમની યાદી તરીકે સિદ્ધાચલ પર્વતપર હાલ પણુ તેમની પાંચ મૂર્તિયો–દેરી વગેરે દેખવામાં આવે છે. પાંડવોની સ્ત્રી દ્રૌપદી જૈનધર્મ પાળતી હતી. શ્રી પાંડવ ચરિતમાં ભાગીરથીનું નામ ગંગા નદી કયા કારણુથી પડયું તે સ્પષ્ટ રીતે જણાવવામાં આવ્યું છે. પાંચ પાંડવો અને કૌરવોનું યુદ્ધ થયું તે વખતે ઘણા દેશના જૈન રાજાઓએ યુદ્ધમાં ભાગ લીધો હતો. શ્રી કૃષ્ણુ રાજાએ હજારો પુરૂષોને જૈન સાધુઓ તરીકે બનાવવામાં સાહાય્ય કરી છે. શ્રી કૃષ્ણુના ભાઈ ગજ સુકુમાલે શ્રી નેમિપ્રભુ પાસે દીક્ષા અંગીકાર કરી હતી. શ્રી નેમિનાથના સમવસરણુમાં શ્રી કૃષ્ણે એક વખત અઢાર હજાર સાધુઓને વંદન કર્યું હતું. આ ઉપરથી સમજવાનું મળે છે કે પૂર્વ સમયમાં જૈન રાજાઓએ આર્યાવર્તમાં જૈનધર્મના સદાચારો અને વિચારો ફેલાવવા અત્યંત પ્રયત્ન કર્યો છે. શ્રી નેમિનાથ ચરિત તથા ત્રિષષ્ઠિશલાકા પુરૂષ ચરિત વગેરે ગ્રન્થોથી તે વખતમાં ઘણા જૈન રાજાઓ હતા અને હિન્દુ-

સ્થાનમાં ચારે વર્ણ જૈનધર્મ પાળતી હતી એમ સિદ્ધ થાય છે. શ્રી નેમિનાથ ભગવાનના વખતમાં સાંખ્ય ધર્મનો પ્રચાર હતો અને તે વખતે વેદ ધર્મને માનનારા ઋષિયો વગડામાં રહેતા એમ સિદ્ધ થાય છે. વસિષ્ટ રામાયણ અને મહાભારત વગેરે અન્ય દર્શનીઓના ગ્રન્થો વખતે પણ જૈનધર્મ હતો અને તે વખતે જૈન મુનિયો હતા એમ સિદ્ધ થાય છે. શ્રી નેમિનાથ તીર્થંકર પછી લગભગ ચોરાશી હજાર વર્ષના આશરે શ્રી પાર્શ્વનાથ તીર્થંકર થયા. શ્રી કાશી દેશના રાજા અશ્વસેન અને વામા રાણીના પુત્ર શ્રી પાર્શ્વનાથ હતા. આજથી સત્તાવીશસો વર્ષ પહેલાં શ્રી પાર્શ્વનાથ થયા હતા. શ્રી પાર્શ્વનાથના વખતમાં હિન્દુસ્થાનમાં જ્યાં ત્યાં જૈન રાજાઓનું રાજ્ય હતું. તાતાર, તીબેટ, અફગાનિસ્થાન વગેરે દેશોમાં પણ જૈનધર્મ પ્રવર્તતો હતો. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને ક્ષુદ્ર એ ચારે વર્ણ જૈનધર્મ પાળતી હતી. શ્રી પાર્શ્વનાથ પ્રભુના સમયમાં ધીમે ધીમો વેદધર્મનો પ્રચાર વધ્યા કરતો હતો. શ્રી પાર્શ્વનાથે કમઠયોગીને બોધ આપ્યો હતો. શ્રી પાર્શ્વનાથ ચરિત, કલ્પસૂત્ર વગેરેમાં શ્રી પાર્શ્વનાથ અને કમઠયોગીના સંવાદનો રમુજી ચિતાર જોવામાં આવે છે. શ્રી પાર્શ્વનાથ પ્રભુએ સમ્મેતશિખર પર્વતપર અણસણ કર્યું હતું તેમના પહેલાં ઘણા તીર્થંકરોએ સમ્મેતશિખર પર્વતપર અણસણ કર્યું હતું તેથી જૈનોમાં સમ્મેતશિખરને એક પવિત્ર તીર્થ તરીકે માનવામાં આવે છે. વિવિધ તીર્થકલ્પ નામના ગ્રન્થમાં સમ્મેતશિખર પર્વતનું માહાત્મ્ય સારી રીતે દર્શાવ્યું છે. શ્રી પાર્શ્વનાથના ગણધરો અને સાધુઓએ હિન્દુસ્થાન વગેરે દેશોમાં જૈનધર્મનો ઉપદેશ આપીને અનેક મનુષ્યોને શુભ માર્ગમાં વાળ્યા હતા. શ્રી પાર્શ્વનાથનું ચિહ્ન સર્પ છે. સર્પને તક્ષ કહે છે. તક્ષના ચિહ્નથી પાર્શ્વનાથના અનુયાયીઓ એ તરીકે પોતાને ઓળખાવનાર તાક્ષજાતિના રાજાઓ થયા તેઓએ ઉત્તર દેશમાં પોતાનું રાજ્ય સ્થાપ્યું

અને તે તાર્ક્ષવંશના લોકો વહાણવડે અમેરિકામાં ગયા અને ત્યાં એક મોટા [illegible] ભુના ચિહ્ન તરીકે તેમના અનુયાયી તરીકે [illegible] ટો સર્પ કોતરી કાઢયો અને પદ્માવતીની [illegible] કોતરી કાઢી તેનું ચિત્ર ઈંગ્લીશ પુસ્તકમાંથી અમોએ દેખ્યું છે. ગાંધી વીરચંદ રાઘવજીએ તે ચિત્ર દેખ્યું છે તેથી પૂર્વે અમેરિકામાં જૈન ધર્મ પ્રસર્યો હતો એમ સિદ્ધ ( ઈન્ડીઅન રીવ્યુ વૉલ્યુમ ૧૪ ) થાય છે. ઐતિહાસિક દૃષ્ટિથી પાશ્ચાત્ય વિદ્વાનો શ્રી પાર્શ્વનાથ નામના તીર્થંકર થયા એમ સિદ્ધ કરે છે અને તેનો ઇસારો ટોડરાજસ્થાન વગેરેમાંથી મળે છે.

શ્રી પાર્શ્વનાથ પ્રભુએ વગડામાં એક બગીચામાં સુંદર પ્રાસાદમાં શ્રી નેમિનાથ અને રાજીમતીની જાન ચિતરી હતી તે દેખી અને તેથી તેમના મનમાં ઘણો વૈરાગ્ય થયો. આ ઉપરથી આપણને જાણવાનું મળે છે કે પહેલાં આર્યાવર્તમાં ચિત્રકળાનું બહુ ઉંચા પ્રકારનું જ્ઞાન વિદ્યમાન હતું.

શ્રી પાર્શ્વનાથ પ્રભુ પશ્ચાત્ અઢીસેં વર્ષ પછી મગધ દેશમાં ક્ષત્રિયકુંડ નગરમાં સિદ્ધાર્થ રાજા અને વૈદેહી ત્રિશલાને ત્યાં શ્રી વીર પ્રભુનો જન્મ થયો. શ્રી વીરપ્રભુએ ત્રીશ વર્ષ ગૃહસ્થાવાસમાં ગાળ્યાં હતાં. તેમના પિતા સિદ્ધાર્થ રાજા અને માતા ત્રિસલા ક્ષત્રિયાણી જૈનધર્મ પાળતાં હતાં અને તેઓ પોતાના નગરમાં જૈન દેરાસરોમાં ઉત્સવો કરતાં હતાં. શ્રીવીર પ્રભુને જન્મની સાથે ત્રણ જ્ઞાન હતાં. દીક્ષા લીધા બાદ તેમણે ઘણા દેશોમાં વિહાર કર્યો હતો. તેમણે અનાર્ય દેશમાં પણ છદ્મસ્થાવસ્થામાં વિહાર કર્યો હતો. તેમણે અનેક ઉપસર્ગો, દુઃખો વેઠીને આત્માનું ધ્યાન ધરી કેવલજ્ઞાન પ્રગટાવ્યું હતું. શ્રી વીર પ્રભુએ કેવલજ્ઞાન પ્રાપ્ત કરીને અગિયાર ગૌતમાદિ મહા વિદ્વાન્ બ્રાહ્મણોને ઉપદેશ આપીને જૈનધર્મી બનાવ્યા તેથી એકી વખતે ચોમાલીસસે બ્રાહ્મણોએ

જૈન સાધુની દીક્ષા અંગીકાર કરી હતી. શ્રી વીર પ્રભુએ આખા હિંદુસ્તાનમાં વિહાર કરીને બેતાલીશ વર્ષ ધર્મનો ઉપદેશ દેઇને કરોડો મનુષ્યોને જૈનધર્મીઓ બનાવ્યા હતા. પોતાના હાથે તેમણે ચૌદ હજાર સાધુઓને દીક્ષા આપી હતી અને પોતાના હાથે છત્રીશ હજાર સાધ્વીઓને દીક્ષા આપી હતી. તેમના એક લાખ ને સાઠહજાર શ્રાવકો તો બાર વ્રતધારી હતા. અને ત્રણલાખ ચોપનહજાર શ્રાવિકાઓ તો બાર વ્રતધારી હતી. તે ઉપરથી સમજાય છે કે, અવિરતિ શ્રાવકો અને શ્રાવિકાઓ તો કરોડોની સંખ્યામાં હોવાં જોઇએ. શ્રી મહાવીર પ્રભુના સમયમાં ઘણા દેશના રાજાઓ જૈનધર્મ પાળતા હતા. કાશી અને કોશલદેશના રાજાઓ જૈનધર્મ પાળતા હતા. વિશાલાનગરીના ચેડારાજા શ્રીમહાવીર પ્રભુના મામા થતા હતા તેમણે શ્રાવકનાં બારવ્રત અંગીકાર કર્યાં હતાં. સિન્ધુ દેશ તરફનો ઉદાયિ રાજા અને ઉજ્જયિની અર્થાત્ માળવા દેશનો ચંડપ્રદ્યોતન રાજા જૈનધર્મ પાળતો હતો. દશાર્ણ દેશનો દશાર્ણભદ્ર રાજા જૈનધર્મ પાળતો હતો. શ્રી મહાવીર પ્રભુનું છેલ્લું ચાતુર્માસ શ્રી પાવાપુરીમાં હસ્તિપાલ રાજાની લેખકશાળામાં થયું હતું. પાવાપુરીનો રાજા હસ્તિપાલ શ્રી વીર પ્રભુનો ભક્ત હતો. શ્રી મહાવીર પ્રભુએ આશો વદિ અમાવાસ્યાની રાત્રીએ દેહનો ત્યાગ કર્યો અને મુક્તિપદ પ્રાપ્ત કર્યું તે વખતે પાવાપુરીમાં અઢાર દેશના રાજાઓ કે જે મહાવીર પ્રભુના સેવકો હતા તેમની કોન્ફરન્સ ભરાઇ હતી. તેમાં નવમલ્લકીજાતિના કાશી દેશના રાજાઓ હતા અને નવલેછકીજાતિના કોશલ દેશના રાજાઓ હતા એ અઢાર રાજાઓ વૈશાલીના ચેટક રાજાના સામંતો હતા. તેમણે શ્રી વીરપ્રભુનો નિર્વાણ મહોત્સવ કર્યો. મગધ દેશના રાજગૃહી નગરીના ચેડા મહારાજા શ્રી વીરપ્રભુના પરમભક્ત હતા. શ્રી વીરપ્રભુના વખતમાં નેપાલ પાસે આવેલા કપિલવસ્તુ નગરના શુદ્ધોદન રાજાના પુત્ર બુદ્ધે બુદ્ધ ધર્મ

ચલાવ્યો હતો. જૈન સાધુઓએ ગૌતમબુદ્ધને સમજાવ્યો હતો પણ તેણે પોતાના મત પ્રમાણે નવો બૌદ્ધધર્મ પ્રગટાવ્યો.

શ્રી વીરપ્રભુના વખતમાં આર્યાવર્તમાં જૈન ધર્મ, વેદ ધર્મ, અને બૌદ્ધ ધર્મ એ ત્રણ ધર્મ વિદ્યમાન હતા તેમાં તે વખતે આર્યાવર્ત વગેરે દેશોમાં જૈનધર્મનો મુખ્યતાએ પ્રચાર હતો.

## વેદધર્મથી જૈનધર્મ પ્રાચીન છે.

શાકટાયનાચાર્ય નામના એક પ્રસિદ્ધ જૈનાચાર્યે શાકટાયન નામનું વ્યાકરણ વિરચ્યું છે. પાણિનિ આચાર્ય કરતાં શાકટાયનાચાર્ય પ્રાચીન છે. પાણિનિ મહર્ષિએ સ્વરચિત વ્યાકરણમાં व्योर्लघुप्रयत्नतरः शाकटायनस्य ઇત્યાદિક શાકટાયનનાં સૂત્રો ગ્રહ્યાં છે તેથી પાણીનિ મહર્ષિ કરતાં શાકટાયનાચાર્ય પ્રાચીન સિદ્ધ કરે છે. શોધક વિદ્વાનોના મત પ્રમાણે ઇ. પૂર્વે બેહજાર અને ચારસો વર્ષ પહેલાં પાણીનિ મહર્ષિ વિદ્યમાન હતા તેની પૂર્વે શાકટાયન જૈનાચાર્ય સેંકડો વા હજારો વર્ષપર વિદ્યમાન હોવા જોઇએ. મદ્રાસ ઇલાકાની કોલેજના પ્રોફેસર મિસ્તર ગુસ્તાવ ઓપર્ટ લખે છે કે પાણિનિ મહર્ષિએ શાકટાનાચાર્યને પોતાનાથી પ્રાચીન વ્યાકરણકર્તા તરીકે લખેલા છે તેમજ તેમનું ( શાકટાયનાચાર્યનું ) નામ ઋગ્વેદ અને શુક્લ યજુર્વેદની પ્રતિશાખાઓમાં અને યાસ્કના નિરૂક્તમાં પણ આવે છે.

બોપદેવ નામનો ગ્રંથકાર પોતાના કલ્પદ્રુમ નામના ગ્રન્થમાં વ્યાકરણ કર્તાઓના નામોનો જે શ્લોક આપે છે તે શ્લોકથી પાણિનિ ઋષિ પૂર્વે શાકટાયનાચાર્ય હતા એમ સિદ્ધ થાય છે.

**श्लोक.**

**इन्द्रश्चन्द्रः काशकृत्स्नापिशली शाकटायनः ॥**
**पाणिन्यमरजैनेन्द्रा जयन्त्यष्टादश शाब्दिकाः ॥ १ ॥**

આ શ્લોકમાં પાણિનિ પૂર્વે શાકટાયનાચાર્યને સ્પષ્ટ રીતે જણાવ્યા છે. શાકટાયન, અમર, જૈનેન્દ્ર, સિદ્ધહેમ, બુદ્ધિસાગર, ચંદ્રપ્રભા, વગેરે વ્યાકરણોના બનાવનારા જૈનાચાર્યો છે. તેમાંનાં ઘણાં હાલ મોજુદ છે. કાનડી ભાષામાં વ્યાકરણનો પ્રથમ ગ્રન્થ જૈનોએજ રચ્યો છે. જે દેશમાં જે વખતે જે ભાષા ચાલતી હોય તે વખતે તેજ ભાષામાં ધર્મશાસ્ત્રનો લખવાનો રીવાજ પહેલ વહેલો જૈન લોકોએ અમલમાં આણેલો જણાય છે.

શાકટાયનાચાર્ય પોતાના વ્યાકરણના પાદના અંતે महाश्रमणसंघाधिपतेः श्रुतकेवलिदेशीयाचार्यस्य शाकटायनस्यकृतौ એવી રીતે લખે છે. આ લેખમાં મહા શ્રમણ સંઘ અને શ્રુત કેવલિ દેશીયાચાર્યસ્ય એ જૈનોના પારિભાષિક સંસ્કૃત ઘરગથ્થુ શબ્દો છે. તે ઉપરથી સિદ્ધ થાય છે કે શાકટાયનાચાર્ય જૈન હતા. પુરાણોની પૂર્વે જૈનધર્મ હતો તે પુરાણોથી સિદ્ધ થાય છે.

ભાગવતમાં:—

नित्यानुभूतनिजलाभनिवृत्ततृष्णा
श्रेयस्य तद्रचनयाचिर सुप्तबुद्धेः ।
लोकस्य योकरुणयोभयमात्मलोक
माख्यान्नमो भगवते रुषभायतस्मै ॥

તે રૂષભદેવને અમારો નમસ્કાર થાઓ. નિત્યાનુભૂત નિજ લાભથી જેની તૃષ્ણા દૂર થઇ છે એવા રૂષભદેવ છે. ઇત્યાદિ.

બ્રહ્માણ્ડપુરાણમાં:—

नाभिस्तु जनयेत्पुत्रं मरुदेव्या मनोहरम्
ऋषभं क्षत्रियश्रेष्ठं सर्व क्षत्रस्य पूर्वकम् ।

ऋषभाद् भारतोजज्ञे वीरपुत्र शताग्रजः
अभिषिंच्य भरतं राज्ये महा प्राव्रृज्यमाश्रितः ॥

ઇત્યાદિ.

મહાભારતમાંઃ—

युगे युगे महापुण्यं दृश्यते द्वारिकापुरी
अवतीर्णो हरिर्यत्र प्रभासससिभूषणः ।
रेवताद्रौ जिनोनेमि र्युगादि र्विमलाचले
ऋषीणामाश्रमादेव मुक्तिमार्गस्य कारणम् ॥

નાગપુરાણમાંઃ—

दर्शयन्वर्त्मवीराणां सुरासुरनमस्कृतः ।
नीतित्रयस्य कर्त्तायो युगादौ प्रथमोजिनः ॥

શિવપુરાણમાંઃ—

अष्टषष्टिसु तीर्थेषु यात्रायां यत्फलं भवेत् ।
आदिनाथस्य देवस्य स्मरणेनापि तद्भवेत् ॥

યોગવાસિષ્ઠના વૈરાગ્ય પ્રકરણમાંઃ—

नाहंरामो नमेवाञ्छा भावेषु च नमे मनः ।
शान्तिमास्थातुमिच्छामि चात्मनैवजिनो यथा ॥

નાગપુરાણમાં જૈનોના અર્હંમંત્ર સંબંધીનું માહાત્મ્ય જણાવ્યું છે કેઃ—

अकारादि हकारान्तं मूर्ध्वाधोरेफ संयुतम् ।
नादबिन्दु कलाक्रान्तं चन्द्रमंडल सन्निभम् ॥
एतदेव परं तत्त्वं योविजानाति भावतः ।
संसारबन्धनं छित्वा सगच्छेत् परमांगातिम् ॥

નગરપુરાણમાં દશ બ્રાહ્મણોને જમાડવાથી જે ફલ થાય છે તે એક અરિહંતના સાધુને ભોજન આપવાથી ફળ થાય છે.

**શ્લોક.**

નગરપુરાણે—

**दशभि र्भोजितै विप्रै यत्फलं जायतेकृते ।**
**मुनिमर्हन्तभक्तस्य तत्फलं जायते कलौ ॥**

**ऋग्वेदमां.**

**ॐ नग्नं सुधीरं दीग्वाससं ब्रह्मगर्भ्दं सनातनं उपैमीवीरं पुरुष मर्हन्त मादीत्यवर्ण तमसः पुरस्तात् स्वाहा ॥**

નગ્ન, ધીર, વીર, દિગંબર, બ્રહ્મ, સનાતન, આદિત્ય વર્ણવાળા અર્થાત (કલ્પાતીત તીર્થંકર) એવા અરિહંતના શરણને પ્રાપ્ત થાઉ છું.

**ॐ त्रैलोक्य प्रष्टितानां चतुर्विंशति तीर्थंकराणां ।**
**ऋषभादि वर्द्धमान्तानां सिद्धानां शरणं प्रपद्ये ॥** (रुग्वेद)

અર્થઃ—જે ઋષભદેવને આદિમાં લેઇને વર્ધમાન પર્યન્ત ત્રૈલોક્ય પ્રતિષ્ટિત ચોવિસ તીર્થંકર સિદ્ધ છે તેમને શરણે હું જાઉં છું.

**" ॐ नमाऽर्हन्तो ऋषभो "** ( यजुर्वेद )

અર્થઃ—અરહંત ( પૂજ્ય ) ઋષભદેવને નમસ્કાર હો, તથા ॐ ऋषभं पवित्रं पुरुहूतमध्वरं यज्ञेषु नग्नं परमं माहसं स्तुतं वारं शत्रुंजयंत पशुरिंद्र माहुरितिस्वाहा ! उप्रातारमिन्द्रं ऋषभं वपन्ति अमृतारामिंन्दं हवे सुगतं सुपार्श्व मिन्द्र हवे शक्रमजितं तद्वर्द्धमान पुरुहूत मिन्द्र माहुरितिस्वाहा ! ॐ स्वस्तिनइन्द्रो वृद्धश्रवाः स्वस्तिनः पूषा विश्ववेदाः स्वस्तिनस्ताक्ष्यों अरिष्टनेमिः स्वस्तिनो बृहस्पतिर्दधातु दीर्घायु स्त्वाय बलायुर्वाशुयजातायुः॥

**ॐ रक्ष रक्ष अरिष्टनेमि स्वाहा । वामदेव शान्त्यर्थ मुपविधीयते, सोऽस्माकं अरिष्टनेमि स्वाहा ॥** ( यजुर्वेद. अ. २५ मं. १९ )

ઇત્યાદિ જૈન તીર્થંકરોની સ્તુતિયો વેદમંત્રોમાં આવે છે તેથી વેદમંત્રો બન્યા તે પૂર્વે જૈન ધર્મની અસ્તિતા સિદ્ધ થાય છે. ૠગ્વેદ વગેરેની ઘણી શાખાઓ તથા મૂળમંત્રો નષ્ટ થઈ ગયા છે તેથી તીર્થંકરના મંત્રો હાલ જે વેદો છે તેમાંથી ઘણા ઉપલબ્ધ ન થાય તો તેમાં મંત્રો નષ્ટ થયા તેજ કારણ સમજવું.

જ્યારથી જે જે પુરાણો બનેલાં છે તેની પૂર્વે જૈનધર્મ હતો એમ ઉપરના દૃષ્ટાંતોથી સિદ્ધ થાય છે. શ્રી નંદિસૂત્રના મૂલ પાઠમાં મહાભારત અને રામાયણની વાત આવે તેથી સમજાય છે કે નંદિસૂત્ર રચાયું તે પૂર્વે મહાભારત અને રામાયણ હતાં. સનાતનીઓના કહેવા પ્રમાણે અઢાર પુરાણો વ્યાસે રચ્યાં છે. વ્યાસને થયાં પાંચ હજાર વર્ષ માનવામાં આવે છે તેથી સનાતનીઓના પુરાણોની માન્યતાથી પાંચ હજાર વર્ષ પૂર્વે જૈનોની અસ્તિતાની સિદ્ધિ થાય છે. આર્ય સમાજીઓ વ્યાસનાં બનાવેલાં અઢાર પુરાણો છે એમ માનતા નથી તેથી તેઓ દરેક પુરાણ રચાયાની સાલ જુદી જુદી આપે છે તો તેમના મત પ્રમાણે પણ પુરાણોની પૂર્વે જૈનધર્મ હતો એમ પુરાણોના કેટલાક શ્લોકોથી સિદ્ધ થાય છે. વેદમાં શ્રી ૠષભદેવ અને अरिष्टनेमि વગેરે તીર્થંકરોનાં નામ દેખવામાં આવે છે તેથી વેદ રચાયા તે પૂર્વે જૈનધર્મ હતો એમ સિદ્ધ થાય છે. ચાર વેદોની ઘણી શાખાઓ નષ્ટ થઇ ગઇ છે. મૂળ શાખાઓ પાદ વગેરે ઘણાં ચાર વેદમાંથી જતાં રહ્યાં છે. જે પાદ, શાખાઓ, સૂત્રો વગેરે જતાં રહ્યાં છે તેમાં જૈન ધર્મ સંબંધી વા તીર્થંકરો સંબંધી ૠષિયો હકીકતો લાવ્યા હશે કારણ કે હાલ પણ તેમાંથી શ્રી ૠષભદેવ–અરિષ્ટનેમિ વગેરે નામો મળી શકે છે તો નષ્ટ થએલા ભાગમાં જૈન ધર્મ સંબંધી પણ કંઇક લખવામાં આવ્યું હશે. આ ઉપરથી કહેવાનો સારાંશ એ છે કે ચાર વેદની પૂર્વે જૈનધર્મ હતો.

જૈનધર્મની ઇતિહાસ દૃષ્ટિથી જોવામાં આવે તે શ્રી ઋષભદેવના પુત્ર ભરત રાજાના વખતમાં ચાર વેદ બનેલા હતા. ચાર વેદમાં જૈન તત્ત્વજ્ઞાનની વ્યાખ્યાઓ હતી. નવમા શ્રીસુવિધિનાથ અને દશમા શ્રી શીતલનાથના વચલા સમયમાં વેદ ધર્મની શ્રુતિયોમાં, સૂત્રોમાં, સંહિતાઓમાં, અસંયતિઓએ ગાલમેલ કરી દીધી તેથી વેદમાં પશુયજ્ઞ વગેરેની શ્રુતિઓનો પ્રચાર થયો ત્યારથી જૈનો ચાર વેદને માનતા નથી. જૈન તત્ત્વાદર્શમાં તથા અજ્ઞાનતિમિર ભાસ્કર ગ્રંથમાં શ્રીમદ્ આત્મારામજી મહારાજ વેદોની ઉત્પત્તિ સંબંધી જે ઇતિહાસ આપે છે તે વાંચીને તત્ સંબંધી અભિપ્રાય બાંધવાની જરૂર છે. મીસીસ બીસેન્ટ જૈનધર્મને હિન્દુ ધર્મની પ્રાચીન શાખા તરીકે કહે છે તેમાં મીસીસ બીસેન્ટ ભૂલ કરે છે. હિન્દુ અર્થાત્ વેદધર્મ અને જૈનધર્મ અસલથી જુદા ધર્મ છે. માટે મીસીસ બીસેન્ટે પોતાની ભૂલનો સુધારો કરવો જોઇએ. શ્રી મહાવીર પ્રભુના સમયમાં ચાર વેદો હતા એમ કલ્પસૂત્રથી સિદ્ધ થાય છે. શ્રી મહાવીર પ્રભુએ અગીયાર મહા સમર્થવિદ્વાન્ ગૌતમાદિ બ્રાહ્મણોને વેદના સૂત્રોના આધારે સમ્યગ્ અર્થ સમજાવી સંશય ટાળીને તેમને ચોંમાલીસસે બ્રાહ્મણો સહિત દીક્ષા આપી પોતાના અગીઆર ગણધરો બનાવ્યા હતા.

શ્રી મહાવીર પ્રભુના વખતમાં ગૌતમબુદ્ધનો મત ચાલતો હતો. નેપાલની તલેટીમાં આવેલા કંપિલપુરના શુદ્ધોદન રાજાનો પુત્ર ગૌતમબુદ્ધ હતો. તેની માતાનું નામ માયા હતું. સ્ત્રીનું નામ યશોધરા હતું અને પુત્રનું નામ રાહુલ હતું. મગધ દેશમાં શ્રી મહાવીર પ્રભુ ઉપદેશ દેતા હતા તે વખતે ગૌતમબુદ્ધ પણ મગધ દેશના અન્ય નગરોમાં ઉપદેશ દેતો હતો. ગૌતમ ત્રણ થયા છે. એક બુદ્ધ ધર્મના ચલાવનારા ગૌતમબુદ્ધ, બીજા શ્રી મહાવીર પ્રભુના શિષ્ય ગૌતમ સ્વામી અને ત્રીજા સોળ પદાર્થની પ્રરૂપણા કરનાર ગૌતમ. **श्री रुषभ निर्वाणात्**

**सागर कोटीनां पंचाशतालक्षैः श्री अजित निर्वाणं ततश्च त्रिवर्षार्धे नवममासाधिक द्विचत्वारिंश द्वर्षन्यूनपञ्चाशत् कोटिलक्षैः सागरैः श्री वीरनिर्वृत्तिस्ततो नवशताशीतिवर्षातिक्रमे पुस्तकवाचनादि (कल्पसूत्रे).**

શ્રી રૂષભનિર્વાણથી પચાસ લાખ કોટિ સાગરોપમે શ્રી અજીત નાથ નિર્વાણ તેવાર પછી ત્રણ વર્ષ સાડા આઠ માસ અને બેતાલીશ હજાર વર્ષ ન્યૂન એવા પચાસ લાખ કરોડ સાગરોપમે શ્રી મહાવીર નિર્વાણ થયું તે ઉપર નવસેં ને એંશી વર્ષે પુસ્તકની વાચના થઈ.

કેટલાક પાશ્ચાત્ય વિદ્વાનોએ પૂર્વે કેટલાંક પુસ્તકોમાં જણાવ્યું હતું કે બુદ્ધ ધર્મમાંથી જૈનધર્મ નીકળ્યો છે પણ હવે તેઓ જાણી શકયા છે કે એમ કહેવામાં ભૂલ થઇ છે. યુરોપના પ્રોફેસર હર્મન જેકોબી, ડાક્તર સ્વાલી વગેરે વિદ્વાનોએ હવે કબુલ કર્યું છે કે બુદ્ધ ધર્મ કરતાં જૈનધર્મ જુદો છે અને બૌદ્ધ ધર્મ કરતાં જૈનધર્મ પ્રાચીન છે. બૌદ્ધ ધર્મ તો શ્રી મહાવીર પ્રભુના વખતમાં ઉત્પન્ન થયો છે. બૌધ ધર્મનાં પુસ્તકોમાં જ્ઞાત પુત્ર વર્ધમાન અર્થાત્ મહાવીર પ્રભુ સંબંધી લખાણ છે. શ્રી જ્ઞાત પુત્ર વર્ધમાનનો અમુક શ્રાવક હતો તે બુદ્ધનો રાગી થયો વગેરે. શ્રી મહાવીર પ્રભુના વખતમાં જૈન ક્ષત્રિય રાજાઓનો મોટો ભાગ જૈનધર્મ પાળતો હતો. વિશાલા નગરીના ચેડા રાજા અને ચંપા-નગરીના કોણીકની મહાભારત લડાઇ થઈ હતી અને તે બન્ને રાજાઓ જૈનધર્મ પાળતા હતા. વિશાલા નગરીના ચેડા મહારાજા શ્રી મહાવીર પ્રભુના મામા થતા હતા. શ્રી મહાવીર પ્રભુના વખતમાં કેશીકુમારે નાસ્તિક એવા પ્રદેશી રાજાને પ્રતિબોધ દેઇ જૈનધર્મી બનાવ્યો હતો. શ્રી રૂષભપુરના ભદ્રનંદિ રાજપુત્રે શ્રી વીર પ્રભુ પાસે દીક્ષા લીધી હતી. શ્રી વીર પ્રભુની પાસે રાજાના પુત્ર અતિમુક્તકુમારે બાલ્યાવસ્થામાં દીક્ષા અંગીકાર કરી હતી. તેમજ શ્રેણિકના પુત્રો—મેઘકુમાર—નંદિષેણ-

અભયકુમાર વગેરેએ દીક્ષા લીધી હતી.

શ્રી મહાવીર પ્રભુના માતા અને પિતા બન્ને શ્રી ત્રેવીસમા પાર્શ્વનાથ પ્રભુના સંતાનીય સાધુના શ્રાવક અને શ્રાવિકા તરીકે હતા. શ્રી વીરપ્રભુથી પૂર્વે થનાર શ્રી પાર્શ્વનાથના પિતાશ્રી અશ્વસેન એ કાશીદેશના રાજા હતા તે વખતમાં જૈન ધર્મનો ઘણા દેશોમાં પ્રચાર હતો. શ્રી પાર્શ્વનાથ પ્રભુનું સર્પલંછન હતું તેથી ગણા દેશના લોકો તેમજ પૂજક તરીકે પોતાને તાર્ક્ષવંશી જણાવતા હતા. શ્રી પાર્શ્વનાથ પ્રભુના પહેલાં નેમનાથ પ્રભુ થએલા છે તેમણે જૈનધર્મનો સારી રીતે પ્રચાર કર્યો હતો.

ખંભાત શ્રી સ્તંભન પાર્શ્વનાથ છે તેના બિંબના પાછલા ભાગમાં આ પ્રમાણે લેખ છે.

**श्लोक.**

**नमेस्तीर्थकृते तीर्थे वर्षेद्दीक चतुष्टये**

**आषाढ श्रावको गौडो कारयेत् प्रतिमात्रयम् ॥**

જૈન ઐતિહાસિક દૃષ્ટિ પ્રમાણે આ ચોવીશીના નમિનાથ તીર્થંકરના શાસન પછી ૨૨૨૨ વર્ષ ગયે છતે આષાઢ નામનો ગૌડ દેશનો વાશી શ્રાવક હતો તેણે ત્રણ પ્રતિમાઓ ભરાવી. નમિનાથ તીર્થંકરના ૨૨૨૨ વર્ષ ગએ આ ત્રણ પ્રતિમાજી ભરાવ્યાં તેને હાલ ૫૮૬૬૬૨ વર્ષ લગભગ થઇ ગયાં. આ ત્રણમાંની એક પ્રતિમા પાટણ પાસેના ચારૂપ ગામમાં છે, બીજી શ્રી પાટણમાં છે અને ત્રીજી ખંભાતમાં સ્તંભન પાર્શ્વનાથથી ઓળખવામાં આવે છે. શ્રી આત્મારામજી મહારાજે આ સંબંધી હકીકત તત્ત્વનિર્ણય પ્રાસાદમાં ( પત્ર ૫૩૩–૩૪ ) મામાં આપી છે. મર્હુમ મહારાજશ્રીએ પ્રભાવક ચરિત્ર અને પ્રવચન પરીક્ષા બે ગ્રંથોના આધારે હકીકત લખી છે. જૈનો પોતાના તીર્થંકરોના સંવત્સરોના મૂર્તિયોની ઉપર લખે છે. આ પ્રમાણે પ્રતિમાના લેખો જોતાં પાંચ લાખ છાસી હજાર છસેને બાસઠ વર્ષ પૂર્વે

જૈનધર્મ આર્યો પાળતા હતા. એવું સિદ્ધ થાય છે.

જૈનધર્મની પ્રાચીનતા સંબંધી મથુરાના લેખો પણ ઘણી ઉપયોગી હકીકત પૂરી પાડે છે.

## मथुरानी जिनमूर्तिपरनो प्राचीन लेख.

सिद्धं । सं० २० ग्रामा १ । दि १०+५ । कोट्टियतोगणतो वाणियतो, कुलतो, वणरितो शाखातो, शिरिकातो, भत्तितो वाचकस्य अर्य्यसंघसिंहस्य निर्वर्त्तनंदत्तिलस्य........वि-लस्य कोठुंबिकिय जयवालस्य देवदासस्य नागदिनस्य च नागदिनाये, च मातुश्राविकाये दिनाये दानं ।इ। वर्धमान प्रतिमा.

સંવત્ ૨૦ ઉષ્ણકાલનો પ્રથમ માસ મિતિ પુનેમ કોટિક ગણ વાણિજ્યકુલ વૈરી શાખા શિરિકા ભાગના આર્યસંઘસિંહની પ્રતિષ્ટાપેલી શ્રી વર્ધમાન સ્વામીની પ્રતિમા છે. નંદિલ વિ. લસ્ય કોટુંબિક જયપાલના દેવદાસના નાગદિનની નાગદિનાને માટે આ પ્રતિમા સ્થાપી છે. આ લેખમાં જે સંવત છે તે હિન્દુસ્તાન અને સિથીઆ દેશના મધ્ય ભાગમાં રાજ્ય કરી ગએલા કનિષ્ટ રાજાનો છે એમ લાગે છે. બીજા શિલાલેખો નીચે પ્રમાણે છેઃ—

"नमो अरहंतानं नमो सिद्धानं सं. ६०+२ ग्र, ३ दि. ५ एतायेपुर्वायेरारकस्य अर्यककसंघस्तस्य शिष्याआतये कोगहबरी यस्य निर्वतन चतुर्वर्नस्य संघस्य यादिन्नापडिमा (भो० १) ग. (११) वैहिकायेदत्ति"

કનિષ્ઠ સંવત ૯ માં લખાયેલો શિલાલેખ.

सिद्धं महाराजस्य कनिष्कस्य राज्ये संवत्सरे नवमे ॥९॥ मासे प्रथ १ दिवस ५ अस्यांपूर्वाये कोटियतो गणतो वाणि-

**यतो कुलतो वइरितो शाखातो वाचकस्य नागनंदि सनिर्वर्तनं ब्रह्मधूतुये भटिमित्तस्स कुटुंबिनिये विकटाये श्री वर्धमानस्य प्रतिमा कारिता सर्वसत्त्वानं हितसुखाये ॥**

ઉપરનો લેખ શ્રી મહાવીર પ્રભુની પ્રતિમાપર કોતરેલો છે.

શ્રી મહાવીરની આઠમી પાટપર થએલા સુસ્થિત નામના આચાર્યે સુરિમંત્ર કોટિવાર ગણીને કૌટિક નામના ગણુની સ્થાપના કરી હતી. તે ગણુ ( ગચ્છ )ના પેટામાં ચાર કુલો થયાં કે જેમાં ત્રીજા વાણિજ્ય કુળની વૈરી શાખા હતી.

કલ્પસૂત્રની સ્થવિરાવલીમાં—વાણિજ્ય કુળ વૈરી શાખા, કૌટિકગણુ વગેરેની હકીકત આવે છે અને તેની સાથે મથુરાંની ટેકરીપરથી ખોદતાં નીકળેલા લેખો મળતા આવે છે. તે ઉપરથી મથુરા વગેરે નગરીઓમાં પૂર્વે જૈનોની અપૂર્વ ઝાહોઝલાલી હતી તે આ ઉપરથી સિદ્ધ થાય છે. પૂર્વ દેશની નગરીઓમાં જૈન પ્રતિમાઓપર પૂર્વે લેખો હતા તે મંદિરો અને પ્રતિમાઓનો નાશ થવાથી હાલ જૈન શિલાલેખો જોઇએ તેટલા મળી શકતા નથી. કારણુ કે પટના વગેરે નગરીઓની ખરાબી જલ પ્રલય તથા ધર્મયુદ્ધો વગેરેથી થઈ છે તેથી તે નગરીઓના લેખો મળી શકતા નથી—કેટલીક નગરીઓ તો તણાઇ ગઈ છે અનેદટાઇ ગઇ છે. ખોદ કામ અને શોધ કામથી આગળ ઉપર ઇતિહાસપર અજવાળું પડશે એમ સમજાય છે. હાલ જૈનોના પ્રાચિન શિલાલેખોની શોધ ચાલે છે તેથી ભવિષ્યમાં જૈનધર્મની પ્રાચિનતાપર ઘણું અજવાળું પડશે એમ આશા રાખી શકાય છે.

શ્રેણિક રાજાને પહેલાં ગૌતમબુદ્ધના ઉપદેશથી બૌદ્ધ ધર્મની અસર થઇ હતી પણુ પાછળથી ચેલણા રાણીના ઉપદેશથી અને શ્રી મહાવીર પ્રભુના ઉપદેશથી જૈનધર્મની પૂર્ણ શ્રદ્ધા બેઠી તેથી તે શ્રી વીરપ્રભુના

પૂર્ણ ભક્ત બન્યા અને જૈનધર્મનો ફેલાવો કરવા તેમણે ઘણો પ્રયત્ન કર્યો હતો. શ્રી વીર પ્રભુની પાસે અનેક ક્ષત્રિય રાજાઓએ અને રાજપુત્રોએ દીક્ષા અંગીકાર કરી હતી. અંબડ તાપસે પાંચસેં તાપસો સહિત શ્રી વીરપ્રભુની પાસે શ્રાવક ધર્મ અંગીકાર કર્યો હતો. મ્લેચ્છ આર્દ્ર દેશના આર્દ્રકુમાર યુવરાજે શ્રી વીરપ્રભુ પાસે આવીને જૈન સાધુ દીક્ષા અંગીકાર કરી હતી. મેતાર્ય ચંડાલે દીક્ષા શ્રી વીરપ્રભુ પાસે અંગીકાર કરી હતી. તાતાર વગેરે દેશ તરફથી હિન્દુસ્થાનપર સ્વારીઓ લાવનાર સિથિયન ( શક ) લોકોએ પણ જૈનધર્મ અંગીકાર કર્યો હતો. શ્રી વીરપ્રભુના વખતમાં શક રાજાઓએ પણ જૈનધર્મ અંગીકાર કર્યો હતો.

અરબસ્તાન, ઇરાન, ગ્રીસ, મીસર, અને તુર્કસ્તાન વગેરે દેશો તરફ જૈનધર્મ ફેલાયો હતો. શ્રેણિક રાજાના પુત્ર ઉદાયિ રાજાએ શ્રી વીરપ્રભુનું પોતાના નગરમાં મોટામાં મોટું સામૈયું કર્યું હતું એમ ઉવવાઇ સૂત્રથી માલુમ પડે છે. શ્રી મહાવીર પ્રભુએ દેહોત્સર્ગ કરતી વખતે સોળ પ્રહર સુધી ભારતવાસીઓને, દયા, સત્ય, બ્રહ્મચર્ય, પુણ્ય, અને પાપ વગેરે અનેક બાબતોપર ઉપદેશ દીધો હતો. શ્રી વીરપ્રભુએ ચારે વર્ણના મનુષ્યોને દીક્ષા આપીને સાધુઓ બનાવ્યા હતા તથા ચારે વર્ણની સ્ત્રીઓને દીક્ષા આપીને જૈન સાધ્વીઓ બનાવી હતી. તેમના વખતમાં ચારે વર્ણ જૈનધર્મ પાળતી હતી. નાત જાતના ભેદને ધર્મમાં ગણવામાં આવતો નહોતો. ગમે તે વર્ણનો મનુષ્ય જૈનધર્મ પાળતો હતો.

## ચાલીશ કરોડ જૈનો.

શ્રી વીરપ્રભુના સમય લગભગમાં અને તેમની પાછળ બે ત્રણ સૈકા સુધી જૈનોની ચાલીશ કરોડની સંખ્યા હતી. શ્રી વીરપ્રભુ પછી સુધર્માસ્વામી પટ્ટધર થયા તેમની પાટપર જંબુસ્વામી થયા. રાજગ્રહી નગરીમાં રૂષભ અને ધારિણીના પુત્ર જંબુસ્વામી થયા. તેમણે આઠ

કન્યાઓ સાથે પાણિગ્રહણ કર્યું હતું. તેમને ત્યાં ચોરી કરવા આવેલા પ્રભવા ચોરને ચારસે નવાણુ ચોર સહિત અને આઠ કન્યાઓ તથા તેમનાં માતા પિતાઓ તથા પોતાના માતા અને પિતાની સાથે પાંચસે સત્તાવીશ સાથે નવાણુ કરોડ સોનૈયાનો ત્યાગ કરીને તેમણે દીક્ષા અંગીકાર કરી હતી. તેમની પટ્ટ પરંપરાએ આર્ય સુહસ્તિસૂરિ થયા. આર્ય સુહસ્તિસૂરિના વખતમાં સંપ્રતિ રાજા થયો. સંપ્રતિના પિતાનું નામ કુણાલ હતું અને કુણાલના પિતાનું નામ અશોક હતું. શ્રેણિકનો પુત્ર કોણીક હતો તેણે રાજ્યગૃહીનો ત્યાગ કરીને ચંપા નગરીમાં રાજ્યગાદી સ્થાપી. કોણીકનો પુત્ર ઉદાયી થયો તેણે પટના શહેર વસાવ્યું અને તેણે ત્યાં રાજ્યગાદી સ્થાપન કરી—કોણિક અને ઉદાયી જૈન રાજાઓ હતા. અને ઉદાયીની ગાદીપર પટના શહેરમાં નવનંદ રાજાઓ થયા અને નવનંદની ગાદીપર જૈન ચંદ્રગુપ્ત રાજા થયો અને તેની ગાદીપર અશોક રાજા બેઠો. પહેલાં અશોક રાજા બૌદ્ધ હતો, પાછળથી તે જૈનધર્મ થયો હતો. પ્રખ્યાત ચિનાઇ મુસાફર હ્યુએન્સાંગ લખે છે કે, અશોકે કોતરાવેલા ગાંધારના એક શિલા લેખમાં એવું જણાવ્યું છે કે અગાઉ અહીં અસંગબોધિ સત્ત્વ, મનોરહિતબોધિ સત્ત્વ, શ્રી પાર્શ્વનાથ તીર્થંકર બોધિ સત્ત્વ થએલા છે તક્ષશિલાના અશોકના શિલા લેખમાં જૈનોના ત્રેવીસમા પાર્શ્વનાથનું નામ આવે છે. લંબાણથી જોવા ઇચ્છિનારે લોર્ડ કનીંગહામની અંગ્રેજી ભાષામાં રચેલી પ્રાચીન ભૂગોળ જોવી. આર્યસુહસ્તિના ઉપદેશથી ઉજ્જયિનીમાં સંપ્રતિરાજાએ જૈનધર્મ સ્વીકાર્યો. પોતાના પિતામહની પાછળ સંપ્રતિરાજાએ હિન્દનું સાર્વભૌમત્વ સ્વીકાર્યું. સંપ્રતિરાજાએ હિન્દુસ્થાનની બહાર જૈનસાધુઓને ઉપદેશ દેવા માટે શ્રી આર્યસુહસ્તિને વિનંતિ કરી. પ્રથમ અનાર્ય દેશોમાં વિહાર કરવા માટે અને અનાર્ય લોકોને આર્ય કરવા માટે વીર પુરૂષોને સાધુઓનો વેષ પહેરાવી તથા સાધુઓનો

આચાર શિખવી, અફગાનિસ્તાન, ઇરાન, તુર્કસ્તાન, ગ્રીસ, અરબસ્તાન, ટીબેટ, બ્રહ્મદેશ અને તાતાર વગેરે દેશોમાં મોકલ્યા. તેઓએ ત્યાં જઈ અનાર્ય લોકોને જૈનધર્મનો ઉપદેશ દઇને ખરા આર્ય તરીકે બનાવ્યા અને તેથી ત્યાંના લોકો જૈનસાધુઓની ભક્તિ કરવા લાગ્યા તથા ધર્મના આચારો અને વિચારોમાં કુશલ થયા.

પ્રભાવક ચરિત ગ્રંથમાં આ સંબંધી ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેમજ નવતત્વ ભાષ્યમાં આ સંબંધી નીચે પ્રમાણે ઉલ્લેખ છે. એક દિવસ સંપ્રતિ રાજા રાત્રીના ચરમ પ્રહરમાં સુખે ઉઠીને ધર્મ જાગરિકામાં આ પ્રમાણે વિચારવા લાગ્યો.

प्रवर्तयामि साधूनां सुविहारविधित्सया ।
अन्ध्राद्यनार्य देशेषु यतिवेषधरान् भटान् ॥ ५८ ॥
येन व्रतसमाचारवासनावासितोजनः ।
अनार्योऽप्यन्नदानादौ साधूनां वर्तते सुखम् ॥ ५९ ॥
चिन्तयित्वेत्थमाकार्यानार्यानेवमभाषत ।
भो यथा मद्भटा युष्मान् याचन्ते मामकं करम् ॥१६०॥
तथादद्यात तेऽप्यूचुः कुर्म एवं ततोनृपः ।
तुष्टस्तान् प्रेषयामास स्वस्थानं स्वभटानपि ॥ १६१ ॥
सत्तपस्विसमाचार–दक्षान् कृत्वा यथाविधि ।
प्राहिणोन्नृपतिस्तत्र बहूँस्तद्वेषधारिणः ॥ १६२ ॥
ते च तत्रगतास्तेषां वदन्त्येवं पुरः स्थिताः
अस्माकमन्नपानादि प्रदेयं विधिनामुना ॥ १६३ ॥
द्विचत्वारिंशता दोषैर्विशुद्धंयद्भवेन्नहि ।
तन्नैवकल्पतेऽस्माकं वस्त्रपात्रादि किञ्चन ॥ १६४ ॥

आधाकर्मोदयश्चामी दोषा इत्थं भवन्ति भोः ।
तच्छुद्धमेव नः सर्वं प्रदेयं सर्वदैव हि ॥ १६५ ॥
न चात्रार्थे वयं भूयो भणिष्यामः किमप्यहो ।
स्वबुद्धया स्वत एवोचैर्यतध्वं स्वामितुष्टये ॥ १६६ ॥
इत्यादिभिर्वचोभिस्ते तथा तैर्वासिता दृढम् ।
कालेन जज्ञिरेऽनार्या अप्यार्येभ्यो यथाधिकाः ॥ १६७ ॥
अन्येद्युश्च ततोराज्ञा सूरयो भणिता यथा ।
साधवोऽन्ध्रादिदेशेषु किं न वो विहरन्त्यमी ॥ १६८ ॥
सूरिराह न ते साधु–समाचारं विजानते ।
राज्ञोचे दृश्यतां तावत् कीदृशी तत् प्रतिक्रिया ॥१६९॥
ततोराजोपरोधेन सूरिभिः केऽपि साधवः
प्रेषितास्तेषु ते पूर्वं वासनावासितत्त्वतः ॥ १७० ॥
साधूनामन्नपानादि सर्वमेव यथोचितम् ।
नीत्या संपादयन्तिस्म दर्शयन्तोऽतिसंभ्रमम् ॥ १७१ ॥
सूरीणामन्तिकेऽन्येद्युः साधवः समुपागताः ।
उक्तवन्तो यथानार्या नाममात्रेण केवलम् ॥ १७२ ॥
वस्त्रान्नपानदानादि–व्यवहारेण ते पुनः ।
आर्येभ्योऽभ्यधिका एव प्रतिभान्ति सदैव नः ॥ १७३ ॥
तस्मात् सम्प्रतिराजेनाऽ नार्यदेशा अपि प्रभो ।
विहारयोग्यतां याताः सर्वतोऽपि तपस्विनाम् ॥ १७४ ॥

श्रुत्वैवं साधुवचनमाचार्यसुहस्तिनः ।
भूयोऽपि प्रेषयामासुरन्यानन्यॉंस्तपस्विनः ॥ १७५ ॥
ततस्ते भद्रका जाताः साधूनां देशनाश्रुतेः ।
तत्प्रभृत्येव ते सर्वे निशीथेऽपि यथोदितम् ॥ १७६ ॥
समणभडभाविएसु तेसुं देसेसु एसणाइहिं ।
साहूसुहं विहरिया तेणंते भद्दया जाया ( निशीथचूर्णी )
एवं सम्प्रतिराजेन यतीनां संप्रवर्तितः ।
विहारोऽनार्यदेशेषु शासनोन्नतिमिच्छता ॥ १७७ ॥
( नवतत्त्वभाष्ये )

આજથી બાવીસેં વર્ષ પૂર્વે થએલ—ઉપર્યુક્ત સમ્પ્રતિરાજાની શાસનોન્નતિની પ્રવૃત્તિ વાંચીને કોના મનમાં સમ્પ્રતિ રાજા અને આર્યસુહસ્તિ સૂરિને ધન્યવાદ દેવાનો વિચાર નહિ આવે. અન્ધ્ર વગેરે અનાર્ય દેશોમાં વિહાર કરવા માટે સમ્પ્રતિ રાજાએ સગવડતા કર્યા બાદ ખરા સાધુઓનાં ટોળેટોળાં વારંવાર અનાર્ય દેશોમાં વિચરવા લાગ્યાં અને અનાર્યો હવે તો આર્યો કરતાં અધિક ઉત્તમ છે એવા તેમણે સૂરિની આગળ ઉદ્ગારો કાઢ્યા. જૈનોની સંખ્યા શ્રી સંપ્રતિ રાજાના સમયમાં ચાલીશ કરોડની હતી એમ ઇતિહાસકારો જણાવે છે. સંપ્રતિ રાજાના સમયમાં મહમદ અગર ઇશુનો જન્મ નહોતો. બ્રહ્મદેશ—આસામ—ટીબેટ—અફગાનિસ્તાન—ઈરાન—તુર્કસ્તાન—અરબસ્તાન અને લંકા વગેરેમાં પ્રસરેલા જૈન ધર્મથી જૈનોની સંખ્યા ચાલીસ કરોડની હોય એમાં કંઇ આશ્ચર્ય નથી.

ટૉડ રાજસ્થાનમાં ટૉડ સાહેબ જૈનોને બુદ્ધ તરીકે ઓળખીને બુદ્ધના નામથી કેટલુંક લખે છે. ટૉડ સાહેબ જો જૈનધર્મ અને બુદ્ધ ધર્મનો ભેદ જાણતા હોત તો તેઓ જૈનધર્મને અને તીર્થંકરને બુદ્ધ

તરીકે ઓળખાવત નહીં. તેમણે જ્યાં બુદ્ધની વ્યાખ્યા આપી છે ત્યાં જૈનધર્મની વ્યાખ્યા સમજીને તેમના પુસ્તકમાંથી કેટલાક ઉતારા આપવામાં આવે છે.

આ સીથીયન લોકો જૈનધર્મને પૂજતા હતા. ટૉડે બુદ્ધધર્મને પૂજતા હતા એવું લખ્યું છે કે તે દેશોમાં જૈનધર્મ ફેલાયલો હોવાથી જૈનધર્મને પૂજતા હતા.

પત્ર ૬૪.–ગેટે, તાક્ષક, આસી, કાઠી, રાજપાલી, હુન્સ, કામારી, કામનીઆ ઇન્દુસાઇથીક જાતોની ચડાઇઓથી ઇન્દુ અથવા ચંદ્રવંશના બુદ્ધ (તીર્થંકર) ની ભક્તિ દાખલ થઇ. જે જાતીઓએ હિન્દુસ્થાનપર ચઢાઇ કરી તે જાતીઓમાં શ્રી પાર્શ્વનાથ અને વીરપ્રભુના વખતથી તીર્થંકરની ભક્તિનો ઉપદેશ દાખલ થયો હતો. ( ટોડ રાજસ્થાન. )

પત્ર ૬૬–આ સમય છેલ્લા બુદ્ધ અથવા મહાવીરનો છે. આમ ટૉડ સાહેબ લખે છે તે ઉપરથી ખ્યાલ આવે છે કે ટૉડ સાહેબ શ્રી પાર્શ્વનાથ, વીરપ્રભુ તીર્થંકરોને બુદ્ધ તરીકે ઓળખે છે; પણ તેમાં તેમની ભૂલ થઈ છે વળી આપણે તો જણાવવાનું એટલું છે કે તેમના મત પ્રમાણે મલાકાની સામુદ્રધુનીથી તે કાસ્પીયન્ સરોવર સમુદ્ર સુધી પહેલાં જૈનધર્મ હતો. પશ્ચાત્ જૈનધર્મની પાછળ બુદ્ધધર્મ પણ દાખલ થએલો જણાય છે.

પૂર્વ દેશના આસિ. તાક્ષક અને ગેટ લોકો બુદ્ધની–તીર્થંકરની પૂજા કરતા હતા. તેવી રીતે આસિ. ગેટે વગેરે લોકો પોતાના વંશના સ્થાપનાર તરીકે સત્ય ભાવાર્થમાં તીર્થંકરોને પૂજતા હતા.

“ આ સઘળા ઇન્દુ સાઇથીક ચડાઇ કરનારા બુદ્ધધર્મ (તીર્થંકર ધર્મ ) પાળતા હતા. અને તેથી કરીને સ્કાન્ડીનેવીયન અથવા જર્મન જાતો અને રજપૂતો વચ્ચે રીતભાત અને દેવકથાનું એક સરખાપણું

તેઓની વીરરસ કવિતાઓ સરખાવવાથી વધી જાય છે.” પૂર્વે એ જાતોમાં જૈનધર્મ ફેલાયો હતો. તેઓ જૈનધર્મના પૂજક હતા. પાછળથી જૈનધર્મ પાળનાર તરીકે તેઓ ઉપદેશના અભાવે રહી શક્યા નહીં. હિન્દુસ્થાનની ક્ષત્રિય જાતો પહેલાં જૈનધર્મ પાળતી હતી. સર્વે તીર્થંકરો ક્ષત્રિય જાતમાં અવતરેલા હતા.

અગ્નિકૂળના રાજાઓ જૈનધર્મી હતા–રાઠોડમાંની ધાંદુલ, ભાડાઇલ, ચાક્રીટ, દુહુરીયા, ખોક્રા, બદુરા, ચાજીરા, રામદેવ, કાબ્રીયા, હાતુંડિયા, માલાવાત, સુણ્ડુ, કાટાઇચા, મુહોલી, ભોગદેવ, મહાઇચા, જેશીંગા, સુરસીયા, જોટસીયા, જોરાવરો વગેરે શાખાઓ જૈનધર્મવંશી હોઇ શકે છે, એમ ટૉડ સાહેબ કહે છે. અમારૂં તો માનવું એવું છે કે શ્રી વીરપ્રભુના સમયમાં તથા શ્રી પાર્શ્વનાથના સમયમાં સૂર્યવંશી અને ચંદ્રવંશી રાજાઓ જૈનધર્મ પાળતા હતા. શંકરાચાર્ય થયા બાદ ધીમે ધીમે ચોહાણ વગેરે રાજાઓ હિન્દુ ધર્મ પાળવા લાગ્યા. હાલમાં જે વણિક જૈનો છે તેમાંના કેટલાક ચોહાણ વંશના છે. કેટલાક પરમાર અને શિશોદિયા રજપૂતો છે. કેટલાક ચાવડા રજપુતો છે. એ ઉપરથી સમજી શકાશે કે જ્યારે જૈનધર્મની પડતીનો પ્રારંભ થયો ત્યારે જૈનાચાર્યોએ ક્ષત્રિયો કે જે જૈનધર્મમાં ચુસ્ત રહ્યા હતા તેઓને તેમાંથી જૂદા પાડયા અને તેઓએ વણિગ વૃત્તિથી પોતાની આજીવિકા શરૂ કરી. હાલ તેથી તેઓ જૈન વાણિયા તરીકે ઓળખાય છે. ઓશવાળ વગેરે જાતો રજપુત જૈનો છે.

જ્યારે મહમદ પેગંબરની અરબસ્તાનમાં ઉત્પત્તિ થઇ તે પહેલાં અરબસ્તાનના મક્કા શહેરમાં જૈન મૂર્તિઓ હતી અને તેમાંની કેટલીક પ્રતિમાઓને મહુવામાં લાવવામાં આવી હતી. એમ સમકિત પરીક્ષાના ટબામાં જણાવવામાં આવ્યું છે. તક્ષશિલા–ગીઝનીમાં શ્રી ઋષભદેવનો સ્તંભ હતો એમ મથુરા તથા વિશાલા નગરીના સ્તૂપ પ્રસંગે

આવશ્યકની ટીકા વગેરેમાં જણાવવામાં આવ્યું છે. ટીબેટ તરફ પણ જૈનાચાર્યો ગયા હતા અને જ્યોતિર્વિદ્યા વગેરેની શોધખોળ કરતા હતા એમ પ્રતિ ભાસે છે. અન્ય દેશોમાં જૈન મૂર્તિઓ નીકળે છે તેનું કારણ એ છે કે પૂર્વે ત્યાં જૈનધર્મ પ્રવર્ત્તતો હતો. શ્રી હરિભદ્ર સૂરિના બે શિષ્ય ટીબેટમાં ગયા હતા એમ પ્રભાવક ચરિત્રમાંથી હકીકત મળી આવે છે કાશ્મીરમાં પૂર્વે જૈનધર્મ હતો એવું ઐતિહાસિક કથાઓથી સિદ્ધ થાય છે. શ્રી સુદર્શનાનું ચરિત્ર વાંચતાં માલુમ પડે છે કે સુદર્શના એ લંકાના રાજાની પુત્રી હતી અને તેને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું હતું તેથી તેણે જૈનધર્મ સ્વીકાર્યો હતો. નેપાળમાં ભદ્રબાહુ કે જે ચૌદ પૂર્વની વિદ્યાઓ જાણતા હતા તે મહાપ્રાણાયામનું ધ્યાન સિદ્ધ કરવાને ઘણા વર્ષ સુધી ત્યાં રહ્યા હતા તેથી નેપાલ, ભૂતાન વગેરેમાં જૈનો હતા અને તેમનાં મંદિરો હતાં એમ ઐતિહાસિક વૃત્તાંતથી સિદ્ધ થાય છે. શ્રી વીરપ્રભુ પશ્ચાત્ ૨૧૪ બસે ને ચૌદ વર્ષે આષાઢાચાર્યનો શિષ્ય અવ્યકતવાદી નિહ્નવ થયો તે વખતે રાજગ્રહી નગરીમાં જૈનધર્મી બલભદ્ર રાજા રાજ્ય કરતો હતો તેણે અવ્યકતવાદીને ઠપકાવી ઠેકાણે આણ્યો. નેપાલની આજુબાજુના પ્રદેશમાં ભદ્રબાહુ સ્વામીના વખતમાં સ્ફુલિંગ પાર્શ્વનાથનું મંદિર હતું તેથી ભદ્રબાહુ સ્વામીએ ફુલિંગમંત્ર પૂર્વોક્ત પાર્શ્વનાથના નામથી બનાવ્યો હતો. હિમાલયમાં જૈન તીર્થ છે તત્ સંબંધી નીચેના શ્લોકથી નિર્ણય થાય છે.

चित्रेशैलेविचित्रे यमकगिरिवरे चक्रवाले हिमाद्रौ ।
श्रीमत्तीर्थंकराणां प्रति दिवसमहं तत्रचैत्यानि वन्दे ॥ २ ॥

હિમાલય પર્વતમાં નેપાલમાં પૂર્વે જિનમન્દિર હતાં એમ સિદ્ધ થાય છે. હાલ તે છે કે નહીં તેની શોધ કરવાની જરૂર છે.

વિવિધ તીર્થકલ્પ નામના ગ્રન્થમાં લખ્યું છે કે હિમાલયે છાયા-પાર્શ્વો मन्त्राधिराजः श्रीस्फुलिङ्गः હિમાલયમાં છાયા પાર્શ્વનાથ. મંત્રાધિરાજ અને સ્ફુલિંગ પાર્શ્વનાથનું તીર્થ હતું. બૃહતકલ્પ વગેરે ગ્રન્થોથી સિદ્ધ થાય છે કે ખાસ અપવાદો કે જેનું આગમોમાં વર્ણન કરવામાં આવ્યું છે તેવાં કારણોએ જૈનસાધુઓ અનાર્ય દેશમાં પણ વિચરી શકે છે.

ટૉડ રાજસ્થાન.

પત્ર ૨૧૩.–જ્યારે વલ્લભીપુર નગરપર ધાડ પડી ત્યારે તમામ વસનારા નાસી ગયા. અને વાલી સંદેરાય અને નાદોલ વગેરે ગામો મરૂધર દેશમાં સ્થાપ્યાં ? આ શહેરો હજી પણ જાણવાજોગ છે અને તે બધામાં જૈનધર્મ હજી સુધી છે. તે જૈનધર્મ વલ્લભીપૂરમાં જ્યારે જંગલી લોકો હલ્લો કરીને આવ્યા ત્યારે ત્યાં મુખ્ય ધર્મ હતો. જૈન લોકોએ બચાવી રાખેલા હેવાલ પ્રમાણે આ બનાવ સને પ૨૪ માં બન્યો હતો.

૨૨૪.–" વલ્લભીપુરપર હલ્લો કરવામાં આવ્યો ત્યારે એકસો (જૈન) મંદિરવાળા, આ શહેર ને ત્રીશહજાર કુટુંબો છોડી ચાલ્યા ગયા અને તેમનો આગેવાન એક જૈન ધર્મગુરૂ હતો. તેમની પાછળ પોતાના ધર્મનું રક્ષણ કરવાને તેઓ મરૂધર (મારવાડમાં) ગયા. ત્યાં તેઓએ સંદેરાય અને બાલહી નામનાં શહેરો બંધાવ્યાં. વલ્લભી અને વિદેશ ગમન કરનારાઓનો જૈનધર્મ હતો." વલ્લભીપુરમાંથી નાસેલા રાજાઓએ મોરી[1]

---

૧ ટીંટોઈ પાસે સામળાજી છે અને તેની પાસે બે ત્રણ ગાઉથી મોરી શહેરના ખંડેરનાં ચિન્હો શરૂ થાય છે. મોરીમાં એકેક હાથની લાંબી અને પોણા મણના આશરાની એકેક એકેક ઇંટ ખોદતાં નીકળે છે. ટીંટોઇ ગામમાં મોરી પાર્શ્વનાથની પ્રતિમા છે તે અસલ મોરી ગામમાં હતી. મોરી ગામ ઘણું પ્રાચીનકાલનું હતું. શાહબુદ્દીનગોરી વગેરે બાદશાહોના વખતમાં

નામનું શહેર વસાવ્યું અને તે રાજાના વંશમાંથી બાપા રાવળની ઉત્પત્તિ થઇ. વલ્લભીપુરમાં બે ત્રણ વખત હુમલાઓ થયા છે એમ સિદ્ધ થાય છે. તે વલ્લભીપુરમાંથી નાસીને મોરીમાં ગયેલા રાજાઓ જૈનધર્મ પાળતા હતા. આ બાબતનો ઇતિહાસ જૈનગ્રન્થોમાંથી નીકળી આવે છે. સંદેરાયના પંચાંગમાંથી અને જૈનગ્રન્થોમાંથી આ બાબતની ઘણી હકીકત મળી શકે તેમ છે તે સંબંધી હજી ઘણી તપાસ કરવાની જરૂર છે. બાપા રાવળના વંશજોએ ચિતોડપર રાજ્ય કર્યું હતું. ચિતોડમાં શ્રી હરિભદ્રસૂરિ રહેતા હતા તે વખતમાં ત્યાંનો રાજા જૈનધર્મ પાળતો હતો. પાછળથી વેદધર્મીઓનું જોર વધતાં બાપા રાવળના વંશજોમાં વેદધર્મે પગ પેસારો કર્યો તોપણ તેમના શિશોદિયા વંશના ઉદેપુરના રાણાઓ વગેરે રજપુતસ્થાનના રાજાઓએ જૈનાચાર્યોને માન આપવામાં કચ્ચાશ રાખી નથી. હાલ પણ ઉદેપુરના રાણા તરફથી જૈન સૂરિઓને સારીરીતે માન મળે છે. બાપા રાવળના વંશજો અસલ જૈનધર્મી હતા એમ જૈન ગ્રન્થોથી સિદ્ધ થાય છે.

---

તેનાપર હુમલો આવવાથી તેનો નાશ થયો છે એમ કિંવદન્તીઓથી જણાય છે. मुहरीपासदुहदुरिअखंडण એ જગચિંતામણિના ચૈત્યવંદનમાં જણાવેલા પાર્શ્વનાથ તે મોરી અર્થાત્ મુહરી ગામમાં હતા એમ કેટલાક વિદ્વાનો જણાવે છે. એમ પણ બન્યું હોય કે વલ્લભીપુરથી નાસેલા ક્ષત્રિય રાજવંશી જૈનોએ પર્વતમાં આવેલા મહુરી ગામનો આશ્રય કરીને સમરાવ્યું હોય અને ત્યારથી તેમણે સુધરાવ્યાથી તેમનાથી ખ્યાતિ વધી હોય ગમે તેમ હોવ પણ મહુરી (મોરી) માં ક્ષત્રિય જૈન રાજાઓ રાજ્ય કરતા હતા એ સિદ્ધ થાય છે. તેની પાસે આવેલું શામળાજીનું દેહરૂં જૈનોનું હતું. એમ જૈન મન્દિરની શિલ્પકલાના વિધાનથી સિદ્ધ થાય છે. તેમાં થોડાં શતકપર વૈષ્ણવોએ મૂર્તિ બેસાડી છે.

મોરી (મોરીમાં થએલા) રાજાની પછી મેવાડમાં ગેહલોટી વંશની સ્થાપના થઇ હતી તે વંશમાં પણ પૂર્વે જૈન રાજાઓ થઈ ગયા છે. અને તેમનાં બંધાવેલાં મેવાડની પાલોમાં હાલ પણ જૈનમન્દિરોનાં ખંડીયરો છે."

પત્ર ૬૫૫–"મોગલના તેમજ હિન્દુઓના ઇતિહાસમાં પ્રખ્યાત થએલા ધારૂલ ખૈરની સરહદમાં આવી અજાયબીઓ છે. ચૌહાણોની દંતકથાને ટેકો આપનારા શિલાલેખો મેળવવાને મેં ઘણી મહેનત કરી પણ તે નકામી ગઇ. આટલું છતાં ભાગ્યયોગે મને જુના રાજાઓના સિક્કાઓ મળી આવ્યા હતા. જે ઉપર બુદ્ધ અને જૈનની નિશાનીઓ માલમ પડતી હતી."

આ ઉપરથી સમજી શકાય છે કે પૂર્વે ક્ષત્રિય રાજાઓ જૈનધર્મ પાળતા હતા. પૂર્વે અનેક બ્રાહ્મણો જૈનધર્મ પાળતા હતા. ચોરાશી જાતના વાણિયા ગણાય છે. તેમાંથી ઘણી જાતના વાણિયાની સ્થાપના કરનારા જૈનાચાર્યો હતા. સિન્ધ અને સૌવીર દેશના રાજાઓએ જૈનધર્મ અંગીકાર કર્યો હતો એમ કલ્પસૂત્રથી સિદ્ધ થાય છે. દશાર્ણભદ્રરાજાએ શ્રી વીરપ્રભુનું મોટું સામૈયું કર્યું હતું અને તેણે સાધુપણું અંગીકાર કર્યું હતું. વિહાર દેશ તો જૈનોની જાહોજલાલીવાળો દેશ હતો. આસામ, જાવા, બ્રહ્મદેશ, ઓઢીયા વગેરે દેશમાં પહેલાં જૈનધર્મ હતો. કયા કયા દેશમાં પૂર્વે જૈનધર્મ હતો તે તીર્થોની સિદ્ધિથી નક્કી થાય છે માટે તે જણાવવાને નીચે પ્રમાણે શ્લોકો લખવામાં આવે છે.

श्रीमाले मालवेवा मलयजनिखिले मेखले पीछलेवा ।
नेपाले नाहलेवा कुवलयतिलके, सिंहले मैथलेवा ॥
डाहाले कौशलेवा विगलीतसलिले जंगले वातिमाले ।
श्रीमत्तीर्थंकराणां प्रतिदिवसमहंतत्रचैत्यानि वन्दे ॥ ९ ॥

अंगेबंगेकलिङ्गे सुगतजनपदे सत्प्रयागे तिलङ्गे ।
गौडेचौडे मूरींडे वरतरद्राविडे उद्रियाणे च पौढ्रे ॥
आद्रेमाद्रे पुलींद्रे द्रविडकुवलये कान्यकुब्जे सुराष्ट्रे ।
श्रीमत्तीर्थकराणां प्रतिदिवसमहंतत्र चैत्यानि वन्दे ॥ ६ ॥

પાંચમા અને છઠ્ઠા શ્લોકથી જે જે દેશોમાં તીર્થો જણાવ્યાં છે તે તે દેશોમાં પૂર્વે જૈનધર્મ હતો અને કરોડો મનુષ્યો જૈનધર્મ પાળતાં હતાં એમ સિદ્ધ થાય છે.

આર્ય સુહસ્તિના વખતમાં તો ઉત્સર્ગ માર્ગે અનાર્ય દેશોમાં જૈન સાધુઓ વિચર્યા હતા એવું પૂર્વે જણાવવામાં આવ્યું છે. દક્ષિણ દેશમાં જૈન રાજાઓનું શ્રી વીરપ્રભુ અને તેમની પાછળ વિક્રમના સાત આઠ સૈકાઓ સુધી પુષ્કળ જોર હતું.

શ્રી વિક્રમના પહેલા, બીજા અને ત્રીજા સૈકા સુધી તો જૈનોનું પુષ્કળ જોર હતું. જૈનોની સાથે તે વખતમાં સ્પર્ધા કરે એવા બૌદ્ધો હતા પણ બૌદ્ધો કરતાં જૈનોની વસ્તી ઘણી હતી અને તેમજ જૈનધર્મી રાજાઓ પણ ઘણા હતા.

મીસીસ એનીબેસન્ટ જૈનધર્મ સંબંધી પોતાના ભાષણમાં જણાવે છે કે "આગળ જણાવ્યા પ્રમાણે દ્વીપકલ્પ (હિન્દ) ના આખા દક્ષિણ ભાગમાં થઇને નીચે પ્રસરતા જૈનો દક્ષિણ હિન્દુસ્તાનમાં આવી પહોંચ્યા. મદુરા, ત્રિચીનોપલી અને દક્ષિણ હિન્દુસ્થાનના બીજા ઘણા દેશોને તેઓએ રાજા પૂરા પાડયા છે." આ પ્રમાણે ઐતિહાસિક દૃષ્ટિથી જોતાં જૈનોનું પૂર્વે ઘણું જોર હતું એમ સિદ્ધ થયા વિના રહેતું નથી. જ્યારે હિન્દુસ્થાનપર સીથીયન લોકોની સ્વારીઓ આવી તે વખતે હિન્દુસ્થાનમાં ઘણા જૈન રાજાઓ હતા. કાઠીયાવાડમાં વલ્લભીપૂરીના ભંગ પૂર્વે ઘણા જૈન રાજાઓ હતા. કાઠિયાવાડમાં

વલ્લભીપૂરીમાં જૈનોનાં ત્રણસોનેસાઠ દેરાં હતાં અને એકી વખતે સર્વ દેરાસરોમાં ઘંટો વાગતા હતા. વિક્રમ સંવત્‌ની પૂર્વે ગુજરાતમાં પંચાસરા અને વડનગર એ બે જૂનાં નગર હતાં અને ત્યાં થનારા રાજાઓ જૈનધર્મ પાળતા હતા. વિક્રમ સંવત્ પાંચસે તેવીસમાં ગૂજરાતની ગાદીના વડનગરમાં ધ્રુવસેનરાજા રાજ્ય કરતો હતો. ધ્રુવસેનરાજા જૈનધર્મી હતો. તેનો પુત્ર મરણ પામવાથી તેને શોક થયો. તેનો શોક ટાળવાને વિ. સં. ૫૨૩ માં ધ્રુવસેનરાજાની સમક્ષ કલ્પસૂત્રની સભા મધ્યે વાચના શરૂ થઈ એમ કલ્પસૂત્રમાં લખ્યું છે. વિક્રમ સંવત્‌ની પૂર્વે ભદ્રબાહુ થયા અને તેમજ વિક્રમની પેલી સદિમાં વજ્રસ્વામી થયા વજ્રસ્વામીના વખતમાં મહાપુરીનો રાજા બૌદ્ધપક્ષમાં હતો તેને શ્રી વજ્રસ્વામીએ જૈનધર્મી બનાવ્યો હતો. માળવા, મારવાડ વગેરે દેશના રાજાઓ વિક્રમ સંવત્ પૂર્વે ઘણા જૈનધર્મ પાળતા હતા. ધર્મદાસગણિ મહારાજ કે જે શ્રી વીર પ્રભુના વખતમાં વિદ્યમાન હતા. તે રાજાના પુત્ર હતા. તેમના દેશમાં જૈનધર્મ પ્રસર્યો હતો. કાલિકાચાર્યના વખતમાં માળવા, ગુજરાત, સૌરાષ્ટ્ર, લાટ અને દક્ષિણ દેશના રાજાઓ જૈન હતા એમ તેમનાં ચરિત્રથી સિદ્ધ થાય છે. કાલિકાચાર્યે ત્રણ થયા હોય એમ સમજાય છે. ગર્દભિલ્લ રાજા કે જે ઉજ્જયિની નગરીમાં રાજ્ય કરતો હતો અને જેણે કાલિકાચાર્યની બેન કે જે સાધ્વી થઇ હતી તેને ગર્દભિલ્લ રાજાએ પોતાના અન્તઃપુરમાં ( જનાનખાનામાં ) રાખી હતી તેથી કાલિકાચાર્યે ઇરાન, તુર્કસ્થાનના શાહિઓને બોલાવી સોરઠ દેશમાં થઇ લાટદેશ અર્થાત્ ભરૂચ તરફના દેશના રાજાઓને જીતીને ઉજ્જયિનીના ગર્દભિલ્લરાજાને હરાવીને ગાદીપરથી ભ્રષ્ટ કર્યો હતો. તે વખતથી હિન્દમાં શાખી દેશના રાજાઓ અર્થાત્ શક રાજાઓનું જોર વધી પડયું. કેટલાક કાળે વિક્રમ રાજાએ શક વંશનો ઉચ્છેદ કરી સાર્વભૌમ રાજ્યની સ્થાપના કરી.

શ્રી કાલકાચાર્યે દક્ષિણ દેશના પ્રતિષ્ઠાનપુરમાં જૈનરાજા શતવાહનની સમક્ષ પાંચમની સંવત્સરી હતી તેની ચોથની સંવત્સરી કરી. પ્રભાવક ચરિત તથા નિશીથચૂર્ણીમાંથી આ બાબતના પાઠો મળી આવે છે. આપણે અત્ર એટલું વિચારવાનું છે કે કાલિકાચાર્યના વખતમાં દક્ષિણ દેશની રાજધાનીભૂત પ્રતિષ્ઠાનપૂરમાં જૈન રાજા હતો અને દક્ષિણ દેશમાં જૈનધર્મ પ્રવર્તતો હતો. શ્રી પાદલિપ્ત પ્રભુના કૂળમાં સ્કંદિલાચાર્ય થયા તેમણે ગૌડદેશમાં વિહાર કર્યો ત્યાંના મુકુંદ નામના બ્રાહ્મણને દીક્ષા આપી. તે વૃદ્ધ હતા. વિહાર કરતા કરતા તે લાટ દેશના લલામભૂત ભરૂચમાં આવ્યા. તે ઉંચે સ્વરે ગોખતા હતા તેથી એક યુવાન સાધુએ મશ્કરી કરી કે આ હવે વૃદ્ધાવસ્થામાં ગોખીને શું મૂશળકુ લાવશે. વૃદ્ધ મુકુંદ મુનિએ એકવિંશ દિવસ સુધી સરસ્વતિની આરાધના કરી અને દેવીની કૃપાથી વૃદ્ધવાદી તરીકે પ્રસિદ્ધ થયા. તેમની સાથે કાત્યાયન ગોત્રીય દેવપિતા દેવશ્રીમાતાનો પુત્ર સિદ્ધસેન બ્રાહ્મણ વાદ કરવા આવ્યો. વૃદ્ધ વાદિએ સિદ્ધસેનને હરાવી દીક્ષા આપી કુમુદચંદ્ર એવું નામ આપ્યું. તેમણે સકલ સિદ્ધાંતોનો અભ્યાસ કર્યો અને ઉજ્જયિની નગરીના વિક્રમાદિત્ય રાજાને પ્રતિબોધ આપીને જૈનધર્મી બનાવ્યો. જૈન થએલા એવા વિક્રમાદિત્ય રાજાએ શ્રી સિદ્ધાચળજીનો સંઘ કહાડયો હતો. સિદ્ધસેન દિવાકરસૂરિ ઉજ્જાયનીથી વિહાર કરીને ભરૂચમાં આવ્યા હતા તે વખતે ત્યાં બળામત્ર રાજાનો પુત્ર ધનંજય રાજા રાજ્ય કરતો હતો. તેણે શ્રી સિદ્ધસેનદિવાકર સૂરિની પાસે દીક્ષા અંગીકાર કરી હતી. વિક્રમ સંવત્ના પહેલા સૈકા સુધી તો ક્ષત્રિય જૈન રાજાઓ દીક્ષા અંગીકાર કરતા હતા એમ પ્રભાવક ચરિત્રથી સિદ્ધ થાય છે. સિદ્ધસેન દિવાકરસૂરિ દક્ષિણ દેશના પ્રતિષ્ઠાનપૂરમાં સ્વર્ગગમનને પામ્યા. શ્રી સિદ્ધસેનદિવાકરના સમય સુધી તો જૈનોની પૂર્ણ જાહોજલાલી હતી તેમના વખતમાં ઘણા ક્ષત્રિય રાજાઓ ઉત્તર હિંદુસ્થાન તથા

દક્ષિણ હિન્દુસ્થાનમાં જૈનધર્મ પાળતા હતા. શ્રી વજ્રસ્વામીના વખતમાં હિન્દુસ્થાનમાં ઘણા જૈન રાજાઓ હતા. શ્રી વજ્રસ્વામીના વખતમાં ભાવડના પુત્ર જાવડશાહે શ્રી શત્રુંજય તીર્થનો ઉદ્ધાર વિક્રમ સંવત્ ૧૦૮ માં કરાવ્યો હતો. જાવડશાના વખતમાં કાઠીયાવાડ વગેરે દેશપર ગ્રીસ, તુર્કસ્તાન, ઈરાન વગેરે દેશના મ્લેચ્છ લોકોની ઘણી સ્વારીઓ આવી હતી. પરદેશીઓ ઘણા જૈનોને પકડી પોતાના દેશમાં લેઇ ગયા હતા અને ત્યાં ગુલામગીરી કરાવતા હતા. જાવડશાહે જૈનોને પરદેશમાંથી પાછા આણ્યા હતા.* ટૉડ રાજસ્થાન નામનું પુસ્તક વાંચવાથી આ બાબત

---

* જાવડશા સંબંધી શત્રુંજય માહાત્મ્યમાં નીચે પ્રમાણે લેખ છે.

ભગવાન મહાવીર સ્વામી ઇંદ્રને કહે છે કે હે ઇંદ્ર! મારા પછી વિક્રમ રાજા થશે અને તે વિક્રમ સંવત ૧૦૮ ની સાલમાં જાવડશા વજ્રસ્વામીની સહાયથી સિદ્ધાચળનો ઉદ્ધાર કરશે.

એક વખત ઘોડા ખેલાવવા નિકળેલો જાવડ ગુરૂની વાણીથી અર્થને સાધનારી આશાવેલમાં દોરાશે અને કેટલોક વખત વહી ગયા પછી ભાવડ સ્વર્ગવાસી થશે એટલે જાવડ પોતાના શહેરનું ધર્મની પેઠે પ્રતિપાલન કરશે પછી દુષમકાળના માહાત્મ્યથી મલેચ્છોનું લશ્કર પોતાના બળથી જાવડના ગામોને તાબે કરી લેશે અને ગાયો, ધન, ધાન્ય, છોકરાં, બૈરાં તથા ઉત્તમ મધ્યમ અધમ લોકોને સોરઠ, કચ્છ અને લાટ વગેરે દેશોમાંથી લેઈ જઈ પોતાના મુલકમાં તે મલેચ્છો ચાલ્યા જશે. ત્યાં તે મલેચ્છો બધા વર્ણોને પોતાપોતાના લાયક કામમાં જોડી દેઇ બહુજ ધન આપી પોતાના મુલકમાં રાખશે. તે વખતે ત્યાં પણ સઘળી ચીજોના વ્યાપારમાં હુશિયાર જાવડ ધન પેદા કરશે અને આર્ય દેશની પેઠેજ અનાર્ય દેશમાં પણ પોતાની જ્ઞાતિને એકઠી કરી વસાવી ધર્મવંત રહી ત્યાં પણ અમારૂં દેહરૂં બંધાવશે. આર્ય અનાર્ય દેશમાં વિહાર કરતા મુનિવરો અનુક્રમે આનંદસહિત ત્યાં પધારશે એટલે જાવડ તેમને વાંદશે અને વખાણ સાંભળતી વેળાએ સિદ્ધાચળના મહિમા ઉદય પ્રસંગે 'પાંચમા આરામાં જાવડ નામનો એક તીર્થનો

સંબંધી સારૂં અજવાળું પડે છે. વજ્રસ્વામીના વખતમાં આર્યાવર્તમાં ચારે વર્ણો જૈનધર્મ પાળતી હતી તેમજ તે વખતે જૈન રાજાઓ હોવાથી આર્યદેશમાં રાજકીય જૈનધર્મ ગણાતો હતો. શ્રી મલ્લવાદીના

---

ઉદ્ધાર કરનાર થશે.' એવું મુનિ મુખથી સાંભળી જાવડ આનંદ સહિત મુનિરાજને પુછશે કે હે ગુરૂ ! જે તીર્થનો ઉદ્ધાર કરનાર જાવડ થશે તે જાવડ બીજો કે હું જ ? ઉપયોગ દઇ ગુરૂ કહેશે કે ' જ્યારે પુંડરીકગિરિના અધિષ્ટાયકો જીવઘાત કરશે, દારૂ માંસ ખાશે અને તે યક્ષો સિદ્ધાચળ આસપાસ પચાસ યોજન ( ૨૦૦ ગાઉ ) સુધી ઉજડ કરી નાંખશે. કદિ કોઈ માણસ તે સીમાનેજ વલોટી અંદર દાખલ થશે તો તેને મિથ્યાત્વી બની ગએલો કપર્દી યક્ષ બહુ ગુસ્સો લાવી મારી નાંખશે. ભગવંત યુગાદિ પ્રભુ પણ અપૂજ્ય રહેવા લાગશે તેવા બારીક વખતમાં તે સિદ્ધાચળનો ઉદ્ધાર કરવાને તું પોતેજ ભાગ્યશાળી થઇશ. માટે બાહુબળીએ ભગવાનના કથનથી કરાવેલા યુગાદિ પ્રભુની મૂર્તિને તું ચક્રેશ્વરી દેવીની ભક્તિ કરીને તેમની પાસેથી માગી લે, આવી રીતે મુનિ વચનોને સાંભળીને ગુરૂને નમી રાજી થતો જાવડ પોતાને ઘેર જઇ તરત પ્રભુની પૂજા કરી બળિ વિધાન સહિત હલકા દેવોને સંતોષી મનમાં ચક્રેશ્વરી દેવીનું ધ્યાન ધરતો સમાધિસહ મહિનાના તપને અંતે ચક્રેશ્વરી પ્રસન્ન થઇ પ્રત્યક્ષ થઈ મહાપુરૂષને કહેશે કે ' હે જાવડ ! તું તક્ષશિલા (ગિજની) એ જા અને ત્યાંના જૈન રાજા જગન્મલ્લને કહે એટલે તેના બતાવવાથી ધર્મચક્રની આગળ તે અરિહંત પ્રભુની મૂર્તિને તું દેખીશ. પછી પ્રભુએ કહેલો અને સુભાગ્યથી જાહેરમાં આવનારો તું મારી કૃપાથી સઘળી રીતના ધર્મમાં સારરૂપ તીર્થનો ઉદ્ધાર કરીશ. અમૃત સરખાં વચન સાંભળી હૃદયમાં તેનું સ્મરણ કરતો તે તરત તક્ષશિલાએ જશે અને ઘણા ભેટણાવડે ત્યાંના રાજાને પ્રસન્ન કરી દેવીએ બતાવેલી પ્રતિમાને વાસ્તે પ્રીતિ સહિત પ્રાર્થના કરશે. પછી રાજાની પ્રસન્નતા મેળવી ધર્મચક્ર નજીક જઈ ભક્તિપૂર્વક પ્રદક્ષિણા કરીને સમાહિતપણે જાવડ તેની પૂજા કરશે. કેટલોક વખત વહી ગયા પછી ઉજ્વળ, સુંદર અને પ્રેમ પેદા કરનારી શ્રી આદિ પ્રભુની મૂર્તિ પ્રગટ થશે. પછી તે મૂર્તિ-

સમયમાં વલ્લભીપૂરી નગરીનો રાજા શિલાદિત્ય જનધર્મી હતો. વી. સં. ૭૮૪ અને વિ. સંવત્ ૩૧૪ માં મલ્લવાદિએ શિલાદિત્યની સભામાં બૌદ્ધોનો પરાજય કર્યો. વીર સં. ૮૪૫ અને વિક્રમ સં. ૩૭૫ માં વલ્લભીપુરીનો ભંગ થયો. વિ. સં. ૪૭૭ માં વલ્લભીમાં શિલાદિત્ય

---

ને પંચામૃતવડે સ્નાન કરાવી, પૂજી રથમાં સ્થાપી ઉત્સવ સહિત તક્ષશિલામાં લઈ જશે. પછી રાજાની મદદ મેળવી ત્યાં રહેલા પોતાના ગોત્રીઓને સાથે લેઇ એકાશણો કરતો જાવડ શત્રુંજય તીર્થની સ્હામે તે પ્રતિમાને લેઇ જશે. રસ્તામાં ઠેકાણે ઠેકાણે ધરતીકંપ, મહાઘાત, નિર્ઘાત, અગ્નિકોપ વગેરે મિથ્યા દૃષ્ટિવંત જીવોનાં કરેલાં વિઘ્નોને દુર કરતો કેટલીક મુદતે સોરઠમાં જશે અને મહુવે પહોંચી ગામને ગાંદરે ડેરશે.

એ વખતે અગાડી કરીયાણાં ભરી જે વહાણો જાવડે ચીણ મહાચીણ (ચીન અને મહાચીન) તથા ભોટ દેશભણી હંકારેલાં હતાં, તે પવનથી તોફાનમાં ફસાઈ જતાં સ્વર્ણ દ્વીપે જશે. અગ્નિના દાહથી ખલાસી લોકો તેની અંદર સોનાની ખાતરી કરી તે અઢારે વહાણ સોનાથી ભરી દેશે; અને જાવડના સારા નશીબને લીધે મહુવામાં પ્રવેશ કરવાના મુહૂર્ત વખતેજ ત્યાં આવી પહોંચશે. એ વખતે એક પુરૂષ તેની પાસે આવી વધામણી દેશે કે 'અહીં શાહેરની નજીકના વનમાં શ્રી વજ્રસ્વામી નામના મુનિ પધાર્યા છે.' એટલામાંજ બીજો પુરૂષ આવીને વધામણી આપશે કે 'પહેલાં બાર વર્ષ અગાઉ હંકારેલાં વહાણો કે જે ગુમ થવામાંજ ખપ્યાં હતાં તે વહાણો કુશળખેમે સોનું ભરી અહીં આવી પહોંચ્યાં છે.' આ બન્ને વધામણીઓ મળતાં શેઠ એ વિચારમાં પડયો કે 'એ બેમાંથી પહેલું કયું કામ કરૂં ?' એમાં ભરઢોળ કરી છેવટ એ નિશ્ચય પર આવ્યો કે 'પાપથી પેદા થનારી લક્ષ્મી કયાં ? અને પુણ્યથી મળનારા પાવન મુનીશ્વર કયાં ? માટે પહેલાં મુનીશ્વરનાં દર્શન કરી તેમની દેશના સાંભળી પછી વહાણની ખબર લઇશ.' આવો વિચાર કરી ધન્ય આત્માવંત જાવડ મહોત્સવવડે સ્વજન સહિત વનમાં જઇ ગુરૂને વાંદશે અને તેમના મુખની સન્મુખ બેશી ગુરૂ મુખને જોશે.

રાજાના ઉપરોધથી ધનેશ્વરસૂરિએ શત્રુંજય માહાત્મ્યની રચના કરી. તેના વખતમાં બૌદ્ધો અને જૈનો વચ્ચે મોટો શાસ્ત્રાર્થ થયો અને તેમાં મલ્લવાદિએ બૌદ્ધોને હરાવ્યા તેથી પ્રતિજ્ઞા પ્રમાણે બૌદ્ધોને દેશપાર થવું પડયું. વિક્રમ સંવત્ પછી ૧૩૭ એકસો સાડત્રીશ વર્ષ સુધી તો જૈનોમાં શ્વેતાંબર અને દિગંબર એવા બે પક્ષ પડયા નહોતા, વિક્રમના છઠ્ઠા શતક સુધી તો જૈનોનું પુષ્કળ જોર હતું, એમ મુક્ત કંઠે કહેવું પડે છે. વિક્રમ સંવત્ના છઠ્ઠા સૈકા સુધી પણ હિન્દુસ્થાનમાં જૈનધર્મ સાર્વભૌમ ધર્મ તરીકે રહ્યો હતો. જોકે જૈનોની સામે બૌદ્ધો પ્રતિસ્પર્ધી તરીકે હતા તો પણ તેઓના કરતાં જૈનોનું પુષ્કળ જોર હતું.

વિક્રમ સંવત્ના છઠ્ઠા સૈકામાં જૈનોમાં શ્રી હરિભદ્રસૂરિ, શ્રી દેવર્ધિગણિ ક્ષમાક્ષમણ જેવા મહા વિદ્વાન્ આચાર્યો થયા. શ્રી દેવાધગણિ ક્ષમાક્ષમણે વલ્લભીપૂરમાં વિક્રમ સં. ૫૧૦ માં જૈનાગમોનો ઉદ્ધાર કર્યો. વિક્રમ સંવત્ના સાતમા–આઠમા–નવમા–દશમા અને અગિયારમા સૈકામાં દક્ષિણ દેશમાં જૈન રાજાઓ રાજ્ય કરતા હતા. પશ્ચાત્ દક્ષિણ દેશમાં લિંગાયત ધર્મની સ્થાપના થઇ તેથી દક્ષિણ દેશમાં જૈનરાજાઓ ઘટવા લાગ્યા. વિક્રમ સંવત્ના નવમા સૈકામાં કાન્યકુબ્જ (કનોજ દેશ) ની ગાદીપર મૌર્ય વંશમાં થએલા ચંદ્રગુપ્ત રાજાના ગોત્રનો યશોવર્મા નામે રાજા હતો. તેનો આમ નામનો પુત્ર હતો તે ગુજરાતના મોઢેરા ગામમાં સિદ્ધસેનસૂરિના ઉપાશ્રયે આવ્યો અને સિદ્ધસેનસૂરિના શિષ્ય બપ્પભટ્ટિ સાથે રહેવા લાગ્યો. યશોવર્મા મરી ગયા બાદ તેની ગાદીપર આમ રાજા થયો તેણે બપ્પભટ્ટિસૂરિને કનોજ દેશમાં બોલાવી પોતાના ગુરૂ તરીકે થાપ્યા. સિદ્ધસેનસૂરિએ બપ્પભટ્ટિને વિ. સં. ૮૧૧ માં ચૈત્ર વદિ આઠમના દિવસે આચાર્ય પદવી આપી. તે વખતે ગૌડ દેશની લક્ષણાવતી નગરીમાં શ્રી જૈન ધર્મરાજા રાજ્ય કરતો

હતો તે રાજાને બપ્પભટ્ટસૂરિએ ઉપદેશ આપીને જિનભક્ત બનાવ્યો હતો. બપ્પભટ્ટિના ઉપદેશથી આમ રાજા પક્કો જૈન થયો. તેણે ગોપગિરિ પર્વતપર કાન્યકુબ્જમાં-સતારક નગર અને મોઢેરામાં જૈન-મંદિરો બંધાવ્યાં હતાં. મોઢેરાના મોઢવાણીયાઓ જૈનધર્મી હતા. આમ રાજાના પુત્ર ભોજરાજાએ જૈનધર્મ પાળીને જૈનધર્મની ઉન્નતિ કરી હતી. તે વખતમાં ગુજરાતમાં વનરાજ ચાવડો જૈનધર્મી હતો. તે ચૈત્યવાસિ શીલગુણિસૂરિને પોતાના ગુરૂ તરીકે માનતો હતો. વનરાજ ચાવડો પાટણની ગાદીપર બેઠો તેણે જૈનધર્મની સારી રીતે ઉન્નતિ કરી. પાટણમાં પંચાસરા પાર્શ્વનાથના મંદિરમાં વનરાજ ચાવડાની મૂર્તિ છે. પંચાસર નગરમાંથી પંચાસરા પાર્શ્વનાથને પાટણમાં લાવનાર વનરાજ હતો. વનરાજ ચાવડાના વડુઆઓ શિલાદિત્ય વગેરે જૈનધર્મી હતા. પાટણની ગાદીપર આવનાર વલ્લભીના રાજાના વંશજો ચાવડાવંશ તરીકે ગણાવા લાગ્યા. તેના વંશમાં માણસા અને વરસોડાના ઠાકોરો હાલ વિદ્યમાન છે. ગુજરાતમાં છેલ્લામાં છેલ્લો સોલંકી કુમારપાળ જૈન રાજા થયો. ગુજરાતમાં વસ્તુપાળ અને તેજપાળ એ બે દશાશ્રીમાલી જૈન મહા પ્રધાનો થયા. વિક્રમની તેરમી સદી સુધી ગુજરાતમાં અને દક્ષિણ દેશમાં જૈન રાજાઓ વિદ્યમાન રહ્યા પશ્ચાત્ જૈનધર્મ પાળનાર રાજાઓ રહ્યા નહિ.

## "જૈનોથી ઉદ્ભવેલી ભાષાઓ" તથા બોડાયલી ભાષાઓ.

જૈનોથી માગધી ભાષાનો ઉદ્ભવ થયો છે. માગધી ભાષામાં લખાયેલાં હાલ હજારો પુસ્તકો મળી આવે છે. પિસ્તાલીશ આગમો પ્રકરણ ગ્રન્થો અને ચરિત્ર વિગેરે હજારો જૈન ગ્રન્થોને માગધી ભાષામાં લખાયલા દેખીને કોને આનન્દ ન થઈ શકે. આર્યાવર્તમાં જ્યાં સુધી માગધી ભાષાના ગ્રન્થો રહેશે ત્યાં સુધી જૈનાચાર્યોની કીર્તિ રહ્યા કરશે. જૈનોથી પિશાચી, શૌરસેની, પ્રાકૃત વગેરે ભાષાઓ વગેરે ઉત્પન્ન

થઈ છે. ગુજરાત દેશમાં ચાલતી ગુજરાતી ભાષાના પ્રવર્તકો જૈનો છે એમ ઐતિહાસિક દૃષ્ટિથી સિદ્ધ થાય છે. સંસ્કૃત ભાષામાં પ્રાચીનમાં પ્રાચીન જૈન શાકટાયન વ્યાકરણ છે તેથી સંસ્કૃત ભાષામાં જૈનોનો પ્રથમ હાથ છે એમ સિદ્ધ થાય છે. જૈનોએ સંસ્કૃત ભાષામાં હજારો ગ્રન્થો લખ્યા છે તે જેસલમેર, પાટણ, ખંભાત, અમદાવાદ વગેરેના જૂના ભંડારો જોવાથી માલુમ પડે છે.

જૈનધર્મ સાહિત્ય સંબંધી મીસીસ એનીએસન્ટ નીચે પ્રમાણે કહે છે કે "જૈનધર્મે રાજાઓ પૂરા પાડયા એટલુંજ નહિ પણ તેઓ તામીલ ભાષાના સંસ્થાપક હતા. તામીલ ભાષાનું વ્યાકરણ જે સરસ હયાત વ્યાકરણોમાં બહુજ શાસ્ત્રીય પદ્ધતિ પ્રમાણે લખેલું છે તે પણ જૈનોની કૃતિ છે. પવનન્દીનું લોકપ્રિય વ્યાકરણ નમાલ તેમજ લાદીયર જૈનોનાં છે પ્રખ્યાત કવિ તીરૂવલુવરનું કુરલ જે દરેક દક્ષિણ હિન્દુસ્થાનના રહેવાશીને જાણીતું છે તે જૈનોનો ગ્રન્થ છે એમ કહેવાય છે, અને તેનું કારણ એ છે કે તે જૈનોના શબ્દ વાપરે છે. તે અર્હતો વિષે લખે છે અને જૈનોના પારિભાષિક શબ્દોનો ઉપયોગ કરે છે અને તેટલા માટે તે જૈનધર્મનો હોય એમ માનવામાં આવે છે."

આ ઉપરથી સિદ્ધ થાય છે કે માગધી, પ્રાકૃત, તામીલ—કાનડી કેનેરી, શૌરસેની, પિશાચી, અને ગુજરાતી વગેરે ભાષાઓ જૈનોથી ઉદ્ભવી છે. સંસ્કૃત ભાષાને જૈનોએ વ્યાકરણ આદિ બનાવીને સારી રીતે ખેડીને આર્યાવર્તની ભાષા સાહિત્યની ઉન્નતિ કરી છે. શાકટાયન જૈનેન્દ્ર, સિદ્ધહૈમ, બુદ્ધિસાગર, વગેરે જૈનોનાં સંસ્કૃત વ્યાકરણો છે. પાણિનિ વ્યાકરણના પહેલાંનું હાલમાં જૈનોનું શાકટાયન વ્યાકરણ ગણાય છે. વિક્રમ સંવત્ તેરની સાલથી જૈનોએ ગુજરાતી ભાષા ખેડવા માંડી છે. ગુજરાતી ભાષામાં જૈનોના સેંકડો રાસાઓ વગેરેનાં પુસ્તકો મળી આવે છે. તેમજ ગુજરાતી ભાષામાં લખાયેલા જૈનોના ગદ્ય ગ્રન્થો

પણ સેંકડો મળી આવે છે. જૈનોએ અનેક ભાષામાં અનેક વિષયોને ચર્ચીને સાહિત્ય ગ્રન્થોને રચ્યા છે તે હવે ઇંગ્લીશ સરકારના શાન્ત રાજ્યમાં શાન્તિના સમયે બહાર પ્રકાશમાં આવવા લાગ્યા છે.

કેનેડી ભાષાને જૈનોએ બારસે વર્ષ સુધી ખીલવી હતી અને તેમની કેનેડી ભાષાપર વિક્રમ સંવત્ પૂર્વેની સત્તા હતી. તેલંગી ભાષાના સાહિત્યમાં વધારો કરવાને જૈનોએ પૂર્વે સારો ભાગ આપ્યો છે. જગન્નાથ તરફના દેશમાં જૈનોનું પહેલાં રાજ્ય હતું અને એવું સાંભળવામાં આવ્યું છે કે જગન્નાથપૂરીમાં પહેલાં જૈનતીર્થ હતું. શ્રી સ્થૂલિભદ્રના વખતમાં નંદરાજા થયો ત્યારે જૈનોનું જોર આખા હિન્દુસ્થાનમાં હતું. નંદરાજાઓ જૈન ધર્મ પાળતા હતા. દિગંબરાચાર્યોએ અનેક પુસ્તકો લખ્યાં છે. મુંબાઈ પાસે આવેલા વસઇ તરફના પર્વતોની હારમાં પૂર્વે જૈનોનાં મંદિર હતાં તે બબ્બર કુલમાં શ્રીપાલ રાજા ઉતરેલા તે વખતના ઇતિહાસથી સિદ્ધ થાય છે. પૂર્વે ગિરનાર પર્વતપરની પ્રતિમા શ્રી કાશ્મીર તરફથી લાવવામાં આવી હતી. શ્રી શત્રુંજય માહાત્મ્ય ગ્રન્થ વાંચવાથી માલુમ પડે છે કે જૈનો આર્યવર્તમાં ઘણા કાળથી રહે છે. સંખેશ્વર પાર્શ્વનાથની મૂર્તિ કે જે ઘણી પ્રાચીન ગણવામાં આવે છે અને જે શ્રી કૃષ્ણ અને શ્રી નેમનાથ પ્રભુના વખતમાં વિદ્યમાન હતી તે પ્રતિમાપરથી જૈનોની પ્રાચીનતા સહેજે સિદ્ધ થાય છે. કેશરીયાજીની પ્રતિમા હાલ મેવાડદેશમાં આવી છે. અને જે પ્રતિમાનું ઉજ્જયિની નગરીમાં શ્રીપાલ રાજા અમ મયણાસુંદરીએ પૂજન કર્યું હતું તે ઉપરથી પણ જૈનધર્મની ઘણી પ્રાચીનતા સિદ્ધ થાય છે.

## " જૈનોએ સાહિત્યમાં આપેલો મોટો ભાગ. "

જૈનોએ માગધી, તામીલ, કાનડી, પિશાચી, પ્રાકૃત, સંસ્કૃત, ગુજરાતી અને હિન્દુસ્થાની વગેરે ભાષાઓમાં અનેક વિષયોના ગ્રન્થો

બનાવ્યા છે. તેમજ જૈનોએ તત્ત્વજ્ઞાન, અધ્યાત્મજ્ઞાન, કથાઓ, જીવનચરિત્રો, ઐતિહાસિક વૃત્તાંતો, મંત્ર, તંત્ર, યંત્ર, રસાયન, જ્યોતિષ, વ્યાકરણ, ન્યાય, અલંકાર, છંદ, દ્રવ્ય, ચરણાનુયોગ, ગણિતાનુયોગ, ચારિત્ર અને વ્યાપાર વગેરે અનેક બાબતોના ગ્રન્થો લખ્યા છે.

પૂર્વે કેટલાંક શતક ઉપર ચોરાશી આગમો હતાં. હાલ પિસ્તાલીશ આગમો છે. પિસ્તાલીશ આગમો અને તેની ટીકાઓ, વૃત્તિયો, ભાષ્યો, ચૂર્ણિયો અને નિર્યુક્તિયો વગેરેને અવલોકવામાં આવે તો ભારતમ જૈનધર્મને ધન્યવાદ આપ્યા વિના અન્ય દેશીઓથી પણ રહેવાય નહિ. જૈનધર્મ સાહિત્યના ગ્રન્થો હાલ અન્ય દર્શીનીઓના ધર્મ ગ્રન્થો કરતાં ઘણા છે. જૈનધર્મને પ્રતિપાદન કરનારાં સૂત્રો તથા ગ્રન્થો ઘણા સરસ છે. હાલમાં પાશ્ચાત્ય વિદ્વાનોએ મોટા ભાગે વેદ ધર્મ અને બૌદ્ધધર્મન પુસ્તકો બહાર પડવાથી તે તરફ લક્ષ આપ્યું છે પણ જ્યારે જૈનધર્મના સંપૂર્ણ ગ્રન્થો બહાર પ્રકાશમાં આવશે અને તે તરફ પાશ્ચાત્ય વિદ્વાનોનું લક્ષ ખેંચાશે ત્યારે જૈનધર્મની પ્રસંશાનો અવાજ સર્વ દેશમાં ગાજી ઉઠશે. શ્રી ભદ્રબાહુએ સૂત્રોપર નિર્યુક્તિયો રચી છે. શ્રી ઉમાસ્વાતિ વાચકે તત્ત્વાર્થ સૂત્ર વગેરે પાંચસે ગ્રન્થો રચ્યા છે તત્ત્વાર્થ સૂત્રપર શ્વેતાંબર અને દિગંબરના આચાર્યોએ અનેક ટીકાઓ કરી છે તેમના ઘણા ગ્રન્થોનો નાશ થએલો દેખવામાં આવે છે. શાકટાયન વ્યાકરણ કે જેની પ્રશંસા દક્ષિણ હિન્દુસ્થાનમાં એકી અવાજે થાય છે તેનો બનાવનાર જૈનાચાર્ય છે. જૈનેન્દ્ર વ્યાકરણ જૈનોનું છે. શ્રી હેમચંદ્ર પ્રભુએ રચેલું સિદ્ધ હૈમવ્યાકરણ હાલ પ્રસિદ્ધ છે અને તેની પ્રશંસા ચારે ખંડના વિદ્વાનો કરે છે. બુદ્ધિસાગર સૂરિએ વિક્રમ સંવત્ ૧૦૮૦ ની સાલમાં બુદ્ધિસાગર વ્યાકરણ બનાવ્યું છે. મલ્લવાદી, સિદ્ધસેન દિવાકર સૂરિએ ન્યાય વિષયના ઉત્તમ ગ્રન્થો લખ્યા છે. ભારતવર્ષની પ્રાચીન જાહોજલાલીનું જેમાં સારી રીતે વર્ણન છે એવો શ્રી શત્રુંજય

માહાત્મ્ય નામનો ગ્રન્થ છે કે જેના કર્ત્તા શિલાદિત્ય રાજાથી પૂજિત શ્રી ધનેશ્વર સૂરિ છે. શ્વેતાંબર જૈનાચાર્યોએ અને મુનિયોએ ધર્મ સંબંધી ઘણા ગ્રન્થો રચ્યા છે. તે સંબંધી અજવાળું પાડનાર જૈનાગમલીસ્ટ કે જે જૈન શ્વેતાંબર કોન્ફરન્સ તરફથી બહાર પડયું છે તેનું અવલોકન કરવું. સિકંદર અને તેની પછીની સિથિયન–મુસલમાનો વગેરેની સ્વારીઓથી ઘણા જૈનગ્રન્થો નષ્ટ થયા છે. ધર્મયુદ્ધો વખતે ઘણા ગ્રન્થો નષ્ટ થયા છે અને ઘણા ગ્રન્થો ભંડારોમાં જીર્ણ થઇ સડી ગયા છે. જૈન દિગંબરોમાં પણ ઘણાં જૈનધર્મ સંબંધી પુસ્તકો છે. તેમનામાં પુરાણો છે. જૈનધર્મીઓએ રચેલાં પુસ્તકો બહાર પડશે ત્યારે જૈનેતર વિદ્વાનો જૈનધર્મની ઉત્તમતા જાણવા ભાગ્યશાલી બનશે.

## તીર્થો.

જૈન શાસ્ત્રોમાં અનેક પવિત્ર તીર્થોનું માહાત્મ્ય જણાવવામાં આવ્યું છે. સર્વ તીર્થોમાં સિદ્ધાચલ તીર્થની શ્રેષ્ઠતા સ્વીકારવામાં આવી છે. તીર્થકલ્પ, વિવિધ તીર્થકલ્પ વગેરે ગ્રન્થોમાં જૈન તીર્થોની યાદી આપવામાં આવી છે. શત્રુંજય, ગિરનાર, તલાજા, આબુજી, તારંગા, રાણકપુર, સંખેશ્વર, ભોયણી, પાનસર, કેશરીયા, અંતરિક્ષજી, મક્ષીજી, મારવાડની પંચતીર્થી, પાવાપુરી, વૈભારગિરિ, અશ્વાવબોધ તીર્થ, અને સમ્મેતશિખર વગેરે અનેક તીર્થો જૈનોમાં હાલ વિદ્યમાન છે જૈનોનાં હાલ આશરે નાનાં મોટાં છત્રીશ હજાર દેરાં છે એમ સંભળાય છે. જૈન તીર્થોમાં પ્રભુની ભક્તિ કરવા માટે જૈનો જાય છે. તીર્થગાઇડ નામનું પુસ્તક વાંચવાથી જૈન તીર્થો સંબંધી પ્રકાશ પડે છે. કહેવાનો સારાંશ એ છે કે જૈનોનાં તીર્થોથી જૈનોની પ્રાચીનતા, મોટાઇ અને તેઓની ઉન્નતિનો ખ્યાલ આવી શકે છે. જૈનોએ જિન મન્દિરો બંધાવીને શિલ્પકળાને ઘણું ઉત્તેજન આપ્યું

છે. જૈનોની પ્રાચીનકાલમાં અપૂર્વ જાહોજલાલી હતી તે હાલમાં વિદ્યમાન તીર્થોમાં રહેલાં જૈન મંદિરોથી પાશ્ચાત્ય વિદ્વાનો જોઇ શકે છે. ભારતવર્ષના ઐતિહાસિક વૃતાંત્તમાં જૈનોએ ઘણો ફાળો આપ્યો છે. હિન્દુઓના યજ્ઞમાં પૂર્વે પશુઓ હોમાતાં હતાં તે અધર્મ રીવાજને હટાવીને દયાનો ફેલાવો કરનાર જૈનાચાર્યો હતા.

શિષ્ય—જૈનધર્મની ચડતી ( ઉન્નતિ ) ઉપર પ્રમાણે અવલોકતાં માલુમ પડે છે. જૈનોની પડતીનો આરંભ કેવી રીતે થયો તે કૃપા કરી જણાવશો

ગુરૂ—હે શિષ્ય ! ચડતી અને પડતીનાં કાલચક્રો દુનિયામાં સર્વ વસ્તુઓપર છે. જેની ચડતી છે તેની પડતી છે. એક વખત આર્યાવર્ત યાને હિંદુસ્તાન દેશમાં રાજકીય ધર્મ તરીકે જૈન ધર્મ ગણાતો હતો. સર્વ રાજાઓ અને ચારે વર્ણો જૈનધર્મની આરાધના કરતી હતી. તે જૈનધર્મનો હવે પ્રાયઃ વૈશ્ય વ્યાપારી વાણિયા તરીકે ગણાતી જાતિ પાળે છે. જૈનધર્મની પડતીનો આરંભ વિક્રમની બીજી સદીથી દિગંબર પક્ષમત નીકળતાં આરંભાયો. જૈનોમાં શ્વતાંબરો અને દિગંબરો એ બે પક્ષમાં સામાસામી ક્લેશ થવા લાગ્યો તેથી જૈનાચાર્યોનું બળ ઘટવા માંડયું તેમજ આન્તરિક ધર્મભેદ વિગ્રહથી તેઓએ અન્ય ધર્મીઓની ધાર્મિક હિલચાલ સંબંધી અલ્પલક્ષ આપ્યું. વિક્રમ સંવત્ ચારસો બારમાં જૈનોમાં ચૈત્યવાસ નામનો પક્ષ ઉભો થયો. શ્રીહરિભદ્રસૂરિજીના સમયમાં ચૈત્યવાસની વિદ્યમાનતા હતી. વિક્રમ સંવત્ બારમાં ચૈત્યવાસનું જોર વિશેષ પ્રકારે હઠવા લાગ્યું. ચૈત્યવાસીઓએ નિગમપર વિશેષ પ્રેમ દેખાડયો. ચૈત્યવાસીઓએ આગમોને ભંડારોમાં દાબી રાખ્યાં હતાં. ચૈત્યવાસી આચાર્યો અને તેના સામા ચૈત્યવાસીઓથી વિરૂદ્ધ એવા આ-

ચાર્યો વચ્ચે ઘણા વિવાદો થયા. જૈનધર્મરૂપ ઘરમાં આ પ્રમાણે મતભેદ થવાથી જૈનધર્મીઓને સર્વત્ર એક સરખી રીતે ઉત્સાહ શ્રદ્ધા વગેરેનો ઉપદેશ મળવા લાગ્યો નહિ. ચૈત્યવાસીઓના સામા રહીને પોતાના મૂળ માર્ગનું રક્ષણ કરવામાં જૈનાચાર્યોનું ઘણું બળ વપરાઇ ગયું. વનરાજ ચાવડાના વખતમાં ચૈત્યવાસીઓનું ઘણું જોર હતું અને તે વખતે તે લોકોએ ચૈત્યવાસીની પ્રબલતા વધારવાને રાજાઓને પણ પોતાના પક્ષમાં લીધા હતા. લગભગ એક હજાર વર્ષ સુધી ચૈત્યવાસીઓનું જોર રહ્યું તેમના વંશમાં માલદેવ મહાત્મા, લાડોલનો મહાત્મા, મુજપુરનો મહાત્મા, વાંકાનેરના મહાત્મા અને વાંકાનેરની જતણીઓ વગેરે ગણાય છે. આ પ્રમાણે પરસ્પર મતભેદ વિગ્રહમાં જૈનાચાર્યોનું બળ ક્ષીણ થવા લાગ્યું. આવી જૈનાચાર્યો અને જૈનસાધુઓની દશા દેખીને બ્રાહ્મણોએ વેદધર્મનો પ્રચાર કરવા પ્રબળ ઉપાયો યોજ્યા. હિન્દુસ્થાનપર અન્ય દેશીઓની સ્વારીઓ આવવાથી હિન્દુસ્થાનના લોકોમાં અશાન્તિ વધતી હતી. હિન્દુસ્થાનના રાજાઓમાં પરસ્પર કુસંપ વધવા લાગ્યો. કલ્યાણીના ભુવડ રાજાએ વલ્લભીના જયશિખરની સાથે યુદ્ધ કર્યું ત્યારથી જ્યાં ત્યાં પરસ્પર લડાઇઓ શરૂ રહેવા લાગી. દેશમાં અંધાધુંધી પ્રસરવા લાગી. ગુજરાતની ગાદી પર વિક્રમ સંવત્ ૮૦૨ ની સાલમાં પાટણમાં વનરાજ ચાવડો બેઠો તે વખતે ગુજરાત, કાઠીયાવાડ, લાટ, માળવા, મેવાડ, કાન્યકુબ્જ, મારવાડ વગેરે દેશોમાં જૈનોનું પુષ્કળ જોર હતું.

વિક્રમ સંવત્ ૮૦૫ માં દક્ષિણમાં શંકરાચાર્યનો જન્મ થયો. તેણે વેદધર્મનો પ્રચાર કરવા આરંભ કર્યો. વિક્રમ સંવત્ આઠની સ લમાં દક્ષિણ દેશમાં કુમારિલે જૈનધર્મનુ ખંડન કરવા લક્ષ આપ્યું.

કુમારિલ અને શંકરાચાર્યના સામા ધર્મયુદ્ધમાં જૈનો ઉભા રહ્યા તો પણ તેણે માળવાના રાજાને પક્ષમાં લીધો અને લોકોમાં વેદ ધર્મનો પ્રચાર થાય તેવી રીતે તે વખતના લોકોની આગળ ઉપદેશ શૈલીનો આરંભ કર્યો. શંકરાચાર્યે કોઇ જૈનાચાર્ય સાથે શાસ્ત્રાર્થ કર્યો નહિ પણ તેણે વેદધર્મનો પ્રચાર થાય એવાં પુસ્તકો તથા શિષ્યો ઉભા કર્યા. જૈનાચાર્યોને ચાર તરફ લક્ષ દેવું પડતું હતું. એક તો વેદધર્મી આચાર્યોની સામે, બીજી તરફ બૌદ્ધધર્મિ સાધુઓની સામે, ત્રીજું પરસ્પરના મતભેદોની સામે. અને ચોથું પોતાનો ધર્મ પ્રચાર કરવા બાબત. આ પ્રમાણે ચાર ઠેકાણે લક્ષ રાખીને જૈનાચાર્યોએ પોતાના ધર્મની સંરક્ષા કરવા માટે ઉપાયો ચાલુ રાખ્યા. વેદધર્મીઓના ઉપદેશથી કેટલાક રાજાઓ ખુલ્લી રીતે શિવના ઉપાસક થયા. જૈનધર્મના શુદ્ધાચાર ઉત્તમ નિયમો તરફ કેટલાક તામસ ગુણી રાજાઓનો પ્રેમ ઘટવા લાગ્યો. દારૂ માંસની છૂટી વગેરેને તેઓ વિશેષ પ્રકારે ઇચ્છવા લાગ્યા તેથી રજોગુણી વાસનાઓની તૃપ્તિ થાય તે તરફ તેઓનું ચિત્ત ખેંચાયું. કેટલાક રાજાઓ જૈનધર્મ પાળવા લાગ્યા તો કેટલાક વેદધર્મને માન આપવા લાગ્યા. શંકરાચાર્યે વેદનો કર્મકાંડનો વિષય હવે જૈનો અને બૌદ્ધો જ્ઞાનમાર્ગના સામા માન નહિ પામે એવું સમજી કર્મકાંડની ઉપેક્ષા કરી ઉત્તરમિમાંસાનો માર્ગ પકડયો. શંકરાચાર્યે બૌદ્ધધર્મમાંથી કેટલાંક તત્ત્વો ગ્રહણ કર્યાં અને ઉપદેશ દેવો શરૂ કર્યો તેથી તેની પાછળ થનાર રામાનુજ આચાર્યે શંકરના અદ્વૈત મત ઉપર શત દૂષણી નામનો ગ્રન્થ રચ્યો અને શંકરાચાર્યને પ્રચ્છન્ન બૌદ્ધ કહ્યા. શંકરાચાર્યે જૈનાચાર્યોની સાથે વાદ કર્યો હોય એવું સિદ્ધ થતું નથી. શંકર દિગ્વિજયમાં દિગંબર સાધુનું પાત્ર મૂકયું છે, તે ખોટું છે. કારણ કે તે શ્વેતાંબર વા દિગંબર સાધુ સિદ્ધ થઈ શકતો નથી તેમજ શાંકર ભાષ્યમાં શંકરાચાર્યે જૈનતત્વોનું ખંડન કરવા પ્રારંભ કર્યો છે પણ તેઓ

જૈનતત્ત્વને જાણી શકયા નથી તેથી તેઓએ જૈનશાસ્ત્રોથી જૈનતત્ત્વો સમજ્યા વિના ઉપર ટપકે જૈનતત્ત્વોનું ખંડન કરવા મિથ્યા પ્રયાસ કર્યો છે. શંકરાચાર્યની પાછળ દક્ષિણ દેશમાં ઈ. ૧૧૧૯ માં દ્રવિડમાં ભૂતપૂરીમાં રામાનુજ આચાર્ય જન્મ્યા હતા.

રામાનુજે શંકરાચાર્યના મતનું ખંડન કર્યું અને કેટલાક રાજાઓને પોતાના પક્ષમાં લીધા. જૈનધર્મ પાળનારા કેટલાક રાજાઓને તેણે પોતાના ધર્મમાં દાખલ કર્યા. જૈન રાજાઓ જૈનધર્મ તજીને વિષ્ણુધર્મમાં દાખલ થયા, તેનું કારણ એ હતું કે તેઓ જૈનધર્મનાં તત્ત્વોને સમજી શકયા નહોતા અને તે વખતમાં જૈનાચાર્યોમાં પરસ્પર સંપ અને ધર્મ જુસ્સો પ્રગટાવવા માટે ઉપદેશ પદ્ધતિ જોઇએ તેવી તેમને બેસતી આવે એવી ન હોવાથી વેદધર્મીઓનું જોર ફાવવ લાગ્યું તેથી ચારે વર્ણમાંથી ઘણા મનુષ્યો હિન્દુધર્મ પાળવા તરફ વળ્યા અને તેથી જૈનધર્મ પાળનારાઓની સંખ્યામાં ઘટાડો થવા લાગ્યો.

વિક્રમની અગિયારમી સદીમાં લિંગાયત નામનો નવો ધર્મ સ્થાપનાર બસવ નામનો એક બ્રાહ્મણ હતો. તે વખતે દક્ષિણમાં બિજલ નામનો જૈનધર્મી રાજા રાજ્ય કરતો હતો. જૈનધર્મી બિજલ રાજાને ત્યાં બસવ મંત્રી હતો તેણે લિંગાયત ધર્મની સ્થાપના કરી તે વખતે બ્રાહ્મણ તથા જૈનોમાં ધર્મ સંબંધી ટંટો ચાલતો હતો. શાલીવાહનના અગીયારમા સૈકામાં બસવે લિંગાયત ધર્મની સ્થાપના કરી અને જૈનધર્મી બિજલ રાજાને ગાદીપરથી ઉડાડવા પ્રયત્ન કર્યો. ભીમા નદીના કાંઠે બસવે જૈનધર્મી બિજલ રાસીને ખોરાકમાં ઝેર દીધું તેથી

રાજા ત્યાંજ મરણ પામ્યો શાલીવાહન શક ૧૦૭૭માં. જે વખતે દક્ષિણ દેશમાં જૈનધર્મી બસવ રાજા રાજ્ય કરતો હતો તે વખતે ગુજરાતમાં જૈનધર્મી જૈનાચાર્યોને સાહાય્ય કરનાર સિદ્ધરાજ રાજા રાજ્ય કરતો હતો. બિજલ રાજાના વખત સુધી દક્ષિણ દેશમાં જૈનોનું પુષ્કળ જોર

હતું અને દક્ષિણમાં જૈનોનીજ મુખ્ય વસતિ હતી. વિક્રમ સંવતની તેરમી સદી સુધી ગુજરાત અને દક્ષિણમાં જૈન રાજાઓ થયા. આ ઉપરથી આપણે સમજવાનું કે રાજકીય ધર્મ તરીકે જૈનધર્મ વિક્રમની તેરમી સદી સુધી રહ્યો. દક્ષિણમાં મૈસુર તરફના ભાગમાં તો પન્નરમી સદી લગભગ સુધી જૈનધર્મજ રાજકીય ધર્મ તરીકે ગણાતો હતો. મુસલમાનોના હિન્દુસ્થાનપરના હુમલાથી લોકોમાં અજ્ઞાન બહુ પ્રસર્યું અને તેથી લોકોમાં રજોગુણ અને તમોગુણનું જોર ફેલાવા લાગ્યું તેથી લોકોમાં હિંસા વગેરેનો પ્રવેશ થયો અને તેથી જૈનધર્મનાં સૂક્ષ્મ તત્ત્વો તરફ લોકોનું ચિત્ત ચોંટી શક્યું નહિ અને તે સમયનો લાભ લેઇને વેદધર્મી વૈષ્ણવો શંકરાચાર્યો વગેરે પોતાના ધર્મમાં લોકોને બંધ બેસતા ઉપદેશો દેઇને પોતાના ધર્મ તરફ વાળવા લાગ્યા. આવી દશામાં પણ જૈનાચાર્યો પોતાનું બળ વાપરવા માટે અને જૈનધર્મનું સંરક્ષણ કરવા માટે ઘણા પ્રયત્નો કરતા હતા.

વિક્રમની તેરમી સદી સુધી કર્ણાટકના રાજાઓ જૈનધર્મ પાળતા હતા. વિ. બારમી સદીમાં શ્વેતાંબર અને દિગંબરાચાર્યોનો પાટણમાં સિદ્ધરાજ રાજાના દરબારમાં શાસ્ત્રાર્થ થયો હતો અને તેમાં દિગંબરોનો પરાજય થયો હતો. દિગંબર આચાર્યોએ જો દક્ષિણ દેશમાં અન્ય ધર્મીઓની સાથે શાસ્ત્રાર્થ કરવામાં આત્મબળ વાપર્યું હોત તો સારૂં ગણાત. પરસ્પર બન્ને કોમના આચાર્યોએ પરસ્પરનું ખંડન કરવામાં આત્મબળનો ઉપયોગ કર્યો તેથી વેદ ધર્મીઓની સાથે ઉભા રહેવામાં અને તેમની સાથે આત્મ વીર્યનો ઉપયોગ કરવામાં તે વખતમાં જૈનાચાર્યોએ લક્ષ દીધું નહિ અને તેથી બન્નેની હાનિ થવા લાગી.

શ્વેતાંબર આચાર્યોએ પૂર્વે ચૈત્યવાસીઓ સામે બાથ ભીડી હતી. તે વખતનો લાભ લેઇને વેદધર્મી આચાર્યોએ માથું ઉંચું કર્યું હતું તેમજ વિક્રમ સંવત્‌ની તેરમી સદીમાં શ્વેતાંબર જૈનોમાં ખરતર,

વડગચ્છ, તપાગચ્છ, પુનમીઆ, આગમિક, ચૈત્રવાલ આદિ ઘણા ગચ્છો ઉત્પન્ન થયા અને તે વખતે દરેક ગચ્છના આચાર્યે સ્વમત પ્રતિપાદનમાં પોતાનું આત્મબળ વાપર્યું પણ તેઓએ સંપ કરીને અનેક ઉપાયોથી અન્ય ધર્મીઓ સાથે ઉભા રહેવું એ તરફ લક્ષ દીધું નહિ. તેરમા સૈકામાં અર્થાત વિક્રમ સંવત્ બારસેંની સાલમાં ઘણા ગચ્છો ઉત્પન્ન થયા તે વખતે વર્તમાનકાલપર દૃષ્ટિ દેનાર સર્વ આચાર્યોમાં શ્રેષ્ઠ, કલિકાલસર્વજ્ઞ, મહા પ્રભાવક શ્રી હેમચંદ્રાચાર્ય હતા. તેમણે સાડા ત્રણ ક્રોડ શ્લોકની રચના કરી. તેમણે શ્રી કુમારપાલ રાજાને જૈનધર્મી બનાવ્યો. તેમણે જૈનધર્મનો પુનરૂદ્ધાર કરવાનો અને રાજકીય જૈનધર્મ બનાવવા ભગીરથ પ્રયત્ન કર્યો હતો.

જૈનધર્મમાંથી અન્ય ધર્મમાં ગએલા રાજાઓને તેમણે પુનઃ જૈનધર્મી બનાવવા ઉદ્યોગ કર્યો અને તેમાં તે કુમારપાલ રાજા વગેરેને જૈનધર્મી બનાવી ઘણા અંશે ફાવ્યા. તેમના આત્માને કરોડ કરોડ વાર વંદન થાઓ. પૂર્વની પેઠે ક્ષત્રિય રાજાઓ સદા જૈન રાજાઓ તરીકે રહે અને રાજાઓના વંશમાં થનાર રાજાની પરંપરામ જૈનધર્મ સદાકાલ રહે એવી શ્રી હેમચંદ્ર પ્રભુની ધારણા હતી પણ તે તેમની પાછળ બર આવી નહિ. શ્વેતાંબરોમાં સર્વે આચાર્યોમાં ગચ્છની માન્યતાના ભેદે સંકુચિત દૃષ્ટિ હોવાથી અને તેમજ દિગંબરોમાં મૂલસંઘ, કાષ્ટાસંઘ, માથુરીસંઘ, વગેરેના મતભેદથી એક બીજાના ખંડનમાં આત્મશક્તિનો વ્યય થવા લાગ્યો અને પરસ્પર સંપીને જૈન ધર્મમાંથી ભ્રષ્ટ થનાર લોકોને જૈનધર્મમાં પુનઃ લાવવાનો વિચાર કરવાને સર્વ ગચ્છના આચાર્યોની મહા સભા મળી શકી નહિ અને તેથી વિક્રમની ચૌદમી સદીમાં જૈનધર્મ તે રાજકીય ધર્મ તરીકે રહ્યો નહિ. હાય!! કેટલી બધી ખેદની વાત. વિક્રમ સંવત તેરની સાલમાં વસ્તુપાળ અને તેજપાળ એ બે જૈન પ્રધાનો થયા તેમણે જૈન ધર્મની જયપતાકા ફર-

કાવી. વિક્રમ સંવત સોળસેની સાલમાં શ્રી હીરવિજયસૂરિ મહારાજ થયા. તેમણે અકબર બાદશાહને પ્રતિબોધ આપ્યો. તેમના વખતમાં શ્રી ધર્મસાગરજી ઉપાધ્યાયે ખરતર આદિ અન્ય ગચ્છોનું ખંડન કર્યું હતું તેથી ખરતર તપાગચ્છ આદિ ગચ્છોના આચાર્યો તથા શ્રાવકોનો પરસ્પર સારી રીતે સંપ તથા સંબંધ રહી શક્યો નહિ. જૈનાચાર્યો પોતાના જૈનધર્મ રૂપ ઘરમાં ગચ્છના ભેદે પરસ્પર વિવાદ કરીને પોતાના આત્મવીર્યનો ક્ષય કરવા લાગ્યા. પોતાની ધર્મ સત્તાનો કેટલો બધો વિસ્તાર હતો તે સંબંધી પરસ્પર સંપના અભાવે જૈનોની મહાસભા ભરીને જૈનચાર્યો અને સાધુઓ વિચાર કરી શક્યા નહિ તોપણ તેઓએ જૈનધર્મનું સાહિત્ય વધારવા જે આત્મભોગ આપ્યો છે તેનો તો કદિ ઉપકાર ભૂલી શકાય તેમ નથી. આપણા પૂર્વાચાર્યોએ જે જે શુભ કાર્યો કર્યાં છે તે આપણે કદિ ન ભૂલવાં જોઇએ પણ જે બાબત સંબંધી તેમણે લક્ષ ન દીધું, ( ગમે તે કારણોથી ) તે તે બાબતોને તો જણાવવી જોઇએ.

દિગંબર જૈનોનું દક્ષિણમાં ઘણું જોર હતું. આખા હિંદુસ્થાનમાં કુલ વસ્તી ત્રીશ કરોડની ગણાય છે તેમાં મદ્રાસ ઇલાકાની વસ્તી ત્રણ કરોડની છે. ઇસ્વીસનના પહેલા સૈકાથી તે દશમા સેકા સુધી મદ્રાસ ઇલિકામાં જૈનોની પુષ્કળ વસ્તી હતી. જૈનોએ મદુરા પાંડય વગેરે દેશોને રાજા પૂરા પાડયા છે. ઇ. સ. ના દશમા સૈકામાં શૈવ અને જૈનો વચ્ચે ધર્મ સંબંધી સ્પર્ધા ચાલી. આજની માફક કેવલ ધર્મ ચર્ચા ચાલતી હતી એમ નહિ પરન્તુ તે વખતે યુરોપીયન દેશોમાં બન્યું છે તેમ મદ્રાસ ઇલાકામાં પણ તે ધર્મયુદ્ધો ખુનખાર થયાં હતાં. શૈવ અને જૈનો વચ્ચે ધર્મયુદ્ધો થયાં અને તેનું પરિણામ એ આવ્યું કે તે ભાગમાં વસનારા હજારો જૈનોને રીબાવી રીબાવીને મારવામાં આવ્યા અને જેમનું મનોબલ નિર્બલ હતું તેઓ અન્ય

ધર્મમાં (શૈવધર્મમાં) વટલાઇ ગયા અને બાકી રહ્યા તેમને દાસ બનાવવામાં આવ્યા. અને આવા દાસ જેવા બનેલા અસલના જૈનો કે જે હાલ ફક્ત તેમાંના કેટલાકો નવકાર જાણે છે અને પોતાનો અસલ જૈનધર્મ છે એમ જણાવે છે. આ લોકોને પેરીઆ કહે છે અને તેમની મદ્રાસ ઇલાકામાં સાઠલાખના આશરે સંખ્યા છે.

આ બાબતને ઇતિહાસ શો પુરાવો આપે છે તે આપણે તપાસીએ.

હાલાસ્ય માહાત્મ્ય નામનો પ્રાચીન તામીલ ગ્રન્થના ૬૮ મા પ્રકરણમાં આ પ્રમાણે જણાવવામાં આવ્યું છે કે જ્ઞાનપૂર્ણ નામના એક યુવાન શૈવ સંન્યાસીએ આઠ હજાર દ્રાવીડ જૈન સાધુઓને પોતાના મતમાં આ પ્રમાણે લીધા. પાંડ્ય દેશના રાજાની રાણી અને મુખ્ય પ્રધાન કુલબંધન તે યુવક સંન્યાસી પાસે જઇને કહેવા લાગ્યા કે જૈન સાધુઓને ઉખેડી નાખો. કારણ કે તેઓ નગ્ન જાય છે. તેઓના હાથમાં મોર પીંછીઓ રાખે છે અને વેદોની નિન્દા કરે છે. તે સંન્યાસી બન્ને જણને શિવ મંદિરમાં લેઇ જાય છે તે મૂર્તિને ઉદ્દેશીને કાંઇક કહે છે અને શિવની શી ઇચ્છા છે તે જણાવવાને વિનતિ કરે છે. તે નગ્ન જૈન સાધુઓ સાથે વાદવિવાદનું કહેણ સ્વીકારે છે. તે રાજા પાસે જાય છે. પોતાના ગ્રન્થોના પવિત્રપણાની અગ્નિ અને જલથી કસોટી કાઢવાની શરત કબુલ કરે છે તેમાં તે હારી જાય છે અને તેનું પરિણામ ભોગવવું પડે છે. ઘણા જૈન સાધુઓને કાપી નાખવામાં આવે છે. કેટલાકનાં માથાં ઘાણીઓમાં પીલવામાં આવ્યાં અને બીજાઓની ચામડી શિયાલ, લોંકડી, કુતરાઓ અને શિકારી પક્ષીઓના ભક્ષ્ય તરીકે ફેંકવામાં આવ્યાં. જેઓ નિર્બલ મનના હતા તેઓ આ કસોટીમાંથી બચવાને હિન્દુ થઇ ગયા.

આ બાબત મદુરામાં આવેલા મેનાક્ષી નામના મંદિરને લગતા પવિત્ર સરોવરની દિવાલો ઉપર ચિત્રેલી છે. તેમાં દિગંબર આચાર્યો-

એ શૂલી પસંદ કરી છે અને તે શૂલીપર તેઓ મરી ગયા છે અને કેટલાક તો ધાણીઓમાં પીલાઇ મુઆ છે. બાકી રહેલા મદ્રાસના જૈનો એકદમ અત્યારના જેવી અધમ દશાએ આવી પહોંચ્યા ન હતા પણ વખત જતાં ત્યાંના અસલી જૈનો સાથેનો સંબંધ ઉચ્ચ કોમના હિન્દુઓ ધર્મના કારણથી બંધ કરવા લાગ્યા. અને આ સ્થિતિ લાંબા વખત સુધી ચાલવાથી તેઓ દાસ જેવા પેરીઆ જાત તરીકે ઓળખાવવા લાગ્યા. આજે તેઓ ઘણી દયાજનક સ્થિતિમાં પોતાના દહાડા પસાર કરે છે.

હિંદુસ્થાનનું ઇમ્પીરીયલ ગેઝેટીયર લખે છે કે છેલ્લા સૈકાના અંત સુધી તેઓ ઉંચી જાતના દાસ તરીકે રહેતા આવ્યા છે. એક ખ્રીસ્તિ લેખક લખે છે કે કેટલાક સૈકાના જુલમથી તેમનામાંથી મનુષ્યપણું કાઢી નાખવામાં આવ્યું છે. એવી સ્થિતિ થઇ છે. તેમાંના હજારોને ખ્રીસ્તિ ધર્મમાં વટલાવવામાં આવ્યા છે, તેઓ અસલથી જૈન હતા એમ જણાવે છે. હાલ તેઓની આવી સ્થિતિ થઇ છે.

દક્ષિણ દેશમાં પૂર્વે ચારે વર્ણો જૈનધર્મ પાળતી હતી તેમાંની પેરીઆ નામની કોઇ પહેલાં ચાર વર્ણ પૈકીની વર્ણ હતી તેઓને હિન્દુઓએ નીચ તરીકે ગણ્યા. હાલ તેઓને સુધારીને અસલની પેઠે ખરા જૈનો તરીકે બનાવવા પ્રયત્ન કરવાની જરૂર છે.

શંકરાચાર્ય, રામાનુજાચાર્ય, મધ્વાચાર્ય અને વલ્લભાચાર્યના પ્રયત્નથી નિર્બળ મનના અજ્ઞાન જૈનો પોતાના ધર્મનું જ્ઞાન નહીં હોવાથી હિન્દુધર્મમાં ભળી જવા લાગ્યા. વલ્લભાચાર્યના પન્થમાં જે વૈષ્ણવ વાણિયાઓ છે તેઓના વંશજો અસલ જૈનધર્મ પાળતા હતા. વીશાઓશવાળ, દશાશ્રીમાલી, વિશાશ્રીમાલી, પોરવાડ વગેરે ચોરાશી જાતના વાણિયાની સ્થાપના જૈનોના આચાર્યોથી થઇ છે.તેમનાં નામ નીચે પ્રમાણે- ઓશવાળ, શ્રીમાલી, શ્રી શ્રીમાલ, લાડ, દશાપોરવાડ, વીશાપોરવાડ,

દશાદેશાવાડ, દેશાવાડ, અગ્રવાલ, ગુર્જર, ભાગૈરવાલ, દીંદુ, પુષ્કરવાલ, મૈતિવાલ, હરસોરા, સુરરવાલ, પીલીવાલ, ભુંગડા, ખંડાઇલવાલ, લાડવાણિયા, લાડવા, દોહીલવાલ, કેહદરવાલ, સોહોરવાલ, જાએલવાલ, માનતવાલ, કાજોટીવાલ, કોરટાવાલ, ચેહેત્રાવાલ, સોની, સોજતવાલ, નાગર, માડ, મોઢ, જુલહેરા, કપોલ, ખડાયતા, બરૂરી, દશોરા, બાંભડવાલ, નગુદ્રા, કરએરા, બટીવરા, મેવાડા, નરસિંગપુરા, ખાતરવાલ, જીરણવાલ, ભાગેરવાલ, આરચિતવાળ, બાબરવાલ, શ્રીગોડ, ઠાકરવાલ, પંચમવાલ, હુનેરવાલ, સીરકેરા, બાઇસ, સ્તુખી, કંબોવાલ, વાયડા, તેરોટા, બાતબરગી, લાડીસાકા, વેદનોરા, ખીચી, ગુસોરા, બાહાઓહર, જારોળા, પદમોરા, મેહેરી, ધાકરવાલ, મંગોરા, ગોએલવાડ, તેરોટા, કાકલિયા, ભારીજા, અંડોરા, સાચોરા, ભુંગરવાલ, મંડાહુલ, બ્રામુમા, બાગ્રીઆ, ડીંડોરીયા, બોરવાલા, સોહારવાલ, નાગોરી, વડનગરા, માંડલિયા, અને પાંચા વગેરે ચોરાશી જાતના વાણિયાઓ ઘણાખરા તો પોતાના ગામ, ગોત્ર, સાખ વગેરેના નામથી પ્રસિદ્ધ ગણાય છે. ઓશા નગરીમાં રહેનાર ક્ષત્રિયો હતા તે જૈનો થયા ત્યારે ઓશવાળ ગણાયા. શ્રી જિનદત્તસૂરિએ સવાલાખ રજપૂતોને જૈન બનાવ્યા. શ્રી જિનદત્તસૂરિએ મોઢેરાના દશહજાર રજપૂતોને જૈન બનાવ્યા. જેઓ મોઢેરાના હતા તેઓ પરદેશમાં જવાથી મોઢ વાણિયા ગણાવા લાગ્યા. જિનદત્તસૂરિના પહેલાં મોઢેરામાં મોઢ વાણિયા જૈની હતા. વિક્રમ સંવત્ ૨૧૭ બસોસત્તરમાં લોહાચાર્યે અગ્રોહા નગરના લોકોને જૈન ધર્મમાં લીધા તેઓ અગ્રોહા નગરના રહેવાશી હોવાથી અગ્રવાલ તરીકે પ્રસિદ્ધિને પામ્યા. હિન્દુસ્થાનમાં અગ્રવાલ વાણિયાની વિશેષ વસ્તિ છે. તેમાંના કેટલાક જૈનો છે અને કેટલાક બસો વર્ષ લગભગથી વૈષ્ણવ વગેરે ધર્મમાં દાખલ થયા છે. વીશા શ્રીમાલી વાણિયા પૂર્વે મારવાડમાં શ્રીમાલનગર અને માઘ કવિના વખતથી ભિન્નમાલ તરીકે પ્રસિદ્ધ પામેલા નગરમાં ર-

હેતા હતા. શ્રીમાલ પુરાણમાં વીશા શ્રીમાલી વગેરેની ઉત્પત્તિ આપી છે તે જૂઠી છે. મહાલક્ષ્મી શ્રીમાળીઓની કુળદેવી હતી પણ લક્ષ્મી-દેવીની જમણી બાજુમાંથી ઉત્પન્ન થયા તે વીશા અને ડાબી બાજુ-માંથી ઉત્પન્ન થયા તે દશા વગેરે ગપ્પ પુરાણ લખીને લોકોમાં ખોટી માન્યતા ફેલાવવા પ્રયત્ન કર્યો છે. કારણ કે દશાશ્રીમાલીની ઉત્પત્તિ વસ્તુપાલના વખતથી થઇ છે. શ્રીમાલનગરના રાજા અને ક્ષત્રિયોને જૈનાચાર્યે પોતાના જૈન ધર્મમાં દાખલ કર્યા ત્યારથી તેઓ શ્રીમાલ નગરના નામે શ્રીમાલિ વાણિયા તરીકે પ્રસિદ્ધ પામ્યા. આ બાબતમાં જૈન ગ્રન્થો સારૂં અજવાળું પાડે છે. વસ્તુપાલના વખતમાં વસ્તુપાલ અને તેજપાલના પક્ષમાં રહેનારા વીશા શ્રીમાલિ વાણિયાઓ, દશા શ્રી-માલી તરીકે ગણાવા લાગ્યા તેની જૈન ગ્રન્થોથી સાબીતી થાય છે. શ્રીમાલ નગરને છોડીને કેટલાક શ્રીમાલી વાણિયાઓ મંડોવડમાં ગયા ત્યાં ભટ્ટી, ચહુવાણ, ધેલોટ, ગોડ, ગોહીલ, હાડા, જાદવ, મક-વાણા, પરમાર, રાઠોડ અને થરાદરા રજપુતોને જૈનાચાર્યોએ પ્રતિ-બોધી જૈન બનાવ્યા અને તે પણ શ્રીમાલી વણિક વગેરે તરીકે વ્યાપાર કરવાથી ગણાવવા લાગ્યા. પૂર્વે ક્ષત્રિયો જૈન હતા. અને ક્ષત્રિયોજ વ્યાપાર કરવાથી વાણિયા ગણાવા લાગ્યા. ક્ષત્રિયોનાં કેટલાં કુલ છે તે અત્ર સંબંધયોગે પ્રસંગોપાત્ત કહેવામાં આવે છે. છત્રીશ કુલમાં ક્ષત્રિયોનો સમાવેશ થાય છે—તથા ૧ સૂર્યવંશી, ૨ ચંદ્રવંશી, ૩ જાદવ, ૪ કચ્છવાહા, ૫ પરમાર, ૬ તુવાર, ૭ ચહુવાણ, ૮ સોલંકી, ૯ છિંદ, ૧૦ સીલાર, ૧૧ આભીવર, ૧૨ દાહિમા, ૧૩ મકવાણા, ૧૪ ગરૂઅ (ગોહીલ), ૧૫ ગહીલોત, ૧૬ ચાવડા, ૧૭ પરિહાર, ૧૮ રાવરાઠોડ, ૧૯ દેવડા, ૨૦ ટાંક, ૨૧ સિંધવ, ૨૨ અનિગ, ૨૩ યોતિક, ૨૪ પ્રતિહાર, ૨૫ દધિખટ, ૨૬ કોરટપાલ, ૨૭ કોટપાલ, ૨૮ હુણ, ૨૯ હાડા, ૩૦ ગોડ, ૩૧ કમાડ, ૩૨ જટ, ૩૩ ધ્યાનપાલ, ૩૪ નિકુંભવર, ૩૫ રાજપાલ, ૩૬ કાલછર. એ

પ્રમાણે ક્ષત્રિયોનાં છત્રીશ કુળ છે. તેમાં ઘણાં કુળો પૂર્વે જૈનધર્મ પાળતાં હતાં. પાછળથી વેદ ધર્મનું જોર થતાં તેમાંથી બચેલાઓને જૈનાચાર્યોએ અલગ કર્યા અને તેઓ વ્યાપાર કરવાથી વાણિયા ગણાવા લાગ્યા.

પરમારની શાખા પાંત્રીસ, રાઠોડની શાખા તેર, જાદવની શાખા વીશ, ચહુવાણની ચોવીશ શાખા, સોલંકીની સાત શાખા વગેરે કુલોની શાખાઓ જાણવી.

ઉપરના છત્રીશ કુળોમાં હુન અને જટ જાતિના ક્ષત્રિયો માટે કેટલાક વિદ્વાનોનો એવો અભિપ્રાય છે "કે હુન જાત અસલ હિન્દુસ્થાનની બહાર રહેતી હતી. હુન લોકોએ હિંદુસ્થાનની બહારથી આવી કેટલાંએક વર્ષ કાશ્મીરમાં રાજ્ય કર્યું તેમજ તેમાંના કેટલાક યુરોપ જઇ વસ્યા. તેમને ત્યાં પણ અંગ્રેજીમાં હન અથવા હુન કહે છે તેમજ તેમનો વસાવેલો પ્રાંત "હુનગરી" અથવા "હંગરી" ને નામે આસ્ટ્રિયા દેશમાં હાલ પ્રખ્યાત છે. તેમજ જટ લોકો યુરોપમાં જઈ વસ્યા તેને જટલાંડ એટલે જટ દેશ નામ આપ્યું." આ બાબતમાં અમો પૂર્ણ વિચાર કર્યા વિના અમારો મત આપી શકતા નથી પણ એટલું તો શત્રુંજય માહાત્મ્ય વગેરે પ્રાચીન જૈન ગ્રન્થોના આધારે કહેવું પડે છે કે ક્ષત્રિય લોકો પૂર્વે હાલમાં મનાતા હિંદુસ્થાનની બહારના દેશોપર રાજ્ય કરતા હતા. શ્રીઋષભદેવના પુત્ર ભરતનું હાલમાં હિન્દુસ્થાન તરીકે પ્રસિદ્ધ દેશમાં રાજ્ય હતું અને તેમની અયોધ્યામાં ગાદી હતી. તેમના પુત્ર સૂર્યયશા રાજા થયા ત્યારથી અયોધ્યામાં સૂર્યવંશની સ્થાપના થઈ. ઇરાન, અરબસ્તાન, આફ્રિકા, યુરોપ, તુર્કસ્થાન અને અફગાનિસ્થાનને પહેલાં બહુલી દેશ કહેવામાં આવતો હતો અને ત્યાં શ્રી ઋષભદેવના પુત્ર બાહુબલીનું રાજ્ય હતું. શ્રીઋષભદેવના પુત્રો પૈકી કેટલાકનું વૈતાઢ્ય પર્વતપર રાજ્ય થયું. અયોધ્યાની ગાદીપર સૂર્યવંશી રાજાઓ રાજ્ય કરવા લાગ્યા અને તેમની ગાદીપર અયોધ્યામાં શ્રી

મુનિસુવ્રતના વખતમાં દશરથ રાજાના રામ પુત્ર થયા. શ્રી બાવીસમા નેમિનાથ જાદવવંશમાં થયા. જ્ઞાતવંશનામના ક્ષત્રિય કુલમાંથી મહાવીર પ્રભુ થયા. શ્રીઋષભદેવ વગેરે તીર્થંકરોનો ઇશ્વાકુ વંશ હતો. પૂર્વે સર્વે તીર્થંકરો ક્ષત્રિયોના કુલમાં જન્મ્યા હતા. મહાભારતના યુદ્ધ વખતે ઘણા ક્ષત્રિય રાજાઓ હાલના ગણાતા હિન્દુસ્થાનની બહાર રહેતા હતા એમ જૈનમહાભારતથી સિદ્ધ થાય છે તેથી કાલાંતરે કેટલીક જાતો યુરોપ તરફ ગઈ હોય તો તે બનવા યોગ્ય છે. હાલ જ્યાં આટલાંટિક મહાસાગર છે ત્યાં પૂર્વે દેશ હતો. જલના ઠેકાણે થલ થાય છે અને થલના ઠેકાણે જલ થાય છે આવો નિયમ ભુસ્તર શાસ્ત્રથી સિદ્ધ થાય છે તેથી પૂર્વના વખતના દેશોમાં ઘણો ફેરફાર થઈ ગયો છે.

ભરત રાજા થયા પછી આ દેશને ભારતખંડ તરીકે કહેવાની રૂઢિ ચાલતી હતી. ભારતખંડમાં આર્ય દેશ અને અનાર્ય દેશો હતા. ભારતખંડમાં અનાર્ય દેશો ઘણા હતા. આર્ય દેશમાં રહેનારને આર્ય કહેવામાં આવતા હતા. અસલથી આર્યો આ દેશમાં વસતા હતા. તેઓ કંઇ અન્ય દેશમાંથી આ દેશમાં આવ્યા નથી પણ અસલથી આ દેશમાં રહેતા હતા એમ જૈનશાસ્ત્રોના આધારે સિદ્ધ થાય છે. આર્ય દેશપર અન્ય દેશના લોકો ચઢી આવ્યા તેઓ પણ આર્ય હતા અને કેટલાક અનાર્ય હતા. આ પ્રમાણે અમારી માન્તા છે. હવે વિચારવાનું એટલું છે કે છત્રીશ કુલના ક્ષત્રિયો વગેરે ચારે વર્ણો વિક્રમના નવમા શતક લગભગ જૈનધર્મ પાળતી હતી પણ શંકરાચાર્ય પશ્ચાત્ વેદધર્મીઓનું નવમા સૈકા પશ્ચાત્ જોર વધવાથી ચારે વર્ણો વેદધર્મ પાળવા લાગી અને વિક્રમના પન્નરમા સૈકા પછી વેદ ધર્મીઓનું ઘણું જોર વધવાથી વેદધર્મ તે હિન્દુસ્થાનનો રાજકીય ધર્મ તરીકે ગણાવવા લાગ્યો તેથી મુસલમાનો વગેરે સર્વ હિન્દવાસીઓનો મોટો

ભાગ વેદધર્મી હોવાથી વેદધર્મને હિન્દુધર્મ તરીકે કહેવા લાગ્યા. હિન્દુસ્થાનના ઘણા લોકોમાં વેદધર્મ પળાતો હોવાથી વેદધર્મ તે પન્નરમા સૈકા લગભગથી હિન્દુધર્મ તરીકે પ્રસિદ્ધ થયો પણ તે વેદધર્મ પૂર્વે હિન્દુધર્મ તરીકે ઓળખાતો નહતો. કારણ કે વિક્રમના છઠ્ઠા સૈકા સુધી તો હિન્દુસ્થાનના સર્વ લોકોનો મુખ્ય ધર્મ જૈનધર્મ હોવાથી જૈનધર્મ તેજ હિન્દુઓનો મુખ્ય ધર્મ ગણાતો હતો અને જૈનધર્મજ હિન્દુસ્થાનનો આર્યધર્મ ગણાતો હતો. જૈનશાસ્ત્રોમાં સાધુને **आर्य** અને સાધ્વીઓને **आर्या** તરીકે કહેવાનો સૂત્રોના આધારે રીવાજ હતો. સ્થાનકવાસીઓમાં સાધ્વીઓને હાલ પણ **आर्याओ** કહેવાનો રીવાજ છે. જૈનો પૂર્વે આર્ય દેશના વાસી હોવાથી **आर्य** તરીકે ગણાતા હતા. ક્ષત્રિય રાજાઓ અને ક્ષત્રિયોમાં વેદધર્મનો ઘણો પ્રચાર થયા બાદ જૈનાચાર્યોએ જૈન રહેલા ક્ષત્રિયોને વેદધર્મિ ક્ષત્રિયોથી જુદા પાડયા અને તેઓ વ્યાપાર કરવાથી વાણિયા ગણાવવા લાગ્યા. કહેવાનો સારાંશ એ છે કે વીશા શ્રીમાલી વગેરે પૂર્વે રજપુતો હતા. વીશા શ્રીમાલીમાંથી દશા થયા અને દશામાંથી પાંચા વાણિયા થયા છે. ક્ષત્રિયોને વેદધર્મી બનાવવામાં બ્રાહ્મણોએ તેઓને માંસ દારૂ પીવા વગેરેની છૂટ આપી અને એટલા સુધી કહેવા લાગ્યા કે માંસનું ભક્ષણ કરવું. મૃગયા રમવા એ તો ક્ષત્રિયોનો ધર્મ છે. હિન્દુસ્તાનમાં પરદેશીઓના હુમલાથી અજ્ઞાન ઘણું પ્રસર્યું તેથી ક્ષત્રિયો અને ક્ષત્રિય રાજાઓને જોઇતું હતું અને વૈદે કહ્યું તેની માફક બ્રાહ્મણોએ મૂકેલી છૂટથી ઘણા ક્ષત્રિય રાજાઓ અને ક્ષત્રિયોએ વેદ ધર્મ સ્વીકાર્યો અને તેથી જૈનાચાર્યોએ જૈન તરીકે રહેલા ક્ષત્રિયોને માંસભક્ષી દારૂપાની ક્ષત્રિયોથી ભિન્ન સમાજ તરીકે કર્યા, તેમાં ઘણાં કારણો હશે કારણકે તે વખતે તે કેવી સ્થિતિમાં મૂકાયા હશે તેનો હાલ ગમે તેટલાં અનુમાનોથી વિચાર કરીએ તો પણ તેનો પૂર્ણ ખ્યાલ આવી શકે નહિ. જૈનાચાર્યોએ

ક્ષત્રિયો અને ક્ષત્રિય રાજાઓને જૈન ધર્મની શ્રદ્ધામાં સ્થિર કરીને દારૂપાન માંસહારી છતાં શ્રેણિક રાજાની પેઠે અવિરતિ સમ્યગ્દષ્ટિ જૈનો તરીકે રાખ્યા હોત તો ક્ષત્રિયો અને ક્ષત્રિય રાજાઓ જૈન તરીકે કાયમ રહ્યા હોત પણ આ બાબતમાં તેમણે શા માટે લક્ષ્ય ન દીધું તેનું કારણ સમજી શકાતું નથી. શ્રી નેમિનાથના વખતથી ચારે વર્ણોમાં જૈન ધર્મ અને વેદધર્મ એ બે ધર્મ પ્રવર્તતા હતા. વેદધર્મીઓએ જૈનો ઉપર શંકરાચાર્ય વગેરેના વખતમાં જુલ્મ ગુજારવામાં બાકી રાખી નથી એમ શંકરદિગ્વિજય વગેરેથી માલુમ પડે છે. ધર્મના નામે જૈન રાજાઓએ અને જૈન ક્ષત્રિયોએ કદિ અન્ય ધર્મીઓ સામે તરવાર ઉગામી નથી એમ ઇતિહાસથી સિદ્ધ થાય છે. વેદધર્મીઓનું જોર થવાથી મારવાડ વગેરેમાં રહેલા ક્ષત્રિય જૈનોને વ્યાપારી કોમ તરીકે ફેરવી નાખવામાં જૈનાચાર્યોએ તે વખતને અનુસરીને લાભ દેખ્યો એમ તેમના કૃત્ય ઉપરથી માલુમ પડે છે. કદાપિ એમ પણ બની શકે કે ક્ષત્રિય જૈનોએ પોતાની મેળે વ્યાપાર કરીને ઇંગ્લીશોની પેઠે શાંત જીવન ગુજારવા વણિગ્વૃત્તિ સ્વીકારી હોય. કેટલાક અણસમજુ વિદ્વાનો કહે છે કે જૈનાચાર્યોએ ક્ષત્રિયોને વાણિયા બનાવી દીધા તેથી મુસલમાનોનું જોર ફાવ્યું અને વળી વિશેષમાં કથે છે કે—જો વેદધર્મનો પાછો ઝુંડો ન ફરકયો હોત તો જૈનાચાર્યોની દયાના ઉપદેશથી બાયલા બનેલા ક્ષત્રિયો મુસલમાનોની સાથે દેશનું રક્ષણ કરવા સમર્થ થાત નહિ.

આ સંબંધી પ્રખ્યાત ગુર્જર કવિ દલપતરામ ડાહ્યાભાઇ પોતાના જ્ઞાતિનિબંધ નામના પુસ્તકમાં લખે છે કેઃ—

"આગળની વખતમાં ઘણા રાજાઓ જૈનધર્મી થયા હતા. તે ઘણી જીવદયા મનમાં લાવીને પોતાનું રાજ્ય જતે પણ લડાઇયો કરવા ચ્હાતા નહિ. પછી પરદેશીઓએ આવીને તેઓની જમીન દબાવી

લીધી ત્યારે જૈનધર્મી રાજાઓની ઘણી નિન્દા થવા લાગી તથા જૈનધર્મને પણ નુકશાન લાગ્યું. ( જે ગામમાં હિંસાની મના હતી ત્યાં થવા લાગી ) પછી પ્રજા તથા રાણીઓએ રાજાઓને બાળપણથી જૈનધર્મથી દૂર રાખવાની તદબીર કરી અને લડાઈ કરવાથી ક્ષત્રી ઉપર પરમેશ્વર પ્રસન્ન થાય એવું જે ધર્મમાં લખેલું હોય તે (વેદધર્મ) રાજાને યોગ્ય છે એવું સૌએ ધાર્યું. ત્યારે ક્ષત્રીના હાથમાં કાંઈ પણ મૂલક રહ્યો."

આ ઉપરનો કવિ દલપતરામનો ફકરો વાંચવાથી લોકોમાં એવી માન્યતા ફેલાય છે કે જૈનો પોતાનું રાજ્ય જાય તોપણ દયાથી તે જવા દે છે અને લડાઇ કરતા નથી, પણ કવિ દલપતરામ તથા મહીપતરામ વગેરેની જૈનો માટે કરેલી કલ્પના આ જૂઠી છે અમો નીચે પ્રમાણે દૃષ્ટાંત આપીને કવિ દલપતરામની જૂઠી કલ્પનાને હવામાં ઉડાવી દેવા તૈયાર છીએ.

પ્રથમ શ્રીમહાવીર સ્વામીના વખતમાં અરાઢ દેશના વગેરે ઘણા ક્ષત્રિય રાજાઓ જૈનધર્મી હતા. શ્રી મહાવીરના મામા ચેટક રાજા કે જે વિશાલા નગરીના રાજા હતા. તેમણે શ્રાવકનાં બારવ્રત ધારણ કર્યાં હતાં. તેઓએ જૈન કોણિક રાજાની સાથે બાર વર્ષ સુધી મહાભારત યુદ્ધ કર્યું હતું. ક્ષત્રિયના ધર્મ પ્રમાણે ક્ષત્રિય રાજા કારણ પ્રસંગે યુદ્ધ કરે તેનો આ મહાવીર સ્વામીના વખતનો દાખલો જણાવ્યો. તેમજ શ્રી મહાવીર સ્વામીના વખતમાં ચુસ્ત જૈનધર્મી શ્રેણિક અને ઉજ્જયિનીના ચંડ પ્રદ્યોતન જૈન રાજા વચ્ચે યુદ્ધ થયું હતું તે વખતે લાખો ક્ષત્રિયો યુદ્ધ કરતા હતા. ક્ષત્રિયના ધર્મ પ્રમાણે યુદ્ધ કરનારા તેઓ જૈનો હતા. હવે વિચાર કરો કે કવિ દલપતરામનું કહેવું કેટલી બધી ભૂલથી ભરેલું છે. અશોક રાજા છેવટે જૈન થયો હતો તેના પુત્ર કુણાલે પણ કારણ પ્રસંગે ક્ષત્રિય ધર્મ પ્રમાણે યુદ્ધો કર્યાં હતાં. જૈનધર્મી સંપ્રતિ રાજાએ પણ

ક્ષત્રિય ધર્મ પ્રમાણે કારણ પ્રસંગે યુદ્ધો કર્યાં હતાં. ઉપર પ્રમાણે જણાવેલા જૈન રાજાઓનું જૈનધર્મ પાળવાથી ક્ષત્રિયપણું ચાલ્યું ગયું નહોતું. કુમારપાળ રાજા પરમજૈની હતો. તેણે મુસલમાન બાદશાહ વગેરેની સાથે યુદ્ધો કર્યાં હતાં. શિલાદિત્ય રાજા જૈની હતો તેણે પરદેશીઓના હુમલા સામે યુદ્ધ કરી સ્વદેશનું રક્ષણ કર્યું હતું. શિલાદિત્યની ગાદીએ આવનાર જયશિખરી રાજા પાછળથી શિવધર્મી થયો હતો, તેણે વલ્લભીપુરનું રાજ્ય ખોયું હતું, અને તેનો પુત્ર વનરાજ હતો, તેણે શીલગુણસૂરિ નામના ચૈત્યવાસી મુનિ પાસે જૈન ધર્મની તાલીમ લીધી અને તેના પ્રતાપે ગુજરાતનો રાજા થયો. આ શું બતાવી આપે છે!!! શીલગુણસૂરિના ઉપદેશથી તે જૈન રાજા થયો. "જે રાજાઓ જૈનધર્મી થાય તે લડે નહિ અને બાયલા થાય" એવું ઉપરનાં દૃષ્ટાંતો આપવાથી હવે કોઇ માની શકે તેમ નથી. ગુજરાતના પ્રધાન વસ્તુપાલ અને તેજપાલ વાણિયા હતા. તેઓ પ્રભુની પૂજા કરીને પોતાના દેશના રક્ષણ માટે યુદ્ધો કરતા હતા. તે વખતે જૈનાચાર્યો ઘણા હતા. હવે વિચાર કરો કે જૈન ધર્મથી ક્ષત્રિયોએ રાજ્ય ખોયું એમ કેવી રીતે કહી શકાય? અલબત્ત કોઇ રીતે કહી શકાય નહિ. જૈન-ક્ષત્રિય રાજાઓ અને ક્ષત્રિયો જ્યાં સુધી જૈનધર્મ પાળતા હતા ત્યાં સુધી તેઓએ કદી પોતાનું રાજ્ય ખોયું નથી, કારણકે તેઓ અપ્રમાદી ઉસ્તાદ, સદ્ગુણી, અને નિર્વ્યસની રહેતા હતા. પૃથુરાજ ચોહાણ અને જયચંદ રાજા વેદધર્મી હતા. તેમના વખતમાં મુસલમાનોએ હિન્દુસ્થાનનું રાજ્ય લીધું પણ જૈન રાજાઓના વખતમાં કોઇની જમીન ગઇ એવું પ્રાયઃ ઇતિહાસથી સિદ્ધ થતું નથી. આટલું લખવાનું કારણ એ છે કે જૈન ધર્મથી ક્ષત્રિયો અને ક્ષત્રિય રાજાઓ નિઃસત્વ બન્યા હતા એવો કવિ દલપતરામે જે આક્ષેપ કર્યો હતો અને તેથી જૈનધર્મને કલંક લાગવાનો પ્રસંગ મળતો હતો તેનો પરિહાર કર્યો.

જૈન ધર્મમાં પૂર્વે ચારે વર્ણો હતી તે ચારે વર્ણો પોતાના ગુણ-કર્માનુસાર પ્રવૃત્તિ કરતી હતી અને જૈન ધર્મને યથાશક્તિ પાળતી હતી. શ્રી આત્મારામજી મહારાજ સ્વકૃત તત્ત્વનિર્ણય પ્રાસાદ નામના ગ્રન્થમાં જણાવે છે કે બ્રાહ્મણ જૈનોએ ધર્મનું અધ્યયન કરવું અને અમુક મંત્ર ગણવો. ક્ષત્રિય જૈનોએ દેશધર્મના રક્ષણાર્થે ક્ષાત્ર ધર્મ પ્રમાણે વર્તવું અને અમુક મંત્ર ગણવો. વૈશ્ય જૈનોએ વ્યાપાર–હુન્નરકળા વગેરેથી આજીવિકા ચલાવવી અને અમુક મંત્ર ગણવો, ઢેડ વગેરે શૂદ્ર જૈનોએ અમુક મંત્ર ગણવો અને સેવાથી આજીવિકા ચલાવવી. આચાર દિનકર વગેરે પ્રાચીન ગ્રન્થોમાં ચારે વર્ણના જૈનોનાં કૃત્યો જણાવ્યાં છે. દક્ષિણ કર્ણાટકમાં કેટલાક દિગંબર જૈન બ્રાહ્મણો તરીકે હાલ વિદ્યમાન છે. ઉપદેશતરંગિણી નામના ગ્રન્થમાં ઘણા ઢેડ વગેરે નીચ શૂદ્ર જૈનોના સંઘો સિદ્ધાચલની યાત્રાએ આવ્યા હતા, તે સંબંધી ઉલ્લેખ છે. અમારા વાંચવામાં એક જૂનો ગ્રન્થ આવ્યો છે અને તેમાં લખ્યું છે કે ઢેડ વગેરે અત્યંત શૂદ્ર જનોના જિનમન્દિરમાં ઉચ્ચ વર્ણના જૈનોએ દર્શનાર્થે જવું કે નહિ એવો પ્રશ્ન છે તે ઉપરથી સિદ્ધ થાય છે કે.

પૂર્વે કેટલાંક શતકપર શૂદ્ર જૈનો હતા અને તેમણે બંધાવેલાં જૈન મંદિરો હતાં પણ પાછળથી તેમની ઉપેક્ષા વગેરે અનેક કારણોથી તેઓ હિન્દુધર્મ પાળવા લાગ્યા અને શૂદ્ર હિન્દુઓ તરીકે હાલ તેમના વંશજો વિદ્યમાન છે.

પ્રસંગોપાત્ત આ પ્રમાણે વિવેચન કરાયું. હવે મૂળ વિષય તરફ વળવામાં આવે છે. ચાર વર્ણમાંથી ક્ષત્રિયો કે જેઓએ વણિગ્ વૃત્તિ સ્વીકારી હતી. તેઓજ હાલ વિદ્યમાન છે તેમાંથી એટલે ચોરાશી જાતના વાણિયાઓ પૈકી ઘણી જાતના વાણિયાઓ વૈષ્ણવ વગેરે ધર્મમાં બ્રાહ્મણો વગેરેના ઉપદેશથી દાખલ થયા. કપોલ, ખડાયતા,

ગુજરવાલ, નાગર, જારોળા, દિશાવાલ, પુષ્કરવાલ, મોઢ, લાડ, સોની, વડનગરા, અને પાંચા વગેરે વાણિયાઓ અસલ જૈન હતા. વડનગરના વાણિયાઓને નાગર વાણિયા કહેવામાં આવે છે. વિક્રમના છઠ્ઠા સૈકામાં વડનગરના નાગર વાણિયાઓ પરમ જૈન હતા. ભરૂચ તરફના દેશને અસલ લાટ દેશ કહેવામાં આવતો હતો. લાટમાંના ટનોડ થવાંથી લાડ વાણિયા ગણાવા લાગ્યા. શ્રી સિદ્ધસેન દિવાકર સૂરિ તથા શ્રી હેમચંદ્ર વગેરેના વખતમાં લાડ વાણિયા જૈનધર્મી હતા. પાછળથી તેઓ વૈષ્ણવ ધર્મમાં ગયા. રાંદેર સુરતમાં લાડવા નામના વાણિયાઓ છે તે મારવાડના જૈન રજપુતો હતા. તેઓ દુકાલથી વટપદ્ર (વડોદરા) માં આવ્યા અને ત્યાંના કરોડાધિપતિ જૈનોએ તેઓને લાડવામાં મહોરો ઘાલીને જમાડયા તેથી તેઓ લાડ જૈન વાણિયા તરીકે પ્રસિદ્ધ થયા. કેટલાક કહે છે કે તેઓ હજામમાંથી જૈન થયા છે પણ એ વાત સત્ય લાગતી નથી. તે પન્નરમા સૈકા લગભગમાં જૈન ગ્રંથોમાંથી તેમની જાતિનું નામ નીકળે છે. પન્યાસ શ્રી આનંદસાગરજીએ વૃન્દારવૃત્તિની એક પ્રતિ લાડુવા વાણિયાએ ત્રણસો વર્ષ પૂર્વે લખાવી એવો પુરાવો રજુ કર્યો છે. તે લોકોની સાથે જમણમાં કેટલાક ઓશવાળ વગેરે લોકો સુરતમાં વાંધો લે છે પણ તે યોગ્ય નથી એમ સુરતમાં ચોમાસું રહેલા સાધુ મંડલે સં. ૧૯૬૬ ની સાલમાં સંઘ સમક્ષ ઠરાવ કર્યો છે. સોનીવાણિયા અસલ જૈન હતા અને તેઓ મારવાડના શ્રીમાલ નગરમાં રહેતા હતા. જૈનાચાર્યે તેઓને જૈનો બનાવ્યા હતા. તેઓ સુવર્ણ સંબંધી કાર્ય કરવાથી સોની કહેવાયા. તેઓએ જૈનધર્મનાં મન્દિરો બંધાવ્યાં છે. પાલીતાણામાં સોનીની બંધાવેલી ટુંક હાલ વિદ્યમાન છે. સંગ્રામ સોનીએ સોનાથી ભગવતી સૂત્રની પ્રત લખાવી હતી. ગુજરાતમાં થોડાં શતક પૂર્વે તેઓ જૈન હતા. પણ બસો વર્ષ લગભગથી તેઓ વૈષ્ણવ વગેરે

ધર્મમાં દાખલ થયા છે. ઇડર વગેરે શહેર-ગામમાં કેટલાક સોનીઓનો હજી જૈનોની સાથે ધર્મ સંબંધી તથા ખાવાપીવા સંબંધી વ્યવહાર છે. મણિયાર વાણિયાઓ પણ પૂર્વે જૈન હતા પણ પાછળથી વૈષ્ણવધર્મ પાળવા લાગ્યા. પાંચા વાણિયા તો દશા શ્રીમાલીમાંથી નાતરા વગેરેના કારણથી જુદા પડયા. દેશાવાળ વાણિયામાંથી સો વર્ષ પૂર્વે ઘણા જૈન-ધર્મમાં રહ્યા હતા. દિશાવાડ નામનું મારવાડમાં ગામ હતું ત્યાંના રજપુતોને જૈનાચાર્યોએ જૈન વાણિયા બનાવ્યા હતા. ભટ્ટી, ચહુવાણ, ગોહીલ, પરમાર, અને રાઠોડમાંથી જૈનાચાર્યોએ ભાવસાર બનાવ્યા તેઓનો જૈનધર્મમાં ભાવ સારો હતો માટે તે ભાવસાર ગણાયા. ( જાવડશાચરિત પરિશિષ્ટ )

ઉપર પ્રમાણે જૈનાચાર્યોએ, ક્ષત્રિયો અન્ય ધર્મોમાં બદલી જવાથી તેમાંથી કેટલીક ક્ષત્રિય જાતોમાંથી ક્ષત્રિયોને વણિક તરીકે બનાવ્યા અર્થાત્ વ્યાપાર કરીને ગુજરાન ચલાવનારા બનાવ્યા. સીસોદીઆ રજપુતો તરીકે અમદાવાદના કેટલાક નગરશેઠીયાના વંશજો ઓળખાય છે તેની હકીકત શાંતિદાસ શેઠના રાસમાં છપાવવામાં આવી છે.

ઓશીયા નગરી કે જે મારવાડમાં આવી છે તેમાં પહેલાં લાખો મનુષ્યો વસતાં હતાં. તે નગરીમાં શ્રી મહાવીર પશ્ચાત્ ઓગણસાઠ વર્ષે શ્રી રત્નપ્રભસૂરિ મહારાજ પધાર્યા. તેમના ઉપદેશાદિના પ્રતાપથી ઓશીયા નગરીનો રાજા જૈનધર્મી થયો અને ત્યાંના ત્રણ લાખ અને ચોરાશીહજાર મનુષ્યોએ જૈનધર્મ સ્વીકાર્યો. અને તે લોકો ઓશવાળ કહેવાયા. શ્રી રત્નપ્રભસૂરિજી ઓશીયા નગરીથી વિહાર કરીને લખી જંગલ નામના શહેરમાં ગયા અને ત્યાં દશ હજાર મનુષ્યોને જૈન બનાવ્યા. શ્રી વીર પ્રભુના નિર્વાણ બાદ શ્રી રત્નપ્રભસૂરિને બાવનમા વર્ષમાં આચાર્ય પદવી મળી. ઓશીયા નગરીમાં સંપ્રતિ રાજાના વખતની મૂર્તિ છે.

રામાનુજાચાર્યના વખતમાં અને મધ્વાચાર્યના વખતમાં દક્ષિણ, દ્રાવીડ, કર્ણાટક વગેરેના ઘણા જૈનો વટલાઇને વૈષ્ણવ ધર્મમાં દાખલ થયા અને વલ્લભાચાર્યના વખતમાં ગુજરાતના ઘણા જૈનો વટલાઇને વૈષ્ણવ ધર્મમાં દાખલ થયા. ( રામાનુજ વલ્લભાચાર્ય વગેરેના ચરિતોથી આ વાત જાણવામાં આવે છે. ) દશાલાડ, વીશાલાડ, ગુજર, મોઢ, દશાદેશાવાળ વગેરે ઘણી જાતના વણિકો પહેલાં જૈનો હતા તેમાંનો કેટલોક ભાગ હાલ વૈષ્ણવ તરીકે પોતાને ઓળખાવે છે.

સં. ૧૯૬૬ ના ચૈત્ર માસમાં સુરતમાં વૈષ્ણવોની સભા મળી હતી તે વખતે માધવતીર્થ શંકરાચાર્ય સાથે વૈષ્ણવોનો ઝઘડો ચાલતો હતો. તે વખતની સભામાં એક પંડિતે કહ્યું હતું કે " માધવતીર્થ શંકરાચાર્યે અમારી સાથે વિરોધ ન કરવો જોઇએ કારણ કે અમોએ કંઇ વેદધર્મીઓને વૈષ્ણવો બનાવ્યા નથી પણ હાલ જે ચાલીશ લાખ વૈષ્ણવો છે તેઓનું મળ તપાસીએ તો પૂર્વે તે જૈનો હતા. અમારા બાપદાદાઓએ જૈનોને વટલાવીને વૈષ્ણવો બનાવ્યા છે તેથી શંકરાચાર્યે તો ખુશ થવું જોઇએ. આ વચનથી અમારા જૈન બંધુઓએ સમજવું જોઇએ કે આપણા જૈનાચાર્યોના ગચ્છના આદિ કલહ અને કુસંપથી આપણે કેટલા બધા જૈનોને ખોયા છે તેનો ખ્યાલ કરો અને આપણી પડતીનાં કારણો તપાસીને તેઓનો ત્યાગ કરો.

મેહેસાણામાં હાલ દશાદેશાવાડ વાણિયાઓ છે તે પહેલાં જૈનો હતા. વિજાપુરમાં વેરાવાસણમાં જેટલા વણિક વૈષ્ણવો છે તે શ્રી રૂપસુંદરના ઉપાશ્રયના જૈનો હતા. દશાલાડ વાણિયાઓ પહેલાં જૈનો હતા. તેમની પટ્ટાવલિયો વા હકીકતો જૈન ગ્રન્થોમાંથી નીકળી શકે છે. અજમેર, જોધપુર અને ઉદેપુરમાં કેટલાક ઓશવાલોએ વૈષ્ણવ અને શંકરનો મત સ્વીકારેલો છે. કાઠીયાવાડમાં કેટલાક દશાશ્રીમાલી જૈનોએ બોટાદ વગેરેમાં લગભગ પચ્ચાશ વર્ષ પહેલાં સ્વામીનારાયણ-નો ધર્મ સ્વીકાર્યો છે.

રાજગ્રહી અને બંગાળા તરફના કેટલાક ગામોમાં હાલ કેટલાક વૃદ્ધ બ્રાહ્મણો કહે છે કે અમારા બાપદાદાઓ નમસ્કારમંત્ર ભણતા હતા. એક પંડિતે અમને કહ્યું હતું કે અયોધ્યા તરફ હાલ જે વૈષ્ણવો છે તે ત્રણચાર પેઢી પહેલાં જૈનો હતા. કાશીમાં કેટલાક વૈષ્ણવો છે તે ત્રણચાર પેઢી પહેલાં જૈનો હતા. જગત્પતિ શેઠનું કુટુંબ પૂર્વે જૈનધર્મ પાળતું હતું. હાલમાં અજીમગંજમાં તેના વંશજોએ બે પેઢીથી પ્રાયઃ વૈષ્ણવધર્મ સ્વીકાર્યો છે. આ પ્રમાણે દેશો દેશમાં જૈનો વટલીને ઘણા વૈષ્ણવ ધર્મમાં દાખલ થએલા છે. આ ઉપરથી જૈનબંધુઓ જોઈ શકશે કે આપણા આચાર્યોએ અને સાધુઓએ પ્રમાદી બનીને ઘણું ખોયું છે.

અકબર બાદશાહના રાજ્યમાં જૈનો કેટલા હતા તેનો ઇતિહાસ તપાસવામાં આવે છે તો કહેવું પડે છે કે તે વખતે ફક્ત અકબર બાદશાહના રાજ્યમાં સાડાત્રણ કરોડ ઉપર જૈનો વસતા હતા. આ બાબતનો પુરાવો લંડનમાં ગએલા દફતરોમાંથી મળી શકે છે. અકબર બાદશાહના વખતમાં દક્ષિણનું રાજ્ય, રાજપુતસ્થાન રાજ્ય, ખાનદેશ વગેરે દેશોમાં ઘણા જૈનો વસતા હતા તે સર્વે ભેગા ગણવામાં આવે તો જૈનોની લગભગ દશ કરોડ સંખ્યા થાય. ફક્ત એક તપાગચ્છમાં શ્રી હીરવિજયસૂરિની સાથે વિહારમાં એક વખત પાંચસો સાધુ હતા. તે ઉપરથી ખ્યાલ કરવાનો છે કે તપાગચ્છ, ખરતર વગેરે અન્ય ગચ્છોમાં હજારો સાધુઓ હશે, અને દિગંબરોમાં પણ સેંકડો ભટ્ટારકો હશે.

પૂર્વે જૈનોએ ઘણા સંઘ કાઢેલા છે અને તેમાં અબજો રૂપૈયા ખર્ચ્યા છે. તે હાલનાં જૈનોનાં છત્રીસ હજાર મંદિરો ગણી શકાય છે. આર્યાવર્તમાં આટલાં લગભગ જિનમંદિરો છે તે ઉપરથી પૂર્વે જૈનોની કેટલી બધી જાહોજલાલી હતી તેનો ખ્યાલ આવે છે.

શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિએ પ્રતિબોધેલા વિક્રમ રાજાએ શ્રી શત્રુંજય તીર્થનો સંઘ કહાડયો હતો તેમાં એકસોને અગનોત્તેર સુવર્ણનાં જિનમન્દિર હતાં. દાંત અને ચંદનનાં પાંચસેં જિનમન્દિર હતાં. શ્રી સિદ્ધસેન દિવાકર વગેરે પાંચ હજાર આચાર્યો હતા. આ ઉપરથી ઉપાધ્યાયો, પંડિતો, સાધુઓ અને સાધ્વીઓ કેટલાં હશે તેનો વિચાર કરવાની જરૂર છે. તેના સંઘમાં ચૌદ મુકુટબદ્ધ રાજાઓ હતા, સાત લાખ તો શ્રાવકનાં કુટુંબ હતાં, એક કરોડ દશ લાખ અને નવ હજાર શકટ હતાં, અઢાર લાખ ઘોડા હતા. વગેરે.

કુમારપાલ રાજાએ સિદ્ધાચલનો સંઘ કાઢયો તેમાં અઢારસેં ચુમોતેર અધિક સુવર્ણ અને રત્નનાં જિનમન્દિર હતાં. આભુએ સિદ્ધાચલનો સંઘ કહાડયો તેમાં સાતશેં જિનમન્દિર હતાં. એ ઉપરથી મનુષ્યો વગેરેનો ખ્યાલ કરવાનો છે. તેની યાત્રામાં બાર કરોડ સોનૈયાનો ખર્ચ થયો હતો. સાધુ પેથડે સંઘ કહાડયો તેમાં અગીયાર લાખ ટંકનો વ્યય થયો. તેના સંઘમાં બાવન જિનમન્દિર હતાં અને સાત લાખ મનુષ્યો હતાં. વસ્તુપાલ અને તેજપાલે સાડીબાર યાત્રાઓ કરી હતી અને તેમણે કરોડો રૂપૈયા ખર્ચ્યા હતા. પેથડશાહે છપ્પન ઘડી સુવર્ણનો ચઢાવો લેઇ ગિરનારમાં ઇંદ્રમાલા ધારણ કરી હતી અને યાચકોને ચાર ઘડી સોનું આપ્યું હતું. કુમારપાલ અને વસ્તુપાલે કાઢેલા સંઘમાં હજારો આચાર્યો, ઉપાધ્યાયો, સાધુઓ અને સાધ્વીઓ હતી અને દિગંબર આચાર્યો પણ સંઘમાં યાત્રાર્થે આવ્યા હતા. શ્રી વીરપ્રભુ પશ્ચાત્ સિદ્ધાચલ વગેરેના તીર્થોના સંઘોનો વિચાર કરીએ તો લાખો સંઘો નિકળ્યા છે એમ અનુમાન કરી શકાય છે. મોતિશાહ શેઠે સિદ્ધાચલપર ટુંક બંધાવી તેમાં હાલના પ્રમાણે ખર્ચ ગણવામાં આવે તો કરોડ રૂપૈયા ખર્ચ્યા છે એમ અડસટો આવે છે.

શ્રી સંપ્રતિ રાજા કે જેમણે વીરસંવત્ ૨૨૨ બસેં બાવીસમી

સાલમાં દીક્ષા લીધી. તેમણે સંપ્રતિ રાજાને પ્રતિબોધ દીધો હતો. સંપ્રતિ રાજાનો એવો નિયમ હતો કે દરરોજ એક નવા દેરાસરની પ્રતિષ્ઠા શ્રવણ કરીને દાતણ કરવું. પ્રસેનજિતનો પુત્ર શ્રેણિક રાજા અને શ્રેણિક રાજાનો પુત્ર કોણિક અને કોણિકનો પુત્ર ઉદાયિ અને ઉદાયિની પટનાનગરીમાં નવનંદ રાજાઓ થયા. તેમના પછી ચંદ્રગુપ્ત અને ચંદ્રગુપ્ત પછી તેનો પુત્ર અશોક રાજા થયો. અશોકનો પુત્ર કુણાલ અને કુણાલનો પુત્ર સંપ્રતિ રાજા થયો. સંપ્રતિ રાજાએ સવાલાખ જિનમંદિર કરાવ્યાં અને સવા કરોડ નવીન પ્રતિમાઓ ભરાવી. છત્રીસ હજાર જીર્ણોદ્ધાર કરાવ્યા. પંચાણુ હજાર પિતળની પ્રતિમાઓ કરાવી અને એક લાખ દાનશાળાઓ કરાવી. હજારો પાંજરાપોળો કરાવી.

આ ઉપરથી જોઈ શકાશે કે પહેલાં જૈનોની કેટલી બધી ચડતી દશા હતી. આબુજીના દેરાસરોમાં અબજો રૂપૈયાનાં ખર્ચ થયાં છે. રાણકપુરના દેરાસરમાં ધન્નાપોરવાડે લાખો રૂપૈયા ખર્ચ્યા છે. સિદ્ધાચલની નવટુંકોમાં અબજો રૂપૈયા ખર્ચવામાં આવ્યા છે.

પૂર્વે જૈનોની પાસે ક્રોડો રૂપૈયા હતા. રાજસ્થાનમાં ઓગણીસમા સૈકા સુધી ઓશવાળો રાજાઓને ત્યાં પ્રધાનપદ વગેરે ભોગવતા હતા. હાલ જૈનોમાં કોઈ કોઇ રાજાને ત્યાં પ્રધાનપદ પર પણ નથી તે કેટલી બધી દિલગીરીની વાત. ધન્નાપોરવાડની પાસે કરોડો રૂપૈયા હતા. તે રાણકપુરનું દેરૂં કરાવતો હતો તે વખતે સાંભળવા પ્રમાણે કુંભારાણાએ કહ્યું હતું કે ત્હારા દેરામાં મારીવતી એક થાંભલો કરાવજે. ધન્નાપોરવાડે રાણા તરફથી એક થાંભલો કરાવ્યો. તેમાં લાખ રૂપૈયા થયા, તેથી કુંભોરાણો વિચારવા લાગ્યો કે અહો, અહો! ધન્નો પોરવાડ તો ધનની ખાણ છે. વિમલશાહની પાસે કરોડો રૂપૈયા હતા. વિમલશાહનું ધન ગણી શકાતું નહોતું. તેણે આબુજીના પર્વત પર સોનૈયા

પાથરીને દેરાસર બનાવવા પર્વતની જગ્યા લીધી હતી. આબુજીના દેરાસરોમાં વસ્તુપાલે અને તેજપાલે કરોડો રૂપૈયા ખર્ચ્યા છે. આબુજીના દેરાસરોની કોરણી દેખીને સાહેબ લોકો માથું ધુણાવે છે અને કહે છે કે ચાર ખંડમાં આવી કોરણી કોઈ ઠેકાણે નથી. શ્રી કુમારપાલે ચૌદસે ચુમાલીશ દેરાસરો બંધાવ્યાં હતાં પણ હાલ તો તારંગાજીનું દેરાસર તેમની યાદી કરાવે છે. કુમારપાળ રાજાએ અબજો રૂપિયા દેરાસરો–જ્ઞાન વગેરેમાં ખર્ચ્યા હતા. શ્રી કુમારપાલ રાજાએ શ્રી હેમચંદ્રસૂરિનું સામૈયું કર્યું તે વખતે સામૈયામાં પ્રાયઃ અઢારસો કરોડાધિપતિ જૈનો સામા આવ્યા હતા. આ ઉપરથી અન્ય શ્રાવકો કેવા હશે તેનો ખ્યાલ કરવો જોઇએ. માંડવગઢમાં કરોડાધિપતિ જૈનો વસતા હતા. માંડવગઢમાં ભેંસાશા નામનો શેઠ રહેતો હતો. તેની પાસે પારસમણિ હતો. એક વખત તેની મા શ્રી શત્રુંજય યાત્રા કરવા ગઇ હતી. શત્રુંજય તીર્થમાં તેણે લાખો રૂપિયા ખર્ચ્યા તેથી તેણે ધોળકામાં આવી ત્યાંના શેઠીઆઓ પાસે હુંડી સ્વીકારવા કહ્યું. ધોળકાના શેઠીયાઓ ભેંસાશાની મશ્કરી કરવા લાગ્યા. ભેંસાશાની મા માંડવગઢમાં ગઈ અને તેણે ધોળકામાં થએલી સર્વ વાત કહી, તેથી ભેંસાશાને રીશ ચઢી. તેણે હજારો ગુમાસ્તાઓને મોકલી અમુક મુદતનું ઘી ખરીદવા ગુમાસ્તાઓને કહ્યું, અને શેઠીયાઓને કરોડો રૂપિયા પહેલાંથી આપી દીધા. જ્યારે મુદત આવી ત્યારે શેઠીયાઓ પાસે ઘી માગ્યું અને જે જે ઘીનાં કુલ્લાં આવ્યાં તેને ધોળકાના તળાવમાં ઠાલવવા માંડયાં અને તેથી ઘીથી તળાવ ભરાઇ ગયું. ધોળકા વગેરે ગુજરાતના વ્યાપારી શેઠીયાઓ ઘી પુરૂં પાડી શકયા નહીં તેથી પોતાની આબરૂ ન જાય તે માટે આજીજી કરવા લાગ્યા. ભેંસાશાહે ગુજરાતના શેઠીયાઓની કાછડીનો આગળનો છેડો છોડાવ્યો. ત્યારથી ગુજરાતમાં આવો રીવાજ થયો એમ કિંવદન્તી સંભળાય છે. આ વાત

ઉપરથી આપણે એટલું સમજવાનું છે કે ભેંસાશા વગેરે શેઠીઆઓની પાસે પહેલાં કરોડો અબજો સોનૈયા અને રૂપિઆ હતા. તેના આગળ અમેરિકા વગેરેના કરોડાધિપતિયો કંઇ હિસાબમાં નથી.

ચાંપાનેરમાં પૂર્વે વીસહજાર ઉપર શ્રાવકોનાં ઘર હતાં તે શહેરમાં કોઇ નવો શ્રાવક વસવા આવતો હતો તેને માટે એવો ઠરાવ હતો કે દરેક ઘરથી એક સોનૈયો અને એક ઈંટ આપવી આ રીવાજથી ત્યાં વાસ કરનાર શ્રાવક થોડા વખતમાં ધનવાન્ બનતો હતો. સાંભળવા પ્રમાણે માંડવગઢ વા અન્ય કોઇ પ્રાચીન નગર કે જેની યાદી રહી નથી તેમાં કોઇ શ્રાવકને ઘેર પુત્રનો જન્મ થતાં દરેક શ્રાવકના ઘેરથી એક સોનૈયો ભેટણા તરીકે આવતો. સર્વ ઘરોથી આવેલા સોનૈયા તે પુત્રના નામે જમે થતા હતા અને તેથી તે ભવિષ્યમાં ધનવાન્ તરીકે રહી શકતો હતો. પૂર્વના જૈનો ઘણા ધનવાન્ હતા અને વિવેકી હતા તેથી ઉપર પ્રમાણે ઉત્તમ ઠરાવો કરી શકતા હતા.

પ્રતાપ રાણાના રાજ્યમાં રહેનાર ભામાશા શ્રાવકની પાસે કરોડો રૂપૈયા હતા. પ્રતાપ રાણો કંટાળીને સિન્ધ દેશ તરફ જતો હતો તે વખતે ભામાશાહે પ્રતાપ રાણાને કહ્યું કે તમે પાછા વળો અને હિમ્મતથી લશ્કરને ભેગું કરો. પ્રતાપ રાણાએ કહ્યું કે સૈનિકોને પગાર આપવા માટે હવે મારી પાસે ધન રહ્યું નથી. ભામાશાહે કહ્યું કે તમારા લશ્કરને બાર વર્ષ સુધી પગાર ખર્ચ વગેરે આપું તો પણ લક્ષ્મી ખૂટે નહીં એટલી લક્ષ્મી મારી પાસે છે. આ પ્રમાણે કહીને તેણે પ્રતાપ રાણાને પાછો વાળ્યો અને છેવટે ભામાશાની લક્ષ્મી વડે પ્રતાપ રાણાએ પાછું રાજ્ય મેળવ્યું. પૂર્વે લાખો વર્ષપર જૈનો વહાણો વડે અન્ય દેશોની સાથે વ્યાપાર ખેડતા હતા અને પરદેશમાંથી લક્ષ્મી લાવતા હતા. સૌથી પહેલાં આર્યાવર્તમાં વ્હાણો બન્યાં હતાં એમ જૈન ગ્રન્થોથી સિદ્ધ થાય છે. ગુજરાતમાં છેલ્લામાં છેલ્લા વ-

હાણોના વ્યાપારી તરીકે મોતિશા શેઠ પ્રસિદ્ધ છે. ભવિષ્યમાં શું થશે તે હાલ જણાય નહિ. બંગાલ દેશમાં પટના શહેરમાં પૂર્વે અનેક કરોડાધિપતિ જૈનો થઇ ગયા છે. રાજગ્રહી નગરીમાં શાલીભદ્રની પાસે અબજો સૌનેયા હતા તેની ગણતરી થઇ શકતી નહોતી. એક વખત નેપાલ દેશમાંથી એક વણજારો સોળ રત્ન કંબલો લાવ્યો હતો. શ્રેણિક રાજા તે રત્ન કંબલો લેઈ શક્યો નહિ. શાલિભદ્રની માએ તે રત્ન કંબલો લીધી અને કકડા કરીને શાલીભદ્રની બત્રીશ વધુઓને વ્હેંચી દીધી. બત્રીશ વધુઓએ તે કકડાઓને પગ ધોઇને વાપીમાં નાખી દીધા. આ ઉપરથી સહેજે સુજ્ઞ બંધુઓ સમજી શકશે કે શ્રી વીરપ્રભુના વખતમાં શ્રાવકોને ત્યાં અતુલ લક્ષ્મી હતી.

૧ શ્રી વીરપ્રભુનો આનન્દ શ્રાવક વાણિજ્ય ગામમાં રહેતો હતો. તેણે ચાર કરોડ સોના મ્હોરો પૃથ્વીમાં દાટી હતી. ચાર ક્રોડ સોના મ્હોરો વેપારમાં રોકી હતી. ચાર ક્રોડ સોના મ્હોરો વ્યાજે ફેરવતો હતો. તેનાં પાંચસે ગાડાં વ્યાપાર માટે પરદેશમાં ફરતાં હતાં. તેનાં પાંચસે ગાડાં ઘાસ અને લાકડાં લાવવામાં રોકાયલાં રહેતાં હતાં. તેનાં ચાર મોટાં વહાણો વ્યાપાર માટે સમુદ્રમાં ફરતાં હતાં. દશહજાર ગાયોનું એક ગોકુળ થાય એવાં ગાયોનાં ચાર ગોકુલ તેના ઘેર હતાં.

૨ કામદેવ શ્રાવક—ચંપા નગરીમાં કામદેવ શ્રાવક રહેતો હતો. કામદેવને છ કરોડ સોના મ્હોરો ઘરમાં હતી. છ કરોડ સોના મ્હોરો વ્યાજે ફરતી હતી. અને છ કરોડ સોના મ્હોરો પૃથ્વીમાં દાટી હતી. દશહજાર ગાયોનું એક ગોકુલ એવાં છ ગોકુળ તેના ઘેર હતાં.

૩ ચુલણીપિતા—વાણારસી નગરીમાં ચુલણીપિતા નામનો શ્રાવક રહેતો હતો. તેણે આઠ કરોડ સોનૈયા નિધાન તરીકે પૃથ્વીમાં દાટયા હતા. આઠ કરોડ સોનૈયા વ્યાજે મૂકેલા હતા. આઠ કરોડ સોનૈયા વ્યાપારમાં રોક્યા હતા. તેના ઘેર ગાયોનાં આઠ ગોકુલ હતાં.

૪ સૂરાદેવ શ્રાવક—વાણારસી નગરીમાં સૂરાદેવ શ્રાવક રહેતો હતો. તેણે વ્યાપારમાં ૭ કરોડ સોનૈયા (સોના મ્હોરો) રોકી હતી, પૃથ્વીમાં નિધાનરૂપે ૭ કરોડ સોના મ્હોરો દાટી હતી, વગેરે પૂર્વની પેઠે તેના ઘેર ૭ ગાયોનાં ગોકુલ હતાં. વાણારસીનો જિનશત્રુરાજા શ્રી મહાવીરપ્રભુનો શ્રાવક ભક્ત હતો.

૫ ચુલ્લકશતક શ્રાવક—આલંભિકા નગરીમાં ચુલ્લકશતક રહેતો હતો. તેણે ૭ કરોડ સોના મ્હોરો વ્યાજમાં રોકી હતી. ૭ કરોડ સોના મ્હોરો તેણે વ્યાપારમાં રોકી હતી. તેના ઘેર ગાયોનાં ૭ ગોકુલ હતાં.

૬ કુંડકોલિક—કાંપિલ્યપુરમાં કુંડકોલિક રહેતો હતો. તેની ૭ કરોડ સોનામ્હોરો વ્યાજમાં ફરતી હતી. તેણે ૭ કરોડ સોનૈયા વ્યાપારમાં રોક્યા હતા અને ૭ કરોડ સોનામ્હોરોને નિધાનમાં દાટી હતી. અને તેના ઘેર ૭ ગોકુલો વગેરે ઘણી રૂદ્ધિ હતી.

૭ સદ્દાલ પુત્ર—પોલાસપુરમાં સદ્દાલ પુત્ર શ્રાવક રહેતો હતો. સદ્દાલપુત્ર કુંભાર હતો, તે પૂર્વે ગોશાલાના મતનો હતો. પશ્ચાત્ વીર પ્રભુનો શ્રાવક થયો હતો. તે બહુ ધનવાન હતો. વ્યાજે એક કરોડ સોનૈયા, વ્યાપારમાં એક કરોડ સોનૈયા તે રોકતો હતો અને ભૂમિમાં નિધાન રૂપે તેણે એક કરોડ સોનૈયા દાટયા હતા. સદ્દાલપુત્રની નગરની બહાર પાંચસે દુકાનો વાસણની હતી.

૮ મહાશતક—રાજગૃહ નગરીમાં શ્રી વીરપ્રભુનો મહાશતક નામનો ધનવાન શ્રાવક રહેતો હતો. તેણે વ્યાપારમાં સાત કરોડ સોનામ્હોરો રોકી હતી. વ્યાજમાં સાત કરોડ સોનામ્હોરો અને નિધાનમાં સાત કરોડ સોનામ્હોરો રોકી હતી. તેના ઘેર ગાયોનાં આઠ ગોકુલ હતાં. તેના ઘેર દેવીઓને જીતે એવી રેવતી પ્રમુખ તેર સ્ત્રીઓ હતી. રેવતી પોતાના પિતાના ઘેરથી આઠ કરોડ સોનામ્હોરોનાં

ગાડાં ભરીને મહાશતકને ઘેર લાવી હતી. તેમજ ગાયોનાં આઠ ગોકુલ એટલે એંશી હજાર ગાયો લાવી હતી.

૯ નંદિનીપ્રિય શ્રાવક—સાવથ્થી નગરીમાં શ્રી નંદિનીપ્રિય શ્રાવક રહેતો હતો. તેણે ભૂમિમાં ચાર કરોડ સોનૈયા નિધાનરૂપે દાટ્યા હતા. વ્યાજમાં ચાર કરોડ સોનામ્હોરો અને વ્યાપારમાં ચાર કરોડ સોનામ્હોરો રોકી હતી. ગોકુલ વગેરે બીજી પણ ઘણી સમૃદ્ધિ તેની પાસે હતી.

૧૦ તેતલી પિતા શ્રાવક—સાવથ્થી નગરીમાં તેતલી પિતા નામનો શ્રાવક રહેતો હતો. તેતલી શ્રાવકે વ્યાજમાં, વ્યાપારમાં અને નિધાનમાં ચાર ચાર કરોડ સોનામ્હોરો રોકી હતી. તેના ઘેર ચાર ગોકુલો હતાં. તેની પાસે બીજી પણ ઘણી સમૃદ્ધિ હતી.

ભગવાનના દશ મુખ્ય શ્રાવકોની આ પ્રમાણે રૂદ્ધિ હતી. એક લાખને ઓગણસાઠ હજાર શ્રાવકો હતા તેઓ પણ ઘણી રૂદ્ધિવાળા હતા. તે પ્રમાણે અન્ય અવિરતિ શ્રાવકોની પાસે પણ કરોડો સોનૈયા હોવા જોઇએ.

શ્રી પાર્શ્વ પ્રભુના શ્રાવકો અને શ્રાવિકાઓ કરોડો કરોડો સોનૈયાનાં આસામી હતાં.

હાલમાં જૈનોની પાસે તેવા પ્રકારની રૂદ્ધિ દેખાતી નથી અને આચાર્યો અને સાધુઓની પાસે તેવા પ્રકારની ચમત્કારશક્તિ પણ દેખાતી નથી. શ્રી હીરવિજયજીસૂરિના વખતમાં જૈનોના તીર્થમાં જેટલી વાર્ષિક આવતી હતી તેમાંનું હાલ કંઇ દેખાતું નથી. શ્રી હીરવિજયસૂરિના વખતમાં મૌર્યવંશી ચંદ્રગુપ્ત રાજાના વંશમાં થએલા વિમલશા અને તેના પેઢીધર મૂલચંદજીને અકબર બાદશાહે જે લેખ લખી આપ્યો છે તે લેખથી જૈનોની ધનાઢ્યતાનો અને જૈનતીર્થોની ઉપજનો ખ્યાલ લાવવા માટે તે લેખ અત્ર ઉતારવામાં આવે છે.

# ફરમાન પત્રની નકલ.

From,

*Akbar Jallaoddin Mahomed,*

**MOGUL KING OF DELHI.**

To,

*Mukutband Chaterpati Maharaja*
*Dheeraj Bhai Mulchad Bhansali*
*Kuchba Shahansa Puddunhazari.*

It has pleased me, by the grace of God, to enjoy peaceful possession of all my Kingdom and that your assistance to me given from time to time shall be ever remembered. It has pleased me before to give you that management of all my treasured throughout my possessions you being the fittest and the proper person for the management thereof.

It has now pleased me to invest on you the office of Kazi and Dhòkah, which offices you shall hence forth hold and perform in such sacred and proper manner as God shall be pleased to dictate to your conscience your generations will also hold the offices in the usual manner.

Be it known that I grant your prayer that rest will always be given to your religion and that you shall ever remain the Kazi of the same, and your decisions on your religions matters will be final. The estates dedicatece for your family temples vis., that of Abu built by your predecessor Bamalsha yielding an annual income of 45,00,000 lacs of rupees will not be taxed as also the estates dedicated to the Moinda of Seedhachal Paleetana the annual income of which is to 2,00,000 lacs of Rupees and the estate dedicated to the Greenar Raneepora Moonders the income of which is 56,00,000 lacs of Rupees. The estates will as hither to fore remain to your possession and supervission. No ones concerned in the state will have anything to do with them nor shall interfere theirwith.

અર્થઃ—

રવાના—

**અકબર જલાલુદીન મહમદ**

**દીલ્હીના મોગલ પાદશાહ.**

**મુગટબંધ છત્રપતિ મહારાજાધિરાજ ભાઇ મુલચંદ ભણસાલી કુચબ શહેનશાહ પુદન હજારી.**

જોગ.

પ્રભુની કૃપાથી હું મારૂં સઘળું રાજ્ય શાંતિથી ભોગવું છું. તમો

મને જે વખતો વખત મદદ આપો છો તે હમેશને માટે કદી વિસ્મૃત થશે નહિજ.

તમો સંપુર્ણ રીતે પુરા લાયક અને યોગ્ય માણસ હોવાથી તમોને જે મારા તાબાની સદાલી ત્રીજોરી (ખજાના)ની વ્યવસ્થા સોંપવામાં આવેલી છે ને તે મને સંપુર્ણ રીતે સંતોષકારક છે ને તેથી હું બહુજ નિશ્ચિંત છું.

કાઝી અને ધોખા ( Dhokha ) ની પદવી તમને એનાયત કરતાં મને ખુશી ઉપજે છે. જે પદવીઓ તમો હવે પછી ધારણ કરશો અને ખુદા રાજી રહે તેવી યોગ્ય અને પવિત્ર રીતે કામ કરશો.

તેવીજ રીતે તમારા વંશજોને પણ તેવી ઓફીસો (પદવીઓ) આપવામાં આવશે.

હું તમારી પ્રાર્થનાનો સ્વીકtર કરૂં છું અને તમારા ધર્મને હમેશાં વિશ્રામ ( Rest ) મળશે. અને તમો તેના હંમેશને માટે કાઝીની પદવી ભોગવશો અને તમારા ધર્મની બાબતના ફડચાઓ (Dicisions) સંપુર્ણ રીતે નિર્વિવાદ ગણાશે.

જે એસ્ટેટો, દેવળો તમારા પૂર્વજોએ અર્પણ કરેલાં છે જેવાં કે આબુ તમારા વડુઆ " વિમળશા " એ બંધાવેલું જેની વાર્ષિક આવક રૂ. ૪૫૦૦૦૦૦) પીસ્તાલીસ લાખની છે તેને કરમાંથી મુક્ત કરવામાં આવે છે તેમજ વળી સિદ્ધાચળ પાલીતાણાને તે સંબંધીની સ્ટેટ કે જેની વાર્ષિક આવક રૂ. ૫૨૦૦૦૦૦ ) બાવન લાખની છે અને ગીરનારને તે સાથેની એસ્ટેટ કે જેની વાર્ષિક આવક રૂ. ૫૬૦૦૦૦૦ ) છપ્પન લાખની છે તે પણ કરમાંથી મુક્ત કરવામાં આવે છે. તે એસ્ટેટો હવે પછી તમારા કબજે અને તમારી દેખરેખ નીચે રહેશે તે બાબતમાં કોઇ વચમાં હાથ ઘાલી શકશે નાહ અને તેની વચ્ચમાં કોઇ આવી શકશે પણ નહિ.

આ ઉપરથી જોઈ શકાય છે કે ઉપર પ્રમાણેનાં તીર્થોની વાર્ષિક ઉપજ ઉપર પ્રમાણે હતી. તેથી અનુમાન કરી શકાય છે કે તે વખતમાં જૈનકોમ ધનથી પૂર્ણ સુખી હોવી જોઈએ. અને કરોડોની સંખ્યામાં જૈનો હોવા જોઇએ. પૂર્વે લક્ષ્મી તો જૈન કોમમાં હતી એમ સિદ્ધ થાય છે.

શેઠ જગાભાઇ દલપતભાઇ તરફથી વિમલશાહના વંશજને અકબર બાદશાહે આપેલા લેખોમાં નીચે પ્રમાણે તીર્થોની વાર્સિક આવક હતી. સત્તરમા સૈકામાં ગુજરાતમાં શાન્તિદાસ શેઠ વગેરે તથા ઓગણીશમા સૈકામાં મોતિશાહ શેઠ, હેમાભાઇ શેઠ અને હઠીભાઇ શેઠ વગેરે પૈસાદાર થયા હતા અને તેમણે શુભ માર્ગમાં ધનનો વ્યય કર્યો હતો. બંગાલામાં જગત શેઠ થયા તેઓ કરોડો રૂપૈયાની આસામી હતા. તેમના પલંગના પાયાઓ લીલા પાનાના હતા તેમજ પલંગમાં કરોડો રૂપૈયાના હીરાઓ જડયા હતા. તેમનો એક હોકો પાંચ કરોડ રૂપૈયાનો હતો એમ કહેવાય છે. તેઓ સરકારને કરોડો રૂપૈયા ધીરતા હતા. તેમણે કસવટ્ટીના પત્થરનું મોટું જૈન દેરાસર બાંધ્યું હતું તેમાં અબજો રૂપૈયા ખર્ચવામાં આવ્યા હતા.

આ પ્રમાણે જ્યારે પૂર્વની સ્થિતિ અવલોકીએ છીએ ત્યારે જૈનોની પૂર્વે ઝાહોઝલાલીનો અપાર હતી એમ જણાય છે. વિ. ના ચૌદમા સૈકામાં થએલા જૈન જગડુશાહનું દાન નીચે મુજબ છે.

## જગડુશા.

વિક્રમ સંવત્ ૧૪ ચૌદના સૈકામાં કચ્છ દેશના ભદ્રેશ્વરમાં જગડુશા શેઠ થયો હતો. તેણે જૈનધર્મને સારી રીતે દીપાવ્યો હતો. તેની પાસે અબજો રૂપૈયા હતા. તે અર્બસ્તાન ઇરાન વગેરે દેશની સાથે દરિયા માર્ગે વ્યાપાર કરતો હતો. સોળના પુત્ર જગડુએ હાથીઓ સહિત મોટા સૈન્ય સાથે અને ચતુર્વિધ સંઘની સાથે સિદ્ધાચલનો સંઘ કહાડયો હતો. તેણે ભદ્રેશ્વરમાં એક મોટું દેરાસર બં-

ધાવ્યું હતું. શ્રીમાલ કુલ ભૂષણ જગડુશાહે ભદ્રેશ્વરને ફરતો કોટ બંધાવવામાં લાખો રૂપૈયા ખર્ચ્યાં હતા. વિક્રમ સંવત્ ૧૩૧૫ તેરસો-પન્નરમાં દુષ્કાળ પડયો તે વખતે તેણે હમીરનામના સિંધ દેશના રાજાને ૧૨૦૦૦ બારહજાર અનાજના મુડા આપ્યા. તેણે ઉજ્જયનીના રાજા મદનવર્મનને ૧૮૦૦૦ અઢાર હજાર અનાજના મૂડા આપ્યા. તેણે દિલ્લીના બાદશાહ મોજઉદ્દિનને ૨૧૦૦૦ એકવિસ હજાર ધાન્ય-ના મૂડા આપ્યા. તેણે કાશીના રાજા પ્રતાપસિંહને ૩૨૦૦૦ બત્રીશ હજાર અનાજના મૂડા આપ્યા. ચક્રવર્તિરાજાની ખ્યાતિ પામેલા કંદ-હારના રાજાને તેણે ૧૨૦૦૦ બારહજાર અનાજના મૂડા આપ્યા. પાટણના રાજા વિસલદેવને તેણે ૮૦૦૦ આઠ હજાર મૂડા ધાન્યના આપ્યા. તેણે ૯૯૯૦૦૦ નવલાખ નવાણું હજાર ધાન્યના મૂડાઓ આપ્યા. તેણે ૧૧૨ એકસોને બાર દાનશાલાઓ માંડી. તેમાં દરરોજ પાંચ લાખ મનુષ્યો જમતાં હતાં. અરાઢકરોડ દામ તેણે યાચકોને દુ-કાળમાં આપ્યા.

જગડુશાહે ૧૦૮ એકસો આઠ જૈન દેરાસરો અને ત્રણવાર શત્રુંજયની સંઘપૂર્વક યાત્રા કરી.

ભદ્રેશ્વર કચ્છને પૂર્વ કિનારે હતું. હાલ તે નાશ પામ્યું છે. તેનાં કંઇક ખંડેરો રહ્યાં છે. વિશેષ હકીકત માટે જગડુ ચરિત વાંચવું.

સિદ્ધાચલનો ઉદ્ધાર કરનાર અબજો રૂપિયાના માલીક સમરા-શાહ અને કરમાશાહ થઇ ગયા. તેમના ઘેર અખૂટ લક્ષ્મી હતી. પરદેશમાં દરિયા માર્ગે વહાણો વડે તેઓ વ્યાપાર ખેડતા હતા.

કુમારપાલ રાજાના વખતમાં શ્રી હેમચંદ્રાચાર્યે કેટલાક બ્રાહ્મણોને જૈનધર્મનો ઉપદેશ આપી જૈન ભોજક તરીકે બનાવ્યા અને તેઓને ગામોગામ શ્રાવકોને સારંગી વગેરેથી જૈનધર્મ અને પ્રભુની સ્તુતિ ગાઇને જૈનધર્મ ફેલાવવાની યોજના કરી. ભોજકો જ્યાં જાય ત્યાં તેઓ

શ્રાવકોના ઘેર જમે અને પ્રભુના ગુણુ ગાય અને અનેક રસમય કથાઓ કહીને જૈનોને જૈનધર્મમાં દૃઢ કરે તથા અન્ય દર્શનીઓને જૈનધર્મનો ઉપદેશ આપી જૈન બનાવે. તેઓ જૈન સાધુઓ પાસે અભ્યાસ કરીને વિદ્વાન્ બનીને જૈનધર્મનો ઉપદેશ આપે તે માટે તેમના જૈન ગૃહસ્થોપર કેટલાક લાગા રાખ્યા હતા. તે યોજના બહુ ઉત્તમ હતી, તેનો કેટલાક અંશે લાભ થયો છે પણ હાલ ભોજકો જૈનધર્મનો પરિપૂર્ણ અભ્યાસ કરી વિદ્વાન બનતા નથી, તેમજ તેમની વિદ્વત્તાના અભાવે જૈનોનો તેમનાપર પૂર્વની પેઠે ભાવ રહ્યો નથી. ભોજકો પોતાના છોકરાઓને નાટકમાં મૂકે છે તેના કરતાં તેઓ કાશી વગેરેની જૈન પાઠશાળાઓમાં મૂકે તો તેમની અસલની કીર્તિ જળવાઇ રહે અને તેઓ જૈનધર્મના ફેલાવવામાં સારો ભાગ લેઇ શકે. જૈનોએ પોતાના સાધર્મા બંધુ જૈન ભોજકોને ધાર્મિક કેળવણી વગેરેમાં સારી રીતે સાહાય્ય આપવી જોઇએ. ભોજકોની વસતિ ગુજરાતમાં ઘણી છે. તેઓ જો પુનઃ જૈનગુરૂઓ પાસે વા સંસ્કૃત પાઠશાળાઓમાં અભ્યાસ કરે તો અસલની સ્થિતિપર આવી શકે. જૈન કોન્ફરન્સમાં ભોજકો વગેરે જે જે જાતો જૈનધર્મ પાળતી હોય તે તે સર્વ જાતોને જૈન કોન્ફરન્સના આગેવાનોએ આમંત્રણપત્ર મોકલવું જોઇએ અને જો તે આમંત્રણ ન મોકલે તો સમજવું કે તેઓ જૈનધર્માભિમાની છેજ નહિ. ફક્ત ઉપરની વાહવાહ કરીને કીર્તિના પૂજારી અને ધામધુમના પૂજારી બનવાજ આગેવાની ભર્યો ભાગ લે છે એમ સમજવું. જૈન ભોજકોએ જૈનધર્મનો ફેલાવો કરવા પોતાના અસલના વડુઆઓની પેઠે કમર કસવી જોઇએ. ગુજરાતમાં ભાવસાર લોકો જૈનધર્મ પાળે છે. ભાવસાર જાત એ અસલથી જનધર્મ પાળનારી વૈશ્ય જાત છે. ભાવસાર જાતની ગુજરાત દેશમાં ઘણી વસતિ છે. જૈનધર્મ પાળનાર ભાવસાર જૈનો બે ભાગમાં વ્હેં-

ચાઈ ગયા છે. કેટલાક ભાવસાર લોકો જન શ્વેતાંબર મૂર્તિ પૂજક ધર્મ પાળે છે અને કેટલાક સ્થાનકવાસી જૈનધર્મ પાળે છે. જૈન સાધુ-ઓના પરિપૂર્ણ ઉપદેશના અભાવે કેટલાક ભાવસારો વૈષ્ણવ વગેરે ધર્મના ઉપદેશકોના સંબંધે વૈષ્ણવ ધર્મમાં દાખલ થયા. છે. કપડવણજ વગેરે ગામોમાં નેમાવાણિયાની સારી સંખ્યામાં વસતિ છે તેઓ અસલથી જૈનધર્મ પાળતા આવ્યા છે પણ હમણાં કેટલાંક વર્ષથી કેટલાંક ગામોમાં કેટલાક નેમાવાણિયા વૈષ્ણવ ધર્મ પાળવા લાગ્યા છે જૈનાચાર્યોએ આ બાબત તરફ લક્ષ દેઇ બનતું કરવું જોઇએજ. જોધપુર-અજમેર વગેરે તરફ કેટલાક ઓશવાળ લોકો વૈષ્ણવ ધર્મ પાળે છે. ઓશવાળ જાતિ અસલથી જૈનધર્મ પાળનારી છે પણ જૈન સાધુઓની ઉપદેશ વગેરેની યોજનાઓની શિથિલતાથી કેટલાક ઓ-ઓશવાળ જૈનો અન્ય ધર્મના અનુરાગી થયા છે. દશાશ્રીમાળી, વીશાશ્રી-માળી, દશાપોરવાડ, દશાલાડ, વીશાલાડ વગેરે જૈન વણિક જાતોમાંથી કેટલાક લોકો વૈષ્ણવ વગેરે ધર્મના અનુયાયી થયા છે તેથી જૈનોની વસતિમાં ઘણો ઘટાડો થવા પામ્યો છે. મેહસાણાના દશાદેશાવાડ વણિકો પૂર્વે જૈન હતા અને તેઓના બાપ દાદાઓએ સિદ્ધાચળ વગેરે ઠેકાણે જૈન દેરાસરો બંધાવ્યાં હતાં. હાલ તે લોકો વૈષ્ણવ ધર્મના અનુયાયી થયા છે. વડનગરમાં હાલ જે મેસરી વાણિયાઓ છે તે અસલ જૈન ધર્મ પાળતા હતા. તેઓને ચાલીશ વર્ષ પૂર્વે ગોસ્વામીએ નાત બહાર મૂકવા હુકમ કર્યો તે વખતે વડનગરના જૈન વાણિયાઓ અમદાવા-દમાં પ્રેમાભાઈ શેઠની આગળ આવીને પોકાર કર્યો અને તેઓએ કહ્યું કે તમો અમારી સાથે કન્યા વ્યવહાર રાખો, કારણ કે અમો જૈનધર્મ પાળીએ છીએ તો અમારી જાતના અન્ય વૈષ્ણવ વાણિયા-ઓ કન્યા લેવા દેવાનો વ્યવહાર બંધ કરે છે. માટે અમોને સાહાય્ય આપો. તે વખતમાં વિદ્યમાન સાધુઓ તથા શ્રાવકોએ આ બાબત

તરફ લક્ષ ન આપ્યું તેથી હાલ તે લોકોએ વૈષ્ણવ ધર્મની કંઠી બાંધી. આવી બાબતમાં આગેવાન સાધુઓએ અને શ્રાવકોએ પૂર્વે લક્ષ રાખીને ધર્માભિમાન ધારણ કરી આત્મભોગ આપીને બનતું કરવું જોઇએ.

યતિયોના વખતમાં શિથિલતા વધવા માંડી અને ગામોગામ ઉપદેશનો પ્રચાર કરવાના કાર્યમાં પ્રમાદ થયો અને યતિયો, સંઘાડા, ગચ્છ ક્રિયા વગેરેની બાબતમાં ખટપટમાં પડી સામાસામી ક્લેશ-નિન્દા વગેરેમાં પડી ગયા તેથી વલ્લભાચાર્ય વગેરેના અનુયાયીઓ ફાવવા લાગ્યા અને ઘણી વણિક્ જાતોને પોતાના ધર્મમાં લઇ ગયા તોપણ તેઓ અસલ જૈન હતા અને ક્ષત્રિયોમાંથી વણિક્ તરીકે બનાવનાર જૈનાચાર્યો છે એવું જાણવાનાં જૈનોની પાસે સાધન છે. શ્રી હેમચંદ્રાચાર્યના પિતાના વંશના મોઢ લોકો અસલ શ્રી સિદ્ધસેન-સૂરિ અને બપ્પભટ્ટસૂરિના વખતમાં મોઢેરામાં જૈન ધર્મી હતા. ત્યાંથી તેઓમાંના કેટલાક ધંધુકામાં વ્યાપારાર્થે ગયા અને ત્યાં પણ તેઓ જૈન ધર્મ પાળતા હતા અને હાલનું ત્યાં રહેલું જૂનું દેરાસર પણ મોઢ જૈનોએ બંધાવેલું છે પરન્તુ બે શતકના આશરે મોઢ વા-ણિયો વૈષ્ણવ ધર્મ પાળતા થયા. હેમચંદ્ર સૂરિનું જ્યાં પારણું હતું ત્યાં કુમારપાળ રાજાએ કુમાર વિહાર દેરાસર બંધાવ્યું હતું પણ મુસલમાનોના વખતમાં મુસલમાનોએ તેને મસ્જીદના આકારમાં ફેરવી નાખ્યું. અંકલેશ્વર પાસેના હાંસોટમાં જે વાણિયાઓ છે તે પચ્ચીશ વર્ષ પૂર્વે જૈન હતા અને તેમનું બંધાવેલું ત્યાં દેરૂં છે પણ સાધુઓ અને શ્રાવકોના ખરા ધર્મના ઉપદેશ જુસ્સાના અભાવે ત્યાંના વાણિયાઓ જૈન મટીને વૈષ્ણવ થયા છે. દશાપોરવાડ અને વીશાપોરવાડ બન્ને જૈન ધર્મમાં આગળ પડતો ભાગ લેનારા છે. દશાપોરવાડમાં ઉંવારસદ-વિજાપુર વગેરે ઠેકાણે કેટલાક જૈનો પ્રાયઃ લગભગ પચ્ચીશ વર્ષથી વૈષ્ણવ થયા છે. દશાશ્રીમાળી નાત કે જેના આગેવાનો

વસ્તુપાલ તેજપાલ જેવા ગુજરાતના પ્રધાનો થયા છે અને તેમનાથી દશાશ્રીમાળીની નાત જાહેરમાં આવી છે. તેમના વંશમાં સદાય જૈનધર્મ પરંપરાએ ચાલતો આવતો હતો પણ જૈન સાધુઓ અને શ્રાવકોની ધર્મ પ્રતિ ખરી લાગણીના અભાવે દશાશ્રીમાળીમાંથી કેટલાક સ્વામીનારાયણ ધર્મમાં લગભગ ચાલીશ પચ્ચાશ વર્ષથી દાખલ થયા છે. કેટલાંક ઘરો વૈષ્ણવ ધર્મમાં દાખલ થયાં છે. માણસાના દશાશ્રીમાલીના બેતાલીશના ગોળમાં કેટલાક વૈષ્ણવ ધર્મ થોડા વર્ષથી પાળવા લાગ્યા છે તેઓ પૂર્વે પરંપરાથી જૈનો હતા તેમાં પણ આવી પ્રમાદના યોગે સ્થિતિ થઇ પડી છે. ઇડરમાં સોની વગેરે લોકો પચ્ચાશ વર્ષ પૂર્વે જૈન ધર્મ પાળતા હતા તેઓ હાલ પોતાને વૈષ્ણવ કહેવરાવે છે; તેમાં જૈન ધર્મના સાધુઓ અને શ્રાવકોનો પ્રમાદજ કારણભૂત છે.

અગ્રવાલ, ખંડેરવાલ, હુંબડ, જશવાલ, પૂર્વ ખાનદેશમાં કેટલાક ઓશવાલ, ભાગેરવાલ, સેતવાલ, પંચમ, ચતુર્થ, કુરંદવાડ, પદ્માવતી પોરવાડ, પરવાર, નરસિંહપુરા, મેવાડા, ગોલનારી, ગોલસિંગારી, ગોલાપુરા વગેરે વણિગ્ જાતો દિગંબર જૈનોમાં છે. તેમાંથી પણ વૈષ્ણવ વગેરે ધર્મમાં કેટલીક નાતોના વાણિયાઓ ભળ્યા છે એમ સંભળાય છે.

## સૈકા પ્રતિ સૈકાએ જૈનોની વસતિમાં ઘટાડો.

પૂર્વનો ઇતિહાસ જોઇએ છીએ ત્યારે માલુમ પડે છે કે પ્રતિ સૈકાએ જૈનોની વસતિ ઘટતી જાય છે. અગિયારમા સૈકામાં દક્ષિણ દેશમાં જૈન ધર્મમાં વેદાન્તીઓની સાથે ધર્મ યુદ્ધાથી ઘણાં પરિવર્તનો થયાં. લાખો જૈનો ભયના માર્યા હિન્દુ ધર્મમાં વટલાઇ ગયા. ત્યાંથી નાસી છૂટેલા કેટલાક જૈનોએ ગુજરાતમાં ઇડર, બ્રહ્માની ખેડ વગેરેમાં વાસ કર્યો અને તેઓ પોતાની સાથે તામીલ ભાષાના તાડપત્રોપર લખાયલા ગ્રન્થો પણ લેતા આવ્યા હતા. હુબડ નામના

વાણિયાઓ પૂર્વે કેટલાક શ્વેતાંબર હતા અને કેટલાક દિગંબર હતા. ડુંગરપુર, પ્રતાપગઢ, સલુંબર, ઇડર, કેશરીયાજી વગેરે ઠેકાણે શ્વેતાંબર હુંબડ જૈનોનાં ઘર છે. શ્વેતાંબર હુંબડ વાણિયાઓનો વડગચ્છ છે. વિહાર દેશમાં પૂર્વે જૈનોની અપૂર્વ જાહોજલાલી હતી, ત્યાં ધર્મયુદ્ધથી અનેક પરિવર્તનો થયાં અને ત્યાં જૈન વસતિ રહી નહિ. તક્ષશિલા અર્થાત્ અફગાનિસ્થાનના ગીઝનીમાં માનદેવસૂરિના વખતમાં જૈનોની પુષ્કળ વસતિ હતી અને ત્યાંના શ્રાવકોને નિરોગી બનાવવા માટે મારવાડથી માનદેવસૂરિએ નાની શાન્તિ બનાવીને મોકલી હતી. ત્યાં મુસલમાનોની ચઢાઇઓથી જૈન મંદિરોની પાયમાલી થઈ. કેટલીક મૂર્તિયો અન્યત્ર ગઇ અને કેટલીક હિન્દુસ્થાનમાં લાવવામાં આવી. તે દેશમાં જૈનોની વસતિ રહી નહિ. અરબસ્તાનના મક્કામાં મહમદ પેગંબર જન્મ્યો તે પહેલાં જૈન મંદિરો હતાં. ત્યાંના શાસન દેવતાઓએ એક જૈન વ્યાપારીને સ્વપ્ન આપી ત્યાં ધર્મ વિપ્લવ થવાનો છે તેમ જણાવ્યું અને ત્યાંથી જિન પ્રતિમાઓને ખસેડવામાં આવી. મક્કામાં જીવંત સ્વામીની પ્રતિમા હતી તેને જૈન વ્યાપારી મહુવામાં લાવ્યો. હાલ અરબસ્તાનમાં જૈનોની વસતિ નથી તેમજ જૈનોનું નામ નિશાન પણ રહ્યું નથી. સિન્ધ દેશમાં પૂર્વે હજારો જિન મંદિરો હતાં અને જૈનોની પુષ્કળ વસતિ હતી. હાલ ત્યાં તેમાંનું કંઇ નથી. કાશ્મીર દેશમાં પૂર્વે જૈનોની વસતિ હતી હાલ દેખવામાં આવતી નથી. નેપાલ ભૂતાનમાં ભદ્રબાહુ સ્વામીના વખતમાં જૈનોની વસતિ હતી અને ત્યાં જૈન મંદિરો હતાં. હાલ તે બાબત ફક્ત યાદીમાં રહી છે. મહારાષ્ટ્ર દેશમ પૂવ ત્યાંના લોકો જૈનો હતા, હાલ તે પ્રમાણે દેખવામાં આવતું નથી. મ્હેસુરમાં પૂર્વે જૈનોની પુષ્કળ વસતિ હતી. હાલ સાપ ગયા ને લીસોટા રહ્યા તેની પેઠે ત્યાં જૈનો રહ્યા છે, કારણકે ત્યાં ઘણા જૈનોનાં કુટુંબો અન્ય ધર્મમાં વટલાઇ ગયાં છે. પૂર્વે જ્યાં ચોવીશ તીર્થંકરો જન્મ્યા હતા તે પૂર્વ દેશમાં ત્યાંના અસલ

વતનીઓ હાલ જૈન ધર્મના સાધુઓને દેખીને આ કોણ છે એવા પ્રશ્ન પુછે છે એવી સ્થિતિ હાલ થઈ છે. મિથિલા દેશમાં પૂર્વે ચારે વર્ણ જૈન ધર્મ પાળતી હતી ત્યાં હાલ જૈનોની બિલકુલ વસતિ નથી. બ્રહ્મદેશ અને આસામમાં પૂર્વે જૈનોની વસતિ હતી હાલ ત્યાં અસલનો કોઇ વતની જૈન રહ્યો નથી.

હાલમાં ગુજરાત, કાઠીયાવાડ, મેવાડ, મારવાડ, માળવા, કચ્છ, દક્ષિણ, બંગાલ, પંજાબ વગેરે દેશોમાં જૈનોની ઘણી વસતિનો સમાવેશ થાય છે. દિગંબરોની હિન્દુસ્થાનમાં ઘણી વસતિ છે. દક્ષિણ બંગાલા વગેરેમાં હાલ જૈનોની જે વસતિ છે તે મારવાડ અને ગુજરાત વગેરે દેશોમાંથી વ્યાપારાર્થે ગએલા જૈનોની વસતિ છે.

હાલમાં દિગંબર અને શ્વેતાંબર વગેરે સર્વ જૈનોની ૧૩૩૪૧૪૮ ની સંખ્યા છે તેમાંથી આશરે છ લાખ દિગંબરોની સંખ્યા હશે અને સાત લાખના આશરે શ્વેતાંબર જૈનોની સંખ્યા હોય એમ લાગે છે. શ્વેતાંબરોમાં મૂર્તિપૂજક અને સ્થાનક બન્નેના વિભાગો પાડીને વસતિ ગણવામાં આવે તો શ્વેતાંબર મૂર્તિપૂજકોની સાડાત્રણ લાખના આશરે વસતિ ગણાય. ભિન્ન ભિન્ન ધર્મીઓની સંખ્યા.

| | |
|---|---|
| ખ્રીસ્તિ ... | ... ૪૧ કરોડ. |
| બૌદ્ધ ... | ... ૩૨ કરોડ ૫૦ પચ્ચાશ લાખ. |
| હિન્દુ ... | ... ૨૨ કરોડ. |
| મુસલમાન ... | ... ૧૭ કરોડ ૫૦ પચ્ચાશ લાખ. |
| યાહુદી ... | ... એક કરોડ ને વીશ લાખ. |
| આર્ય સમાજી. | ... ૯૨૪૧૯ |
| બ્રહ્મો અને પ્રાર્થના સમાજી. | ૪૦૫૦ |
| શીખ ... | ... ૨૧૯૫૩૩૯ |
| પારસી ... | ... ૯૪૧૯૦ |

જયુ ... ... ૧૮૨૨૮
હિન્દુસ્થાનમાં ખ્રીસ્તિઓ. ૨૯૨૩૨૪૧
જૈન ... ... ૧૩૩૪૧૪૮

ક્યાં પૂર્વે સંભળાતા ચાલીશ કરોડ જૈનો અને ક્યાં હાલના તેરલાખ ચોત્રીશ હજાર એકશોને અડતાલીશ જૈનો !!! કેટલાક અનુભવીઓ કહે છે કે દશ વર્ષે જૈનોની એકલાખ વસતિ પ્રાયઃ ઘટે છે. આ પ્રમાણે વિચારતાં જૈનોની કેટલી બધી વસતિ ઘટી તેનો વાચકોને સહેજે ખ્યાલ આવી શકે તેમ છે.

## ચરોતરમાં પાટીદાર વર્ગમાં જૈનધર્મનો પ્રચાર.

વીશમા શતકના પ્રારંભમાં ચલોડામાં સૌભાગ્યવિજયજી નામના ગોરજી થયા. તેમના મનમાં એવો સંકલ્પ થયો કે પાટીદાર લોકોમાં હું જૈનધર્મ ફેલાવું. આ પ્રમાણે દૃઢ સંકલ્પ કરીને તેઓ નાર, સોજીત્રા, ભાદરણ, સુણાવ, કાવીઠા, સંડેસર અને નડીયાદ વગેરે ગામોમાં ફરવા લાગ્યા અને પાટીદારોના ચોરામાં ઉતરવા લાગ્યા. પાટીદારોના ઘેર અને તેમના ખેતરોમાં-ખળામાં જઇ ભજન ગાઇને ઉપદેશ દેવા લાગ્યા. તેમના પાટીદાર બાપુજી ભગત નામના શિષ્ય થયા. તે બન્ને ગામો ગામ ભજન વગેરે ગાઇને ધર્મનો ઉપદેશ ફેલાવા લાગ્યા. સૌભાગ્યવિજયજી અને બાપુજી ભગતે સારાં સારાં ભજનો રચીને લોકોને પોતાની તરફ ખેંચ્યા અને ઘણા પાટીદારોને જૈન બનાવ્યા. સૌભાગ્યવિજયજી યતિએ અને બાપુજી ભગતે મળી આશરે દશહજાર પાટીદારોને જૈન બનાવ્યા, પરન્તુ તેમની પાછળ સાધુઓનો સતત ઉપદેશ ન થવાથી કેટલાક પાટીદારો પાછા વૈષ્ણવ વગેરે ધર્મ પાળવા લાગ્યા. ભાદરણમાં એક જૈન ઉપાશ્રય હતો તેમાં એક સાધુજી ગયા. તેમને જૈન પાટીદારોએ વહોરવા વિનંતિ કરી ત્યારે સાધુએ કહ્યું કે અમારે તમારો આહાર કલ્પે નહિ. એમ કહી વિહાર કરી ગયા તેની પાછળ કેટલાક

દિવસ પછી સ્થાનકવાસી સાધુ આવ્યા. સ્થાનકવાસી સાધુને જૈન પાટીદારોએ વહોરવાની વિનંતિ કરી. તેમણે પાટીદારોના ત્યાંથી આ. હાર વ્હોર્યો ત્યારથી ભાદરણના જૈન પાટીદારો સ્થાનક સંપ્રદાયમાં દાખલ થયા અને હાલ તે ગામના લગભગ દશ પાટીદારો સ્થાનક- વાસી સાધુઓ થયા છે. નાર ગામના જૈન પાટીદારોને ત્યાં જૈન શ્વે. તાંબર મૂર્તિ માનનારા સાધુઓ વ્હોરે છે તેથી તેઓ શ્વેતાંબર મૂર્તિપૂજક રહ્યા. નારના કેટલાક જૈન પાટીદારોએ અમોને કહ્યું હતું કે જે સાધુ અમારૂં દાન ગ્રહણ ન કરે તે અમારો ગુરૂ શી રીતે હોઇ શકે? અલબત્ત તેઓની માન્યતા ખરી છે. નડિયાદમાં સુતરિયા પાટીદાર લોકો જૈન ધર્મ પાળે છે. કાવીઠા, સુણાવ, નાર, સંડેસર અને ભાદરણ વગેરે ગામોમાં અમોએ વિહાર કર્યો છે અને ત્યાંના જૈન ધર્મી પાટીદારો અમારા પરિચયમાં આવ્યા છે. સૌભાગ્યવિજયજી યતિ અમદાવાદમાં શેઠ દલપતભાઇ ભગુભાઇને ત્યાં આવતા હતા અને શેઠના ત્યાંથી ચંદરવા, રૂમાલ અને ભગવાનની છબીઓ લેઈ જતા હતા. શેઠ દલપતભાઇ ભગુભાઇ પોતે ધર્માભિમાની હતા અને જૈન ધર્મનો ફેલાવો કરવા ઇચ્છતા હતા, તેથી તેઓ યતિજી સૌભાગ્યવિજયજીને સારી રીતે મદદ આપતા હતા. સૌભાગ્યવિજયજી અને બાપુજી ભગતે બનાવેલાં ભજનો એકઠાં કરીને છપાવવાની જરૂર છે. પાટીદાર વર્ગમાં જૈન ધર્મ દાખલ કરનાર યતિજી સૌભાગ્યવિજયજી અને બાપુજી ભગતને હજારોવાર ધન્યવાદ આપવામાં આવે છે. તેમની પાછળ જૈન સાધુઓનો પાટીદાર લોકોને જૈન ધર્મનો ઉપદેશ આપવાનો સતત પ્રયત્ન હોત તો હાલમાં ચરોત્તરમાં ઘણા ગામોમાં જૈન ધર્મનો ફેલાવો થયો હોત.

મારવાડમાં સેવક તરીકે ગણાતા બ્રાહ્મણો છે. તેઓને જૈના- ચાર્યોએ જૈન ધર્મી બનાવ્યા હતા. હાલ તે લોકો જૈનધર્મને પરિપૂર્ણ પાળતા હોય એમ સમજાતું નથી. સેવક બ્રાહ્મણોને ભણાવી

ગણાવીને જૈન ધર્મના જ્ઞાતા બનાવ્યા હોત અને તે લોકોને જૈન ધર્મના ફેલાવાની યોજનામાં યોજ્યા હોત તો તેઓ મૂળ બ્રાહ્મણ હોવાથી જૈન ધર્મનો સહેલાઇથી ફેલાવો કરી શકત. જૈનાચાર્યોના મૂળ ઉદ્દેશને પાછળના સાધુઓ–શ્રાવકો પ્રાયઃ ભૂલી ગયા અને તેઓ જૈન શાસનની સેવા માટે સમયને માન આપી શક્યા નાહ તેથી હાલ પૂર્વાચાર્યોની યોજનાઓ અને મૂળ ઉદ્દેશો ભૂલાઇ ગયા અને જૈન લોકોની વસતિમાં ઘટાડો થતો ગયો.

પર્વતનું એક મોટું શિખર હોય અને તે પડવાથી ગડગડતું નીચે પડે અને તેના ખંડ ખંડ થાય તેવી જૈનોની ઉન્નતિમાંથી અવનતિ અવલોકાય છે.

જૈનોની અવનતિ થવાનાં ઘણાં કારણો છે, તેમાંથી કેટલાંક નીચે મુજબ જણાવવામાં આવે છે.—

અજ્ઞાનતા, દ્વેષ–કુસંપ–ધર્મક્રિયાના મતભેદોથી ઉઠતા કલેશો, ગચ્છના મતભેદો, ખંડનમંડન–ઝઘડા વગેરેથી સંકુચિત દૃષ્ટિ, જે વખતે જે ક્ષેત્રની પડતી દશા હોય તેની ઉન્નતિ તરફ અલક્ષ. નકામાં ખર્ચો. પરસ્પર સાધુઓમાં ઐક્યભાવની ખામી. સામાની ઉન્નતિને ન સહન કરવી. સમયને ન ઓળખવાની શક્તિ. સાધુઓની વૈયાવચ્ચ. ભક્તિમાં ન્યૂનતા. ધર્માભિમાનની ન્યૂનતા. જૈનનાં કર્તવ્ય તરફ અલક્ષ વગેરે કારણોથી જૈનોની પડતીનાં ચિન્હો પ્રગટયાં છે. ઘણા ગચ્છો અને તેઓના પરસ્પરના ખંડનમંડનમાં જૈનાચાર્યોએ આત્મશક્તિને વાપરી દીધી છે અને તેથી ગચ્છોના શ્રાવકોમાં પોતપોતાના ગચ્છની માન્યતાઓ વધવા લાગી અને બીજાની માન્યતાઓ પરસ્પર વિરૂદ્ધ લાગી અને તેથી પરિણામ એ આવ્યું કે દરેક ગચ્છવાળાએ પોતાના રક્ષણમાં અને અન્ય ગચ્છને હઠાવવામાં ઉપદેશ આદિ શક્તિઓને વાપરી દીધી અને તેથી અન્ય ધર્મીઓએ લાગ જોઇને જૈનોમાં પગ-

પેસારો કરી ઘણા જૈનોને પોતાના ધર્મમાં દાખલ કર્યા. જૈનોને પરિપૂર્ણ જૈન ધર્મનું જ્ઞાન નહીં મળવાથી તેઓ અજ્ઞાન રહ્યા અને તેમાંથી ઘણા અન્ય દર્શનીઓના ઉપદેશ વગેરેથી વૈષ્ણવ વગેરે ધર્મમાં પેસી ગયા. હવે પડતીનાં કારણોને જાણ્યા પછી જૈનોની ચડતી થાય એવા ઉપાયો આદરવા તરફ લક્ષ આપવાની જરૂર છે.

## જૈનોની ચડતીના ઉપાયો.

૧. લાખો કરોડો રૂપિયા ખર્ચીને ગીતાર્થ સાધુઓની સલાહ અને યોજનાપૂર્વક જ્યાં ત્યાં વ્યવસ્થાપૂર્વક જૈન ગુરૂકુલો, બોર્ડીંગો, અને પાઠશાલાઓ સ્થાપવી.

૨. ગામોગામ, શહેરોશહેર, ખૂણેખોચરે રહેલા જૈનને જૈનધર્મનું જ્ઞાન થાય એવો સાધુઓ દ્વારા ઉપદેશ ફેલાવવા યોજના કરવી.

૩. ચારે વર્ણ વગેરે સર્વ દેશના લોકોમાં જૈનધર્મનો પ્રચાર થાય એવી યોજનાઓ કરીને તે પ્રમાણે અમલ થાય એવા ઉપાયોને આચારમાં મૂકવા દરેક જૈને પૂર્ણ આત્મભોગ આપવો.

૪. દરેક ગચ્છના આગેવાન સાધુઓએ પરસ્પરમાં સંપ રહે અને ક્લેશની ઉદીરણા ન થાય તથા દરેક ગચ્છના સાધુઓ ભેગા મળીને જૈનોની ઉન્નતિ કરી શકે એવી યોજના ઘડવી અને તે પ્રમાણે વર્તાય તે માટે લક્ષ દેવું. દરેક ગચ્છના આગેવાનોએ જે જે બાબતો મળતી આવતી હોય તેમાં ભેગા રહીને જૈનોની ઉન્નતિ થાય તે માટે એક જૈન મહાસંઘ વર્ષે વર્ષે ભરવો અને તેમાં સંપપૂર્વક જૈન શાસનની ઉન્નતિ અને જૈનોની વૃદ્ધિના ઉપાયો સંબંધી ચર્ચાઓ કરી સર્વાનુમતે ઠરાવ કરી ગંભીરપણે યુક્તિસર ઠરાવો પ્રમાણે વર્તવું.

૫. જૈન સાધુઓ આખી દુનિયામાં ચાલતા ધર્મ મતોનું જ્ઞાન કરી શકે અને જૈન ધર્મ તત્ત્વોનું સારી રીતે અધ્યયન કરી શકે એવાં

ગુરૂકુલોને સાહાય્ય કરવી અને જૈન સાધુઓને તથા સાધ્વીઓને તથા યતિયોને ધર્મશાસ્ત્રોનું અધ્યયન કરવામાં સર્વ પ્રકારની સગવડતાઓ કરી આપવી.

૬. દરેક ગચ્છના આચાર્યે પોતપોતાના ગચ્છના સાધુઓ તથા સાધ્વીઓને જ્ઞાની બનાવવા પ્રયત્ન કરવો અને અન્ય ગચ્છના સાધુઓ સાથે પ્રેમ, સંપ અને ભ્રાતૃભાવથી વર્તવાનો ઉપદેશ આપવો.

૭. જૈન સાધુઓની જાહેરમાં નિન્દા ન થાય અને સાધુઓમાં પરસ્પર એક બીજાની નિન્દા ન થાય એમ સર્વ સંઘાડાના આગેવાન સાધુઓએ ભેગા થઇને વ્યવસ્થા કરવી.

૮. સર્વ ગચ્છના આગેવાન સાધુઓનું એક મંડલ સ્થાપવું અને તેઓમાં નવા ક્લેશો ન થાય એવા નિયમો ઠરાવવા, અને કોઇ બાબતમાં નવો ક્લેશ, નિન્દા, અને કુસંપ વગેરે થવાનો પ્રસંગ બન્યો હોય તો સર્વ ગચ્છના આગેવાન સાધુઓના બનેલા મંડલ દ્વારા તેનું સમાધાન કરવું અને સુધારા વધારા કરવા માટે સર્વ ગચ્છ સાધુ મંડલે અમુક વર્ષે અમુક તીર્થમાં અમુક વખતે મળવું.

૯. જૈન સાધુઓ અને સાધ્વીઓની સંખ્યામાં વધારો થાય અને જૈનધર્મની વૃદ્ધિ કરવામાં પૂર્વપરંપરાએ સાધુઓ અત્યંત ઉપયોગી થાય એવા નિયમો ઘડવા અને તેને અમલમાં મૂકવા.

૧૦. સાધુઓ અને સાધ્વીઓએ, સ્વધર્મીઓને અને અન્ય ધર્મીઓને અધિકાર ભેદે, દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવ પ્રમાણે કેવી રીતે ઉપદેશ દેવો તેનું જ્ઞાન આપવાને આગેવાન સાધુઓએ પ્રયત્ન કરવો અને ઉપદેશ દેવાની શૈલીમાં-શાસ્ત્રોના આધારે ઉત્તમ તત્ત્વ દાખલ થાય તેવા ઉપાયો જણાવવા.

૧૧. ધર્મના આગેવાન સર્વ ગચ્છના સાધુઓ—સાધ્વીઓ, શ્રાવકો અને શ્રાવિકાઓએ ચતુર્વિધ સંઘ કોઇ તીર્થમાં ભેગો થાય અને

જૈનધર્મના ફેલાવા માટે પ્રયત્ન કરે એવી હીલચાલ કરવી અને અસલની સ્થિતિ પુનઃ પ્રાપ્ત થાય એવી યોજનાઓ હાથમાં ધરવી.

૧૨. ચારે વર્ણના મનુષ્યોમાં જૈનધર્મનો આદર થાય એવા ઉપાયોને મહાસંઘમાં ચર્ચવા અને તે માટે મોટું ફંડ કરવું, તેમાંથી જૈન બંધુઓને સાહાય્ય કરવી.

૧૩. ગૃહસ્થ જૈનોએ કરોડો રૂપિયા જેમાં થાય એવું ફંડ કરવું અને તેમાંથી ગરીબ શ્રાવકો અને શ્રાવિકાઓને મદદ કરવી. હિન્દુસ્થાનના સર્વ જિનમંદિરો વગેરે ધાર્મિક ખાતાંઓનો એક સરખી રીતે કારભાર થાય એવી યોજનાઓ હાથ ધરવી. એક મોટી સંસ્થાની હજારો પેટા સંસ્થાઓ હોય, પણ મોટી એકજ સંસ્થા હોય કે જેના હુકમ પ્રમાણે સર્વ સંસ્થાઓ કામ કરી શકે અને દેવ દ્રવ્ય વગેરેની ઘટતી વ્યવસ્થા કરી શકે એવી યોજનાઓ અમલમાં મૂકવી.

૧૪. જૈન ધર્મ ગુરૂ સાધુઓને દેશો દેશ ધર્મનો ઉપદેશ દેતાં થતી અગવડો દૂર કરીને ઉપદેશ દેવામાં સાનુકુલ સંયોગોની સાહાય્ય આપવી. જૈન સાધુઓની હેલના આદિ થતી વારીને જૈનધર્મનો પ્રચાર થાય એવી રીતે જૈન સાધુઓને સાહાય્ય આપવી. અન્ય ધર્મના લોકોને જૈનધર્મમાં દાખલ થતાં જે જે અગવડો થતી હોય તે દૂર કરવી અને તેઓ જૈનધર્મમાં સ્થિર રહે એવી વ્યવસ્થા કરી આપવી; તેઓને સાહાય્ય આપવામાં આત્મભોગ આપવામાં કંઇ પણ કમીના રાખવી નહીં.

૧૫. જૈનધર્મની ઉત્તમત્તા-ઉપયોગિતા અને આદેયતા દર્શાવનારાં જૈનધર્મનાં પુસ્તકોનો અનેક ભાષામાં ફેલાવો કરવો અને તે ગરીબમાં ગરીબ મનુષ્યના પણ હાથમાં જાય એવી વ્યવસ્થા કરવી.

૧૬. જૈન ધર્મના ઉપર આક્ષેપ કરનારા લેખોનો પ્રત્યુત્તર આપવા માટે જૈન લેખકોને તૈયાર રાખવા અને જૈનધર્મની મહત્તા થાય એવા લેખો લખનારા લેખકોને ઉત્તેજન આપવું.

૧૭. શ્વેતાંબર અને દિગંબરોમાં તીર્થોની તકરારોમાં લાખો રૂપિયાનો આડા માર્ગે નાશ થાય છે તેનો નાશ ન થાય તે માટે માંહો માંહે સમાધાન કરી લેવા માટે શ્વેતાંબર અને દિગંબર કોમના આગેવાનોએ ઉપાયો કરવા અને કુસંપ, કલેશ અને પરસ્પરની તકરારોમાં લાખો રૂપિયાનો વ્યય ન થાય એવા પરસ્પર સુલેહના નિયમો ઠરાવવા. જૈન કોમના ધાર્મિક મતભેદોની તકરારો થવા ન પામે અને તેવી ધાર્મિક તકરારોથી નકામા લાખો રૂપિયાના ધુમાડા ન થાય એમ જૈન આગેવાનોએ ઠરાવ કરવ અને તે પ્રમાણે વર્તવા પ્રયત્ન કરવો. જનધર્મમાં દેવ દ્રવ્યાદિકની તકરારો પડે તેનું માંહોમાંહે સમાધાન કરી લેવું અને માંહો માંહે સુલેહશાન્તિ જળવાય એવા ચાંપતા ઉપાયો લેવા. જૈનો પત્રો માંહો માંહે કલેશ, ઝઘડા ન કરાવે તેમ જૈન આગેવાનોએ વ્યવસ્થા કરવી.

૧૮. જૈનોની વસતિ દર સૈકે ઘટે છે તેનાં કારણો તપાસીને તેને દૂર કરવા પ્રયત્ન કરવો. સાધુઓ અને સાધ્વીઓની સંખ્યા પૂર્વની પેઠે વધે અને સર્વત્ર જૈન સાધુઓ ઉપદેશ આપી શકે તેવા ઉપાયો યોજવા અને સર્વત્ર સાધુઓને ભણવાની વ્યવસ્થા કરવી.

૧૯. ઇંગ્લીશ ભાષા વગેરે ભાષાઓનો અભ્યાસ કરનારાઓમાં નાસ્તિકતા ન વધે અને તેઓ જૈન ધર્મમાં દૃઢ શ્રદ્ધાળુ રહે અને તેઓને ગુરૂગમપૂર્વક ધાર્મિક જ્ઞાન મળે એવા જૈન સાધુઓએ તથા જૈન શ્રાવકોએ ઉપાયો આદરવા. કેળવાતા જૈનોને ધાર્મિક જ્ઞાન પ્રાપ્ત કરવામાં સ્કોલરશીપો વગેરેથી સાહાય્ય કરવી.

૨૦. દરેક ગચ્છના આગેવાન આચાર્ય વગેરેએ પોતાના ગચ્છના સાધુઓ અને સાધ્વીઓ ગામોગામ વિહાર કરીને જૈનોને ઉપદેશ આપે તે બાબતમાં લક્ષ દેવું અને પરસ્પર ગચ્છોમાં સંઘાડાઓમાં ક્લેશની ઉદીરણા થાય એવો ઉપદેશ ન દેવો તે સંબંધી ઘટતી વ્યવસ્થા કરવી.

૨૧. શ્રાવકો અને શ્રાવિકાઓને જૈન ધર્મ પાળવામાં સાહાય્ય આપવી–અને કચ્છી ગુજરાતી વગેરેને નવકારશી જમણ વગેરેમાં જે ભેદ છે તે દૂર કરવા અને પરસ્પર મૈત્રી ભાવના કાયમ રહે એવા ઉપાયો યોજવા.

૨૨. જૈન બંધુઓની સ્થિતિ સુધરે તે માટે જૈન કોન્ફરન્સ વગેરે સંસ્થાઓ કામ કરે છે તેઓને સાહાય્ય આપવી. વ્યાવહારિક તથા ધાર્મિક કેળવણીની વૃદ્ધિ અર્થે વાર્ષિક પરિષદ્ ભરવી અને કેળવણીને ઉત્તેજન આપવું, જૈનને કોઈ કાર્યમાં જેને પ્રથમ ભાગ આપવો અને નોકરીવિના વ્યાપાર વગેરેથી જૈનો આબાદ થાય એવો જૈન ગૃહસ્થોએ પ્રયત્ન કરવો.

૨૩. કન્યાવિક્રય, બાળલગ્ન–નકામા વિવાહ વગેરે પ્રસંગોમાં થનાર ખર્ચો વગેરે હાનિકારક રીવાજોનો અટકાવ થાય તેવો ઉપદેશ દેવો અને તેવાં પુસ્તકોનો પ્રચાર કરવો. ફેશનની શીશિયારીમાં તણાતા જૈનોને સાદાઇમાં પૂર્વજોની પેઠે રહેતાં આવડે એવો ઉપદેશ દેવો.

૨૪. મીશનરીઓની પેઠે જૈન સ્કુલો ઉઘાડવી અને તેમાં અન્ય ધર્મના વિદ્યાર્થિયોને દાખલ કરવા અને તેઓને જૈનધર્મનું ક્રમાનુસારે શિક્ષણ આપવું. આત્મભોગ આપનારા ગૃહસ્થ જૈનોએ ખ્રીસ્તિઓની પેઠે જૈનોની સંખ્યા વધે એવા વિવેકપૂર્વક જે જે યોગ્ય લાગે તે ઉપાયો યોજવા.

ઉપર પ્રમાણે જૈનોની ઉન્નતિના અને જૈનધર્મની ઉન્નતિના ઉપાયો દર્શાવ્યા છે તે પ્રમાણે જૈનો ખાસ લક્ષ રાખીને વર્તે તો હળવે હળવે જૈનોની ઉન્નતિ થઈ શકે તેમ છે. દરેક ધર્મના ઇતિહાસો વાંચતાં પોતાના ધર્મની ઉન્નતિ કરવામાં ઉપાયો સુજી આવે છે. આખી દુનિયામાં ચાલતા ધર્મોમાં જૈન એ પ્રાચીન ધર્મ છે તે સત્ય ધર્મ છે છતાં જૈનોની સંખ્યામાં ઘટાડો કેમ થાય છે તેનું ખાસ કારણ હજુ બારીક દૃષ્ટિથી તપાસવાની જરૂર છે. દુકાન ચલાવનાર આગેવાનો સુજ્ઞ બાહોશ હોય છે તો દુકાનને થોડા વખતમાં સારી સ્થિતિપર લાવી મૂકી દે છે. જૈનધર્મનો પ્રચાર કરનારા આગેવાન ધર્મગુરૂઓપર જૈનધર્મના ફેલાવાનો ભાર છે. જે તેઓ અવસરજ્ઞ, ઉદ્યોગી, બાહોશ અને સંપીલા હોય છે તો તેઓ જૈનોની સંખ્યામાં વધારો કરવા સમર્થ થાય છે. જૈનધર્મની પશ્ચાત્ નીકળેલા મુસલમાન અને ખ્રિસ્તી જેવા ધર્મોને પાળનારા લોકોની સંખ્યા ઉપર પ્રમાણે વધેલી દેખાડવામાં આવી છે. સર્વજ્ઞ ભગવંતે જૈનધર્મ કહ્યો છે, સત્યનો જય થાય છે એ નિયમને અનુસરી જોતાં જૈનધર્મ પાળનારાઓની સંખ્યા વધવી જોઇએ પણ હાલ તો ઘટે છે તે તરફ ખાસ વિચાર કરવાની જરૂર છે. જૈનધર્મના વ્યાપારી ગુરૂઓએ વિચારવું જોઇએ કે અમારી ધર્મદુકાને આવનારા મનુષ્યો કેમ ઘટે છે. દુકાન સારી હોય, માલ સારો હોય, વેચનાર સારા હોય, ભાવ સસ્તો હોય અને લોકોને લાભ ઘણો થતો હોય તો દુકાનના ગ્રાહકો ઘટવાં ન જોઇએ. આ બાબતપર અમારા બંધુ જૈન ધર્મગુરૂઓએ પૂર્ણ વિચાર કરવો જોઇએ અને સામાન્ય તકરારી બાબતોના હઠ કદાગ્રહ કલેશને દૂર કરીને ધર્મગુરૂઓની એક મહા સભા ભરવી જોઇએ, અને તેમાં જૈનોની સંખ્યામાં વૃદ્ધિ થાય તત્સંબંધી ખરા અંતઃકરણથી ધર્માભિમાન ધારણ કરી એક દિલથી પરસ્પર વિચારોની આપ લે કરવી જોઇએ.

ગૃહસ્થ જૈનોએ ધર્મગુરૂઓની મહા સભા થાય એવી રીતે વ્યવસ્થા કરવી જોઇએ અને પરસ્પર જાતિ ટીકા ન કરતાં જનધર્મ અને જૈનોના ઉદયની વાતો ચર્ચવી જોઇએ. જો આ પ્રમાણે વર્તવામાં નહીં આવે અને પડતીના હેતુઓને અવલંબવામાં આવશે તો તેમાં પોતાને હાથે પોતાનો નાશ થવાનો અને પૂર્વાચાર્યોના ભગીરથ પ્રયત્નમાં તેમના વંશજોએ વિઘ્ન નાંખ્યાં એમ જગત્માં જણાશે. સાધુઓ અને સાધ્વીઓનાં ગુરૂકુલો, શ્રાવકો અને શ્રાવિકાઓનાં જૈન ગુરૂકુલો દેશોદેશ સ્થપાવવાની ઘણી જરૂર છે. ગુરૂકુલોની પ્રથમ યોજના ઘડીકાઢીને સર્વ સાક્ષરોની અનુમતિપૂર્વક વ્યવસ્થાના ઉત્તમ નિયમો ઘડીને ગુરૂકુલો સ્થાપવાની જરૂર સ્વીકારવી જોઇએ. સામાન્ય જૈન પાઠશાળાઓને ગુરૂકુલ નામ આપી શકાય નહિ. ગુરૂકુલ સ્થાનો ગામથી દૂર હોવાં જોઇએ અને ત્યાં આર્યસમાજીઓના ગુરૂકુલોની પેઠે ધાર્મિક જ્ઞાનની વ્યાવહારિક શિક્ષણની યોજનાઓ હોવી જોઇએ. ગૃહસ્થ જૈનોના ગુરૂકુલોમાં જૈન શિક્ષકોજ હોવા જોઇએ. કલાસવાર જૈનધર્મનું શિક્ષણ આપવાની ધાર્મિક વિદ્યાભ્યાસ યોજના તૈયાર કરવી જોઇએ. ગૃહસ્થ જૈન ગુરૂકુલમાં આઠ વર્ષથી તે વીશ વર્ષ પર્યંત વિદ્યાભ્યાસ કરવાનો નિયમ ઠરાવવો જોઇએ. જૈનોની પ્રાચીન અને અર્વાચીન સ્થિતિનું સંક્ષેપમાં વિવેચન કરીને તેની સમાપ્તિ કરવામાં આવે છે.

**शिवमस्तु सर्वजगतः परहितनिरता भवन्तुभूतगणाः**
**दोषाः प्रयान्तुनाशं सर्वत्र सुखी भवन्तुलोकाः**

સર્વ જગત્નું કલ્યાણ થાઓ. પ્રાણીઓના સમૂહો પરનું હિત કરવામાં આસક્ત થાઓ. દોષોનો નાશ થાઓ અને સર્વત્ર દુનિયામાં લોકો સુખી થાઓ એજ જૈનધર્મનું રહસ્ય છે. જૈનધર્મ સર્વ જગત્નું કલ્યાણ ઇચ્છે છે. ભલે પ્રાણી ગમે તે સ્થિતિમાં હોય તોપણ તેનું કલ્યાણ થાઓ એમ જૈનધર્મ ઇચ્છે છે. **परस्परोपग्रहो जी-**

**वानाम्** જીવોને પરસ્પર એક બીજાનો ઉપકાર છે એમ તત્ત્વાર્થ સૂત્રમાંજ જણાવ્યું છે. પરજીવોના હિતમાં દરેક જીવોની પ્રવૃત્તિ થાઓ. પાપીઓને તારનાર ધર્મ છે. અપવિત્ર જીવોને ધર્મ પવિત્ર કરી શકે છે. ધર્મ સર્વ જીવોને તારનાર છે. કોઈનાથી ધર્મ અપવિત્ર થતો નથી એમ નિશ્ચય નયતઃ અવબોધવું. જગતમાં દુર્ગુણોનો નાશ થાઓ અને સદ્ગુણોની વૃદ્ધિ થાઓ. મૈત્રી, પ્રમોદ, માધ્યસ્થ્ય અને કરૂણા ભાવનાનો જગત્માં પ્રચાર થાઓ. ગમે તેવા પાપી જીવોપર દ્વેષ ન થાઓ. સર્વત્ર ગુણાનુરાગની દૃષ્ટિ ખીલો અને રાગદ્વેષના નાશપૂર્વક પૂર્ણાનન્દ પદની પ્રાપ્તિ થાઓ.

**इतिश्री तपागच्छसागरसंवेगीक्रियोद्धारक श्रीनेमिसागरजी महाराज तच्छिष्यपरमपूज्यक्रियापात्रश्री रविसागरजी महाराज तच्छिष्य शान्तमूर्तिभद्रक क्रियापात्र श्रीसुखसागरजी महाराज तच्छिष्य योगनिष्ठमुनि बुद्धिसागरविरचित जैनोनी प्राचीन अने अर्वाचीनसंज्ञक पुस्तकं समाप्तम्.**

સં. ૧૯૬૯. આશોવદિ ૫ સોમવાર.

ઝવેરીવાડો—**અમદાવાદ.**

**इत्येवं ॐ शान्तिः शान्तिः शान्तिः**

# જૈન બંધુઓને ખુશખબર.

સર્વ જૈન ભાઇઓને વિનંતી કરવામાં આવે છે કે ગુજરાતનું પાટનગર અને જૈનપુરીના નામથી પ્રસિદ્ધ એવા રાજનગર ઉર્ફે અમદાવાદમાં જૈન ભાઇઓને સર્વ રીતે અનુકુળ થઈ પડે એવું એક પણ જૈન ધર્મનાં પુસ્તકો વેચવાનું ખાતું નહોતું જેથી જૈન ધર્મનાં પુસ્તકો ખરીદનાર બંધુઓને જુદી જુદી દુકાને ભટકવું પડતું, તે છતાં પણ ઘણીકવાર જોઇતાં પુસ્તકો નહિ મળવાથી નિરાશ થવું પડતું. આથી અમે અમારા તથા અમારા જૈન બંધુઓના લાભાર્થે જૈન ધર્મનાં તથા તમામ જાતનાં પુસ્તકો વેચવાનું ખાતું **અમદાવાદ રતનપોળમાં** ખોલ્યું છે.

## નીચેનાં ઉત્તમ પુસ્તકો અવશ્ય ખરીદો.

| | | |
|---|---|---|
| ભજન પદ સંગ્રહ ભા. ૧. ૨. ૩. ૪. ૭ (મુનિશ્રી બુદ્ધિસાગરજીના બનાવેલા) દરેકના. | | ૦—૮—૦ |
| ભજન સંગ્રહ ભા. ૫ મો. | (લે. શ્રીમદ્ બુદ્ધિસાગરજી.) | ૦—૬—૦ |
| ,, ભા. ૬ ઠો. | ,, | ૦–૧૨—૦ |
| અધ્યાત્મ ભજન સંગ્રહ. | ,, | ૦—૬—૦ |
| અધ્યાત્મ વ્યાખ્યાનમાળા. | ,, | ૦—૪—૦ |
| પરમાત્મ દર્શન | ,, | ૦–૧૨—૦ |
| પરમાત્મ જ્યોતિ. | ,, | ૦–૧૨—૦ |
| આત્મ પ્રદીપ. | ,, | ૦—૮—૦ |
| ઐતિહાસિક જૈન રાસમાળા. | ,, | ૧—૦—૦ |
| વચનામૃત. | ,, | ૦–૧૪—૦ |
| યોગદિપક. | ,, | ૦–૧૪—૦ |

| | | |
|---|---|---|
| ગુરૂબોધ. | ,, | ૦—૪—૦ |
| ગહુંલી સંગ્રહ. | ,, | ૦—૩—૦ |
| તિર્થ યાત્રાનું વિમાન. | ,, | ૦—૧—૦ |
| શ્રાવક ધર્મસ્વરૂપ ભા. ૧. ૨. દરેકના. | ,, | ૦—૧—૦ |
| અધ્યાત્મ શાંતિ. | ,, | ૦—૩—૦ |
| આનંદઘન પદ ભાવાર્થ સંગ્રહ. | ,, | ૨—૦—૦ |
| ચિંતામણી. | ,, | ૦—૨—૦ |
| જીનેશ્વર સ્તવન ચતુર્વિંશતિકા (૧-૨) | ,, | ૦—૧—૬ |
| પ્રબંધ ચિંતામણી (જૈની રાજાઓનો ઇતિહાસ). | | ૧—૮—૦ |
| જૈન સઝાયમાળા ભા. ૧. ૨. ૩. દરેકના. | | ૧—૦—૦ |
| ,, ભા. ૪ થો. | | ૧—૧—૦ |
| ચોવીસી વીસી સંગ્રહ. | | ૧—૪—૦ |
| યોગશાસ્ત્ર ભાષાંતર. | | ૦—૮—૦ |
| વિવિધ પુજા સંગ્રહ ભા. ૧-૨-૩-૪ ભેગા. | | ૧—૮—૦ |
| ચંદરાજાનો રાસ મોટો, અર્થ સાથે. | | ૨—૮—૦ |
| ,, ,, એકલી ઢાળો. | | ૧—૦—૦ |
| શ્રીપાલ રાજાનો રાસ મોટો, અર્થ તથા ચિત્રો સાથે. | | ૨—૦—૦ |
| પ્રકરણમાળા. | | ૧—૮—૦ |
| પંચપ્રતિક્રમણ સુત્રાર્થ (ઉ. રા. વાળુ) | | ૦-૧૨—૦ |
| દેવશી રાઇ પ્રતિક્રમણ અર્થ સાથે. | | ૦—૪—૦ |
| ચૈત્યવંદન ચોવીશી. | | ૦—૪—૦ |
| નવસ્મરણ મૂળપાઠ. | | ૦—૩—૦ |
| સ્તવન સંગ્રહ-સોનેરી પાકું પુંઠું. | | ૦—૮—૦ |
| દેવવંદનમાળા. | | ૧—૦—૦ |
| આનંદઘન ચોવીશી (અર્થ, ભાવાર્થ, પરમાર્થ સાથે). | | ૧—૦—૦ |

## ઉત્તમોત્તમ રસીક, બોધક, મનનીય જૈન નૉવેલો.

| | |
|---|---|
| મલયાસુંદરી. | ૦-૧૦-૦ |
| રાજકુમારી સુદર્શના યાને સમળી વિહાર. | ૦-૮-૦ |
| શ્રી મહાવીર સ્વામી ચરિત્ર. | ૦-૮-૦ |
| શ્રીપાલ નોવેલ | ૦-૫-૦ |
| સમરાદિત્ય કેવળી ભા. ૧ લો ૨ જો દરેકના | ૧-૦-૦ |
| વિદ્યાચંદ્ર ને સુમતિ. | ૧-૦-૦ |
| શ્રી નેમનાથ ચરિત્ર. | ૦-૬-૦ |
| શ્રી શાંતિનાથ ચરિત્ર. | ૦-૬-૦ |
| વિદ્યાસાગર ભા. ૧ લો. ( લે. ચુ. વ. શાહ ) | ૦-૪-૦ |
| ,, ભા. ૨ જો. ,, | ૦-૮-૦ |

આ શિવાય દરેક જાતનાં પુસ્તકો છુટક તથા જથાબંધ અમારે ત્યાંથી વ્યાજબી કિમતે મલશે. કામ પાડી ખાત્રી કરવા ભલામણ છે.

દરેક જાતનો સ્ટેશનરી સામાન જેવો કે કાગળ, પેન્સીલ, હોલ્ડર, સ્ટીલો, કાર્ડ, કવર, નોટપેપર, ફેન્સી ડાયરીઓ તથા દરેક જાતનાં પંચાંગો અમારે ત્યાંથી કિફાયતે મળશે.

બહાર ગામથી મંગાવનારે પોતાનું શીરનામું પોસ્ટના નામ સાથે ચોકખા અક્ષરથી લખી મોકલવું.

અમારે ત્યાં નહિં મળતાં પુસ્તકો વ્યાજબી કમીશન લઈ મંગાવી આપીએ છીએ.

**લખોઃ-ઇશ્વરલાલ હરજીવનદાસ શાહ.**

**બુકસેલર એન્ડ જનરલ મરચન્ટ.**

**રતનપોલ-અમદાવાદ.**

તૈયાર છે! ૮૦૦ પાનાનો મહાન ગ્રંથ!! તૈયાર છે!!!

# આનન્દ ઘનપદ ભાવાર્થ સંગ્રહ.

વેચાણ માટે બહુજ થોડી નકલો છે અને ગ્રાહકોની માગણી એકસરખી ચાલુજ છે; માટે આજેજ ખરીદો.

જો તમો ઐહિક તેમજ પારલૌકિક સુખની ઇચ્છા રાખતા હો, અને તમારે મહાત્મા આનન્દઘનજીનાં બનાવેલાં અધ્યાત્મજ્ઞાનના ઉમદા પદોનું ગુપ્ત રહસ્ય સમજવું હોય તો ઉપરનો ગ્રન્થ વાંચો. કારણકે—

આ ગ્રન્થમાં શ્રીમદ્ આનન્દઘનજીનાં અધ્યાત્મિક, વૈરાગ્યાદિક ઉત્તમ રહસ્યવાળાં ૧૦૮ પદો કે જેનો ભાવાર્થ સમજવા અનેક મનુષ્યોની તીવ્ર જીજ્ઞાસા હતી તે પદો ઉપર યોગનિષ્ઠ મુનિમહારાજ શ્રીમદ્ બુદ્ધિસાગરજીએ વિસ્તારથી વિવેચન કરી જીજ્ઞાસા પૂર્ણ કરી છે. તે સાથે શ્રીમદ્નું ચરિત્ર પણ ઘણીજ ઉત્તમ રીતે વીસ્તારથી દાખલ કરેલું છે.

મહાત્મા આનન્દઘનજીનાં પદો અને શ્રીમદ્ બુદ્ધિસાગરજી વિવેચનકાર એટલે ગ્રન્થની ઉત્તમતા માટે તો કહેવુંજ શું? અર્થાત્ આ ગ્રન્થની જેટલી પ્રશંસા કરીએ તેટલી ઓછી છે.

વળી લખાણની ઉત્તમતા સાથે ઉંચા ગ્લેઝ કાગળ, નિર્ણયસાગર પ્રેસની સુંદર છાપ, મનોહર, આકર્ષક, બાઇન્ડીંગ પાકી તથા દળદાર કદ વિગેરે બહારનું ઉત્તમ કામ પણ ગ્રન્થ જોતાંની સાથે ખરીદ કરવાને માટે મનને લલચાવે તેવું છે. આટલી બધી ઉત્તમતા છતાં પણ જ્ઞાનના અર્થે કિંમત માત્ર રૂ. ૨–૦–૦ રાખવામાં આવી છે.

ઠે. રતનપોળ } અમદાવાદ. }

ઇશ્વરલાલ હરજીવનદાસ શાહ.
બુકસેલર એન્ડ જનરલ મર્ચન્ટ.

# શ્રી અધ્યાત્મ જ્ઞાનપ્રસારક મંડળ.

આ મંડળની સ્થાપના નીચેના શુભ નિમથી કરવામાં આવી છે. તેના અધિષ્ટાતા વિદ્વાન યોગનિષ્ઠ મુનિમહારાજ શ્રીમદ્ બુદ્ધિસાગરજી છે કે જેઓની વિદ્વતા, લેખનકળા, કાવ્યશૈલી અને શાસન પ્રતિ અપ્રતિમ સેવાથી અત્યારે જૈન કોમમાં તેમજ સાક્ષર વર્ગમાં કોઇ ભાગ્યેજ અજાણ હશે. તેઓશ્રીની કૃતિનાં પુસ્તકો સંભાવિત સદ્ગૃહસ્થોની સહાયતા મેળવી છપાવવાં અને તે જૈન કોમના લાભાર્થે તદ્દન નજીવી કીંમત રાખી છુટથી તેનો ફેલાવો કરવો અને અધ્યાત્મ જ્ઞાનમાર્ગને જેમ બને તેમ વિસ્તૃત કરવો, તેમજ જૈન ધર્મનાં તત્વો, મંતવ્યો, આચારવિચારો, ઐતિહાસિક બ્યાનો વિગેરેથી જૈન કોમને વાકેફ કરવી, અને કોઇ પણ ધર્મને બાધ આવે નહિ એવી સાદી અને સરલ રીતે દરેક ધર્મનું નિષ્પક્ષપાત બુદ્ધિથી સત્ય રીતે વિવરણ કરી જૈન ધર્મની ઉચ્ચતા સિદ્ધ કરવી તેમજ જૈન વિદ્વાનોને તેમજ પૂજ્યવરોને અગ્ર લાવવા એજ ઉચ્ચ ઉદ્દેશ આ મંડળનો છે. આજ સુધીમાં આ મંડળે ઉક્ત પૂજ્યશ્રીની કૃતિનાં આ સાથે ૨૮ ગ્રન્થો પ્રસિદ્ધ કર્યા છે, અને જેમ જેમ સદ્ગૃહસ્થોની સહાય મળશે તેમ પ્રસિદ્ધ કર્યા જશે એજ તેનો અંતિમ ઉદ્દેશ છે.

આ ઉપરથી સર્વે બંધુઓ જોઇ શક્યા હશે કે આ કેવા ઉત્તમ પ્રકારની આ મંડળ સેવા બજાવી રહ્યું છે. તેના કાર્યવાહી લલ્લુભાઈ કરમચંદ દલાલ વગેરે સદ્ગૃહસ્થ શ્રાવકો છે કે જેઓ વખતે જરૂર પડે પુસ્તક છપાવવા નિમિત્તે પોતાના પદરના પૈસા ખરચી મંડળને મદદરૂપ થાય છે. છેવટ વિજ્ઞપ્તિ છે કે દરેક જૈન બંધુએ આ પરમાર્થ પરાયણ ખાતાને પુસ્તક છપાવવા નિમિત્ત સાહાય્ય થશો.

ઉપાસક.